Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૨૪
તા.૨૮-૦૨-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ ફાગણ સુદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

| | | | | |
|---|---|---|---|---|
| સૂર્યોદય : ૦૭:૦૪ | | સૂર્યાસ્ત : ૦૬:૪૨ | | |
| તાપમાન | ડીસા | ૩૭.૧ | વડોદરા | ૩૭ |
| | અમદાવાદ | ૩૬.૫ | સુરત | ૩૮.૪ |
| | ગાંધીનગર | ૩૫.૫ | નલિયા | ૩૬.૫ |
| ચાંદી : ૩૯,૦૦૦ | | સોનું : ૩૧,૩૦૦ | | |

# સમાજના વંચિતો તરફ ખાસ ધ્યાન અપાયું : રૂપાણી

## ૯૩૯ યુવાનોને છ કરોડની સહાય પુરી પડાઈ : ૩૬૦૦ કરોડ રૂપિયા વંચિત, પીડિત અને શોષિત વર્ગના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે ફાળવાયા : રૂપાણી

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ગુજરાતમાં પછાત, વંચિત, શોષિત, પીડિત દરેક સમાજવર્ગોની આર્થિક-સામાજિક ઉન્નતિ માટે સરકારે બજેટમાં ૩૬૪૧ કરોડ રૂપિયાની માતબર ફાળવણી કરી છે. સબ સમાજ કો લિયે સાથ મેં, આગે હૈં બઢતે જાના એ આ સરકારની નેમ છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમના ઉપક્રમે યોજાયેલા સમારોહમાં ૯૩૯ લાભાર્થીઓને ૬ કરોડ રૂપિયાની વિવિધ સહાયનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીએ ધર્મ-જાતિ-કોમવાદથી દૂર રહી રાષ્ટ્રવાદ-સમાજ ઉન્નતિના માર્ગે આ લોન-સહાય યુવા વર્ગો માટે નવી દિશા આપનારી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વિજય રૂપાણીએ કહ્યું હતું કે, હવેનો સમગ્ર વિશ્વ સાથે કદમ મિલાવી પ્રગતિ વિકાસની તેજ રફતારનો છે ત્યારે, સમાજના વંચિત વર્ગોની યુવાશક્તિ પણ તેની સાથે બરોબરી કરી શકે તેવી સક્ષમ બનાવવા સરાકરે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, શિક્ષણ જ વિકાસનો આધાર છે તેથી સૌ સમાજ વર્ગોમાં શિક્ષણનો વ્યાપ વિસ્તારવા રાજ્ય સરકારે સમરસ છાત્રાલયો, તાલુકે તાલુકે વિજ્ઞાન પ્રવાહ સહિતની શાળાઓ, તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસ સ્કોલરશીપ અને શિષ્યવૃત્તિ સહાય આપીને ચલો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈનો ભાવ સેવ્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, આ સરકાર યુવાશક્તિના કૌશલ્ય વિકાસથી સ્કીલ ડેવલપમેન્ટથી રોજગાર અવસર આપવા પ્રતિબદ્ધ છે. આ સંદર્ભમાં તેમણે આ વર્ષના જેટમાં મુખ્યમંત્રી એપ્રેન્ટી સશીપ યોજના તહેત રૂપિયા ૧૫૦૦થી ૩૦૦૦ આપવા હેતુ ૨૭૨ કોરડની ફાળવણીની ભૂમિકા આપી હતી. આવા એક લાખ યુવાઓને સહાય અપાશે તેવી નેમ તેમણે દર્શાવી હતી. મુખ્યમંત્રીએ નાનાજી દેશમૂખની પૂણ્યતિથિએ યોજાઈ રહેલા આ સહાય વિતરણ કાર્યક્રમને યથોચિત ગણાવતા ઉમેર્યું હતું કે, નાનાજીનો ગ્રામોત્થાન-સ્વાવલંબનનો ભાવ આ સહાય વિતરણમાં અભિપ્રેત છે.

## વિચાર વૈભવ...

### રાતરાણી

રાજસ્થાન રાજ્ય... બાડમેર જિલ્લો.

'નગર' નામનું નાનકડું ગામ...

આ ગામમાં એક પરિવાર રહે, બરમેશા પરિવાર..

જિનેશ્વર પરમાત્માના શાસનને પામેલા આ બરમેશા પરિવારનાં કેટલાક ઘરો પૈકીના એક જેઠમલજી બરમેશા.

એકવાર તેમને એક રાતે સ્વપ્ન આવ્યું.

સ્વપ્નમાં કો'ક ચૈતન્યમૂર્તિએ- શાસનદેવીએ તેમને કહ્યું: 'તમે તીર્થયાત્રાએ જાઓ.. ભાંડવાજી તીર્થે અને ત્યાં અત્યારે પ્રતિષ્ઠા મહોત્સવ ચાલી રહ્યો છે.. તેથી તમે જાઓ અને ત્યાં જઈ ભગવાનના મંદિર પર મુખ્ય કળશ સ્થાપન કરી આવો.'

સવારે ઊઠીને તેમણે પોતાના ભાઈઓ હાજમલજી, રૂગનાથ મલજી અને સૂરજમલજીને વાત કરી. સ્વપ્નને સાકાર કરવાની ભાવના પ્રદર્શિત કરી.

ત્રણે ભાઈઓએ તેમની ઈચ્છા પૂરી કરવા સંમતિ દર્શાવી. અને ચારે ભાઈઓ ઊંટ પર બેસી ભાંડવાજીની જાત્રાએ ઉપડ્યા.

ભાંડવાજી પહોંચીને જોયું તો પ્રતિષ્ઠા મહોત્સવ પૂરબહારમાં ચાલતો હતો.

જેઠમલજીએ પોતાના ભાઈઓ સાથે મસલત કરી કે અહીં આપણું શું ચાલશે? મોટા-મોટા શેઠિયાઓ બેઠા છે અહીં. વળી આ આપણો અજાણ્યો પ્રદેશ.. પરપટ્ટી- અલગ પંથક- જુદો સમાજ... અહીં આપણને ઓળખે કોણ? અને અજાણ્યાને ચઢાવો લેવા દેશે કે કેમ?

અનેક સંકલ્પ વિકલ્પોનાં જાળાં બાઝી ગયા.

પણ મન ભગવાનમાં અનુરક્ત હતું. તેથી તે જાળાંને તોડી નાંખ્યા. મોટાભાઈએ કહ્યું: 'જેણે આપણને અહીં સુધી લાવ્યા છે, તે જ આપણી બાજીને સંભાળશે. આપણાં મનને રાજી રાખશે જ.. આપણી ભાવનાને સાજી અને તાજી રાખશે જ. એ જ આપણો કાજી બનશે.'

અને સૌ સ્વસ્થ બન્યા, આશ્વસ્ત બન્યા.

કળશનો ચડાવો તેમણે લીધો. સભામાં તેમનું નામ જાહેર થયું અને સૌ ચોંક્યા.. કળશ લેનાર માણસ તો પરપટ્ટીનો..

દિયાવટ પટ્ટીના મુરબ્બીઓ ભેગા થયા.. (ભાંડવાજી તીર્થ દિયાવટ પટ્ટીમાં આવે) તેઓ વિચારણાના ચગડોળમાં બેઠા.. નગર તો પરપટ્ટીનું ગામ છે, દિયાવટ પટ્ટીનું નહીં. જ્યારે ભાંડવાજી તીર્થ તો દિયાવટ પટ્ટીમાં આવે અને દિયાવટ પટ્ટીના તીર્થનો કળશ પરપટ્ટીવાળો લઈ જાય? એ તો ન ચાલે.. પણ હવે શું થાય? તેઓ બોલી લઈ ચુકયા હતા, જય તેમના નામે બોલાઈ ચુકી હતી.

તેમણે મસલત કરી જો તેઓ હમણાંને હમણાં અથવા કળશ ચડાવ્યા પૂર્વે પૈસા ભરી દે તો ચડાવો તેમનો. નહીંતર તેમને આ ચડાવો રદ કરવામાં આવશે..

તે લોકોની ગણતરી બરાબરની હતી કે આવડી મોટી રકમ ૧૦૦૦૦ (દસ હજાર) રૂપિયા, તેઓ હમણાંને હમણાં ક્યાંથી ભરી શકવાના. ચડાવો તેમનો કેંસલ થઈ જશે. ફરી ચડાવો બોલાશે અને દિયાવટ પટ્ટીમાં જ જશે. તેમણે બરમેશા પરિવારના ચારે ભાઈઓ આગળ આ વાત મૂકી.

પણ તેમની બધી જ ગણતરીને ધૂળ ભેગી કરી દેતા બરમેશાએ કહ્યું: 'અમે હમણાંને હમણાં જ અબઘડીએ પૈસા ભરવા તૈયાર છીએ.' અમે પૈસા લઈને જ આવ્યા છીએ. ભગવાનની ભક્તિમાં તો ઉધાર ચાલે જ નહીં ને. વળી આ તો અજાણ્યો સંઘ.. અમને કોઈ ઓળખે નહીં.. તેથી અમારે તો સાવધાન જ રહેવું પડે ને!'

તેમણે તરત જ પહેલાં ૧૦૦૦૦ રૂપિયા (૫૦-૫૫ વર્ષ પૂર્વે તો આ બહુ જ મોટી રકમ કહેવાય) ભર્યા અને ત્યારપછી કળશ સ્થાપન કર્યો.

(તા.ક.- કલિકુંડ તીર્થોદ્ધારક પ.પૂ.આ.વિ.રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના નિશ્રામાં તેઓશ્રીની જ પ્રેરણાથી સમેતશિખરજી મહાતીર્થની ગોદમાં 'શ્રી કલિકુંડ તીર્થધામ' મધ્યે નિર્માણ પામેલા ૨૩ જિનાલયોની પ્રતિષ્ઠા પ્રસંગે મુખ્ય કળશ સ્થાપન કરવાનો લાભ પણ બરમેશા પરિવારે જ લીધો હતો.)

- પં.રાજહંસવિજયજી ગણિ

## બટાટાના ખેડૂતોને રાજ્ય સરકારની 'લોલીપોપ'

### ચૂંટણી વખતે જાહેર કરેલ સહાય હજુ ચૂકવી નથી

ડીસા

૨૦૧૭ ના વર્ષમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી હતી. પોષણક્ષમ ભાવના મુદ્દે ખેડૂતો અને વેપારીઓ સરકારથી નારાજ હતા. તેથી તેમને મનાવવા સરકારે શ્રેણીબધ્ધ રાહત પેકેજ જાહેર કર્યા હતા. જેમાં બટાટાની મંદીમાં સપડાયેલા ખેડૂતો અને વેપારીઓ માટે રાજ્ય સરકારે કોલ્ડ સ્ટોરેજમાં પડેલા બટાટાના ભાડા રૂપે

અનુસંધાન પાના નં.૬

ભરત સુંદેશા

### બટાટાના ટેકાના ભાવ જાહેર કરવાની માંગ

બટાટાના ભાવમાં સતત ચાર વર્ષથી મહામંદી પ્રવર્તે છે. ચાલુ વર્ષે પણ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી. આર્થિક સંકડામણના કારણે વેપારીઓ બટાટા ખરીદી શકતા નથી. જેથી ઓછા ભાવે બટાટા વેચવા ખેડૂતો મજબુર બન્યા છે. જેનાથી મૂડીનો દૂર ખર્ચ પણ નીકળતો નથી. ત્યારે રાજ્ય સરકાર મગફળી અને કપાસની જેમ બટાટાના ટેકાના ભાવ જાહેર કરી ખરીદી કરે તેવી ખેડૂત આલમમાં માંગ ઉઠવા પામી છે.

## આખરે નિરવ મોદીના ૧૩૦૦ કરોડના કેસનો થયેલો ખુલાસો

નવીદિલ્હી

પંજાબ નેશનલ બેંકે હિરા કારોબારી નિરવ મોદીના ૧૩૨૨ કરોડ રૂપિયાના વધુ એક કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પીએનબી તરફથી સોમવારના દિવસે મોડી રાત્રે સ્ટોક એક્સચેંજને નિરવ મોદી અને તેના બિઝનેસ પાર્ટનર મેહુલ ચોક્સી તરફથી ૨૦૪ મિલિયન ડોલર અથવા તો ૧૩૨૨ કરોડ રૂપિયાના વધુ એક ફ્રોડના સંદર્ભમાં માહિતી આપવામાં આવી હતી. આ રીતે હજુ સુધી નિરવ મોદી અને તેના મામા મેહુલ ચોક્સીના ફ્રોડનો આંકડો ૧૨૬૦૦ કરોડથી ઉપર પહોંચી ગયો છે. આ પહેલા પીએનબી દ્વારા નિરવ મોદી ઉપર ૧૧૩૦૦ કરોડ રૂપિયાના ફ્રોડનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. નિરવ મોદી તરફથી આ વધારાની ગેરકાયદે લેવડદેવડની કિંમત પીએનબીના વર્ષ ૨૦૧૭ના કુલ આંકડાની બરોબર છે. વર્ષ ૨૦૧૭માં જાહેર ક્ષેત્રની બીજા નંબરની બેંક પીએનબીને ૧૩૨૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો હતો. બેંકની ઓવર્સીસ શાખાને મળેલા નવા લેટર ઓફ અન્ડરટેકિંગ બાદ આ અંગેનો ખુલાસો કરવામાં આવ્યો છે. પીએનબીએ પોતાની ફાઈલિંગમાં સ્ટોક એક્સચેંજને કહ્યું છે કે, અમે આ દર્શાવવા માંગીએ છીએ કે, ગેરકાયદે કારોબારનો આંકડો ૨૦૪ મિલિયન ડોલર અથવા તો ૧૨૬૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. એક અન્ય ફાઈલિંગમાં પીએનબીએ આ બાબતને નકારી કાઢી છે કે, આ પ્રકારના ફ્રોડમાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે સરકાર તરફથી પરવાનગી માંગવામાં આવી છે.

### વધુ એક વેપારીના આપઘાતથી ગમગીની છવાઈ

## ડીસાના બટાટાના વેપારીએ ઝેરી દવા પી જીવનદોરી ટૂંકાવી

ભરત સુંદેશા

ડીસા

ડીસા તાલુકાના માલગઢ ગામના અને બટાટાના વ્યવસાય સાથે સંકળાયેલા અગ્રણી વેપારીએ આર્થિક ભીંસથી કંટાળી આખરે રાજસ્થાનની હોટલમાં ઝેરી દવા પી જીવન દોરી ટૂંકાવી દીધી હતી. માલગઢ ગામના અગ્રણી વેપારી તુલસીદાસ હકમાજી માળી બટાટાની ખેતી અને કોલ્ડ સ્ટોરેજ ધરાવે છે. પરંતુ બટાટાના ભાવમાં છેલ્લા ઘણા સમયથી પ્રવર્તતી મહામંદીના કારણે આર્થિક સંકડામણ ભોગવતા હતા. બટાટાની ખેતી અને વેપારમાં વ્યાપક આર્થિક નુકશાનના કારણે તેમના ઉપર કરોડોનું દેવું થઈ ગયું હતું. બીજી બાજુ, ઉઘરાણીથી પણ તેઓ ત્રસ્ત હતા.

અનુસંધાન પાના નં.૬

### મૃતક પાસેથી 'સ્યુસાઈડ નોટ' મળી

પોલીસને મૃતક પાસેથી સ્વ હસ્તાક્ષરમાં લખેલી 'સ્યુસાઈડ નોટ' મળી આવી હતી. જેમાં કેટલાક માળી, રબારી અને અન્ય સમાજના અગ્રણી વેપારીઓના નામ લખેલ છે. તેમજ કેટલાક વેપારીઓ તેમને અને તેમના પુત્રને મારી નાંખવાની ધમકી આપતા હતા તેમનો પણ નામજોગ ઉલ્લેખ છે. તથા કેટલાક હિસાબોનો પણ તેમણે ઉલ્લેખ કરેલ છે.

### આપઘાતનો ૧૫મો બનાવ

૨૦૧૧ ના વર્ષથી બટાટાના ભાવમાં સતત મહામંદી પ્રવર્તી રહી છે. જેના કારણે આર્થિક ખેંચ અનુભવતા કેટલાક વેપારી અને ખેડૂતો આપઘાત કરી ચૂક્યા છે. સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં ૧૫ જેટલા વેપારી અને ખેડૂતો અકાળે આપઘાત કરી ફાની દુનિયાને અલવિદા કરી દીધી છે. તેમ છતાં સરકાર તરફથી નક્કર સહાય ચૂકવાતી નથી. તેથી આપઘાતનો આંક વધવાની શક્યતા છે.

## સિંગલ જીએસટી રેટ હાલ યોગ્ય નહીં રહે : જેટલી

નવીદિલ્હી

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, જુદા જુદા વિરોધ પક્ષો અને કેટલાક નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલી માંગ મુજબ હાલના સમયમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) માટે સિંગલ રેટ શક્ય નથી. તેમણે કહ્યું હતું કે, જીએસટીની વ્યવસ્થાને વધુને વધુ સરળ બનાવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જીએસટી કાઉન્સિલની બેઠકમાં આજ કારણસર કરવામાં આવેલી માંગ મુજબ વારંવાર ફેરફાર કરવામાં આવી રહ્યા છે. નવી વ્યવસ્તા આવવાના કારણે ધીમે ધીમે સુધારા પણ થઈ રહ્યા છે. દેશના સૌથી મોટા ટેક્સ માળખાને અમલી બનાવી દેવામાં આવ્યા બાદથી જીએસટી કાઉન્સિલે અનેક વખત ધારાધોરણોને વધુ સરળ બનાવ્યા છે. સામાન્ય લોકો અને કારોબારીઓની ફરિયાદોને દૂર કરવા જીએસટી વ્યવસ્થાને વધુ લોકલક્ષી બનાવવામાં આવી રહી છે. જેટલીએ ઉમેર્યું હતું કે, બેંકિંગ ફ્રોડના સંદર્ભમાં દોષિતોને કોઇ કિંમતે છોડવામાં આવશે નહીં. પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, ઓરિયેન્ટલ બેંક ઓફ કોમર્સમાં થયેલા બેંકિંગ કૌભાંડના સંદર્ભમાં જેટલીએ પોતાના અભિપ્રાય આપ્યા હતા. નાણામંત્રી કહ્યું હતું કે, છેલ્લા થોડાક વર્ષોમાં આ પ્રકારના કેટલાક બનાવોના કારણે બેંકો સાવધાન રહે તે જરૂરી છે. તેમના ક્લાઈન્ટોના ઈશારે જંગી નાણાની છેતરપિંડી કરવામાં આવી ચુકી છે પરંતુ દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવશે.

## ઊંઝામાં ધોળા દિવસે પોણા બે લાખ ભરેલા થેલાની ઉઠાંતરી

### કચ્છના રાપર તાલુકાનો ખેડૂત ઊંઝામાં લૂંટાયો

ઊંઝા

વેપારી મથક ઊંઝા ખાતે શહેરના મુખ્ય રાજમાર્ગ પર આવેલ નવા ગંજ બજારના દરવાજા પાસે છોટાહાથીમાં પડેલ કચ્છના ખેડુતના પોણા બે લાખ રૂપિયા ભરેલ થેલીની ધોળા દિવસે કોઈ ગઠિયાઓ આબાદ ઉઠાંતરી કરીને ક્યાંક ફરાર થઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનેલ છે.

જાણવા મળ્યા મુજબ ઊંઝા માર્કેટયાર્ડમાં સિઝન ચાલતી હોઈ ગુજરાત અને રાજસ્થાન માંથી ખેડુતો પોતાની ખેત ઉપજના માલો વેચવા માટે ઊંઝા આવી રહ્યા છે. ત્યારે કચ્છના રાપર તાલુકાના ગામમાંથી કેટલાક ખેડુતો છોટા હાથીમા જીરૂ ભરીને ઊંઝા માર્કેટયાર્ડમાં વેચાણ કરવા માટે આવ્યા હતા. રવિપાક વેચીને રોકડાં નાણા થેલીમાં છોટા હાથી વાહનના કેબિનમાં મુકીને તેઓ નવા ગંજ બજારના નાકે ખાટલા ખરીદ કરી રહ્યા હતા. ત્યારે ખેડુતોની નજર ચુકવીને કોઈ ગઠિયાઓ ધોળા દિવસે સાંજના સમયે છોટા હાથીમાં પડેલ રૂપિયા પોણા બે લાખની રોકડ રકમ ભરેલ થેલીની આબાદ રીતે ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. કહે છે કે નવા ગંજ બજારના નાકે લગાવેલ સી.સી.ટી.વી. તેમજ નજીકની એક દુકાનના સી.સી.ટી. વી.કેમેરામાં ખેડુતના રૂપિયાની ચોરી કરનાર ત્રણેક શખ્સો કેદ થઈ ગયા છે. જો કે સ્થાનિક પોલીસ મથકે આ બાબતે કોણ જાણે કેમ કોઈ ફરિયાદ નોંધાયેલ નથી. ઊંઝા શહેર અને તેની આસપાસના વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂધ્ધના, વાહન ચોરીના ગુનાઓ તેમજ સમાજ વિરોધી બદીઓનું પ્રમાણ વધી જતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ છે. નવાઈની વાત તો એ છે કે, પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ ચુપચાપ બનીને બેઠા છે. તેઓને જાણે પ્રજાના દુઃખ, દર્દ, સમસ્યાઓની કંઈ જ પડી ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

## પાલનપુર પંથકમાં શંકાસ્પદ સ્વાઈનફ્લૂનો કેસ મળી આવતા ચકચાર

સંજય જોષી

### શંકાસ્પદ કેસને અમદાવાદ રીફર કરાયો

પાલનપુર

પાલનપુર પંથકમાં શંકાસ્પદ સ્વાઈનફલૂનો કેસ મળી આવ્યો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયો હતો. પ્રાપ્ત વિગત મુજબ, પાલનપુર તાલુકાના જસલેણી ગામની ૬૦ વર્ષીય વૃદ્ધાને શંકાસ્પદ સ્વાઈનફ્લૂ હોવાનું જણાવી પાલનપુરની ખાનગી હોસ્પિટલના તબીબે પાલનપુર સિવિલમાં મોકલ્યા હતા. જ્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયા હોવાના અહેવાલ વચ્ચે ઉનાળાના પ્રારંભે સ્વાઈનફ્લૂએ દેખા દેતા ચકચાર મચી જવા પામી છે.

## હાઈપ્રોફાઈલ શ્રીદેવી મોત કેસ અંતે બંધ : બધા સસ્પેન્સ ખતમ

### આજે મોટી સંખ્યામાં સેલિબ્રીટીઓ અને ચાહકો વચ્ચે અંતિમસંસ્કાર

મુંબઈ

છેલ્લા ત્રણ દિવસથી ભારે ચર્ચા જગાવનાર હાઈપ્રોફાઈલ શ્રીદેવી મૃત્યુ કેસને હવે દુબઈ પોલીસે ઉંડી તપાસ બાદ બંધ કરી દીધો છે. શ્રીદેવીના શનિવારના દિવસે મોત થયા બાદથી આ મામલામાં જુદી જુદી થિયરી સપાટી ઉપર આવી રહી હતી. પહેલી થિયરીમાં જણાવવામાં આવ્યું હતું કે, શ્રીદેવીનું મોત કાર્ડિયેક અરેસ્ટમાં થયું છે. ત્યારબાદ બીજી થિયરી સપાટી ઉપર આવી હતી જે વધારે ચોંકાવનારી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી શ્રીદેવી પોતાના અમીરાત હોટલ રુમમાં શરાબના નશામાં સંતુલન ગુમાવ્યા બાદ બાથટબમાં પડી ગઈ હતી અને એક્સીડેન્ટલ ડ્રાઉનિંગ અથવા તો આકસ્મિકરીતે ડુબી જવાથી તેનું મોત થઇ ગયું હતું. જો કે, ત્યારબાદ પણ સંતુષ્ટ તપાસ અધિકારીઓ ન થતાં સીસીટીવી અને અન્ય એંગલથી પણ તપાસ કરવામાં આવી હતી. શ્રીદેવીના પરિવારના સભ્યો અને હોટલના સ્ટાફની પુછપરછ થઇ હતી. આખરે ઉંડી તપાસનો દોર શનિવારથી ચાલ્યા બાદ હવે પૂર્ણ થઇ ચુક્યો છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

વિદ્યાર્થીઓ માટે, શિક્ષકો માટે સૌના માટે
હવે ખુલશે ખુશીઓનો ખજાનો...

## સૂર્યોદય - ૭.૦૪ સૂર્યાસ્ત - ૬.૪૨

## તિથિદર્શન

ફાગણ સુદ-૧૪ બુધવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ફાગણ સુદ :ચૌદસ બુધવાર નક્ષત્રઃ આશ્લેષા રાત્રે ૧.૪૫ પછી મઘા યોગ : શોભન કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) રાત્રે ૧.૪૫ પછી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

### કિં કૂરં સ્ત્રી હૃદયં કિં ગૃહિણઃપ્રિય હિતાય દારગુણાઃ
### કઃ કામઃ સંકલ્પઃ કિં દુષ્કર સાધનં પ્રજ્ઞા

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક પ્રશ્નોત્તરી સ્વરૂપે છેઃ

પ્ર- આ જગતમાં સૌથી ક્રૂર શું છે?

ઉ- સ્ત્રીનું હૃદય.

પ્ર- ગૃહસ્થ- સંસારીજનને સૌથી પ્રિય અને હિતકર સાથે આનંદદાયક શું છે?

ઉ- પોતાની પ્રિય પત્નીના સદ્ગુણો.

પ્ર- કામ- કામના -ઉત્કટ ઈચ્છા કોને ગણી શકાય?

ઉ- મનમાં નિશ્ચયપૂર્વક જાગેલા સંકલ્પને.

પ્ર- ખૂબ પ્રયત્ન પછી, મુશ્કેલીથી પ્રાપ્ત થઈ શકે એવું સાધન કયું?

ઉ- સાચી બુદ્ધિ- સત્ય- નિષ્ઠાપૂર્વકની નિર્ણયશક્તિ.

સ્ત્રી જેટલી કોમળ- નાજુક દેખાય છે એટલું જ કઠોર- સખત એનું હૃદય હોય છે. દુઃખ, આપત્તિ, આઘાત એ પુરુષ કરતાં પણ વિશેષ સહન કરી શકે અને એ ધારે તો વજ્રથી પણ વધારે કઠોરતા સાથે આઘાત આપનારી પણ થઈ શકે છે.

સ્ત્રી (પત્ની) જો સદ્ગુણી- અનુકૂલન સાધનારી- સહનશીલ અને વિનય - વિવેક સાથે પ્રેમાળ હોય તો પતિને 'સ્વર્ગ' સંપન્ન થયું હોય એમ લાગે છે.

નિશ્ચિત 'સંકલ્પ' પર મક્કમ રહેવાથી જ જિંદગી નિયમિત - જીવન જીવવા લાયક આનંદમાં ઉત્સાહિત રહે છે. પૈસાથી બધું મળે પણ પ્રેમ અને બુદ્ધિ મળતાં નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ :** **(અ.લ.ઈ.) લાભની તક સાંપડે. આર્થિક પ્રગતિજનક દિવસ વ્યતિત થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.)પ્રિયજનથી મિલન થાય. વ્યાપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે.**

**મિથુન : (ક.છ.ઘ.)કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.**

**કર્ક : (ડ.હ.)ધીરજ રાખવી હિતાવહ છે. નાણાંકીય લાભ થાય.**

**સિંહ : (મ.ટ.)યાત્રા-પ્રવાસમાં વધારો થાય. મહેનતનું શુભ ફળ મેળવી શકશો.**

**કન્યા : (પ.ઠ.ણ.)મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.**

**તુલા : (ર.ત.) ધીરજના ફળ મીઠા મળે. પરેશાની-તકલીફમાં વધારો થાય.**

**વૃશ્ચિક : (ન.ય.)આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં દુઃખ, વ્યથા અનુભવાય.**

**ધન : (ભ.ફ.ધ.) શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરવો. અપયશના ભાગીદાર બનવું પડે.**

**મકર : (ખ.જ.)મનમાં અશાંતિ રહે. ગૃહજીવનમાં ચકમક ઝરે.**

**કુંભ : (ગ.શ.સ.)મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.**

**મીન : (દ.ચ.જ.થ.)વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

અત્યંત સુંદર છતાં સાવ સાદા, સ્વાતંત્ર્યની ચળવળના નીડર સત્યાગ્રહી બનીને 'પિકેટિંગ' કરનારા, આપણા લોકલાડીલા વડા પ્રધાન જવાહરલાલ નેહરૂના ધર્મપત્ની શ્રીમતી કમલા નેહરૂની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ૧-૮-૧૮૯૯ના રોજ થયો હતો.

શ્રીમતી કમલા નેહરૂ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિના સભ્ય હતાં અને વર્ષો સુધી, યુરોપ સારવાર અર્થે ગયાં ત્યાં સુધી કાર્યરત રહ્યાં. તેઓ તા.૨૮-૨-૧૯૩૬ ના રોજ ૩૭ વર્ષની યુવાન વયે અવસાન પામ્યા.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા સબૂર.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૨૮.૦૨.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૨૭.૦૨.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૬૪ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૧૦૬૧૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૩૩ પોઈન્ટ થી ૧૦૫૧૭ પોઈન્ટ, ૧૦૫૦૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૦૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૨૭.૦૨.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૪૧૧ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૭૦૭ પોઈન્ટના પ્રથમ અને ૨૫૭૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૩૬૩ પોઈન્ટ થી ૨૫૩૦૩ પોઈન્ટ, ૨૫૨૫૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૨૫૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૮૨) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૪૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૯૭ થી રૂ.૧૭૦૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૧૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**લાર્સન (૧૩૩૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૧૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૩૦૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૫૩ થી રૂ.૧૩૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**HCL ટેકનોલોજી (૯૫૭) :- રૂ.૯૩૦ નો પ્રથમ તેમજ રૂ.૯૧૯ ના બીજા સપોર્ટથી ટેકનોલોજી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૬૯ થી રૂ.૯૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**બાયોકોન લિમિટેડ (૬૨૧) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૩૩ થી રૂ.૬૪૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૬૧૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એક્સીસ બેન્ક (૫૪૦) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૨૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્કિંગ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૫૩ થી રૂ.૫૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC બેન્ક (૧૮૯૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્કીંગ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૯૧૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૮૨ થી રૂ.૧૮૭૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૯૩૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ડીવીસ લેબ (૧૦૪૧) :- રૂ.૧૦૬૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૭૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૨૭ થી રૂ.૧૦૨૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૭૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**મહિન્દ્રા & મહિન્દ્રા (૭૪૦) :- ઓટો સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૭૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૨૭ થી રૂ.૭૧૯ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**સન ફાર્મા (૫૪૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ સ્ટોક રૂ.૫૬૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૩૩ થી રૂ.૫૨૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૭૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા મોટર્સ (૩૭૪) :- રૂ.૩૯૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૯૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ઓટો સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૬૪ થી રૂ.૩૫૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૦૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **WWW.INVESTMENTPOINT.IN** ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

# સિધ્ધપુરમાં સદગુરૂ પુણ્યતિથિ મહોત્સવ અને એવોર્ડ વિતરણ કાર્યક્રમનું આયોજન

### પાદૂકા પૂજન , દત્તયાગ, શોભાયાત્રા, સન્માન અને ભજન કિર્તનમા ભાવિકો ભાગ લેશે

વડોદરા

ઉત્તર ગુજરાતના સિધ્ધપુરખાતે સદગુરૂ પુજ્ય શ્રી ચંન્દ્રકાન્ત અમૃતરાવ પાઠક ( ચંદુ ગુરૂ )ની ૬ઠ્ઠી પુણ્ય તિથિ નિમિત્તે પાદૂકા પૂજન , દત્તયાગ, શોભાયાત્રા, સન્માન - એવોર્ડ વિતરણ અને ભજન કિર્તન સહિતના બે દિવસિય કાર્યક્રમનું આયોજન તા.૭ અને ૮મી માર્ચ દરમ્યાન કરવામા આવ્યુ છે.આ મહોત્સવમા દેશ- વિદેશના ભાવિકો ભાગ લેશેએ માટેની તૈયારીઓ ચાલી રહી છે.

ઉત્તર ગુજરાતના સિધ્ધપુર સ્થિત સદગુરૂ પુજ્ય શ્રી ચંન્દ્રકાન્ત અમૃતરાવ પાઠક ( ચંદુ ગુરૂ )નુ સમાધિ મંદિર બાવાજીની વાડી, પ્રાચી સરસ્વતી કિનારો, મોક્ષ પીપળો ખાતે આવેલું છે.આ મંદિરખાતે ૬ઠ્ઠી પુણ્ય તિથિ નિમિત્તે પાદૂકા પૂજન , દત્તયાગ, શોભાયાત્રા, સન્માન - એવોર્ડ વિતરણ અને ભજન કિર્તન સહિત બે દિવસિય કાર્યક્રમનું આયોજન થયુ છે.એ મુજબ કાર્યક્રમનો પ્રારંભ તા. ૭ ને બુધવારે વડોદરા જિલ્લાના ચિત્રાલ ગામે સૂફી સંત સાગરના ભજન ના કાર્યક્રમ રાતે ૮:૩૦ કલાકે સુમિરન સંધ્યાથી થશે. જયારે તા.૮ને ગુરૂવારે સિધ્ધપુરખાતે નર્મદા જિલ્લાના ગરૂડેશ્વરના સ્વામી શ્રી વાસુદેવાનંદ સરસ્વતી ( મૂર્તિ ),સદગુરુ દેવશંકરબાપાના અનુયાયી વિક્રમભાઈ પંચોલી, વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના નારેશ્વરના સર્વદભન શાસ્ત્રી અને ચિત્રાલના સૂફી સંત સાગર મહારાજના અનુયાયી કશ્યપ જાની પોતાના ગુરૂજનોની પાદૂકા સાથે ઉપસ્થિત રહેશે.એમની પ્રેરક હાજરીમા ગુરુવારે સિધ્ધપુરના મંડી બજાર રણછોડજી મંદિરથી સવારે ૯ કલાકે પાદૂકા શોભાયાત્રા વાજતે ગાજતે નીકળશે.જે સમાધિ મંદિરે પહોંચ્યા બાદ ૧૦ વાગ્યે પાદૂકાનુ પૂજન થશે.

જયારે સાંજે ૫:૩૦ કલાકે વેરાવળની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ભારતીય ઈતિહાસ સંકલન યોજનાના રા.અધ્યક્ષ , વિધાવાચસ્પતિ ડો.શ્રી ગીરીશ ઈ.ઠાકર,વેદ-વેદાંત,ન્યાય શાસ્ત્રના જ્ઞાતા , બ્રહ્મર્ષિ એવોર્ડ વિજેતા લક્ષ્મેશ વ.જોષી અને એમ.એ.સંસ્કૃત,કર્મકાંડ ,તંત્ર વિશારદ હરેશ ર.આચાર્ય સહિતના બહુશ્રુત વિદ્વાનોનું ૐ સદગુરૂ ૐ એવોર્ડ દ્વારા સન્માન બાદ સાંજે ૬ વાગ્યે દત્તયાગની પુર્ણાહુતિ પછી મહાપ્રસાદનુ આયોજન કરવામા આવ્યુ છે.એમ ઓમાનથી ધર્મેન્દ્ર દવેએ માહિતી આપી હતી. આ કાર્યક્રમમા દેશ-વિદેશના ભાવિક ભક્તો ભાગ લેવાના હોય સિધ્ધપુરમા પરશુરામ શુક્લ,જીજ્ઞા દવે અને ચિરાગ પાધ્યા સહિતના કાર્યકરો દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

# નાંદોત્રા ઠાકોરવાસ ખાતે વાનગી સ્પર્ધા યોજાઈ

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના નોદોત્રા ઠા. વાસ ગામની આંગણવાડીમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત પોષ્ટીક વાનગી હરીફાઈનું આયોજન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર. વાઘરોલની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માંથી આઈ.બી.પરમાર, ટી.જી.પરમાર, વિજયભાઈ તથા કે.આર.ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગામની ગૃહિણીઓ દ્વારા વિવિધ વાનગીઓ બનાવી હતી. જેમાંથી પ્રથમ, દ્વીતીય અને તૃતિયને યોગ્ય ઈનામ આપવામાં આવેલ હતુ. આ કાર્યક્રમમાં ગાયત્રીબેન જોષી, મધુબેન શારદાબેન તથા વિજયાબેન તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# રવિયાણા શાળામાં તિથિભોજન અપાયું

મહાદેવ પરમાર

પ્રતિ. રવિયાણા

કાંકરેજ તાલુકાની રવિયાણા પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા પટેલ ભરતકુમાર નાથાલાલના પરિવાર દ્વારા ટોપરાપાક, પુરીશાક, દાળભાત અને છાશ સાથેનું સ્વાદષ્ટિ ભોજન તેમના પિતાજી નાથાલાલ પટેલની તિથિ નિમિત્તે આપવામાં આવેલ. આ પ્રસંગે શાળાના તમામ બાળકો તથા આચાર્ય જીવરાજભાઈ પટેલ, શાળા પરિવાર તથા સંચાલક, રસોયા અને મદદનીશ હાજર રહી બાળકોને ભાવભોજન આપવામાં આવેલ.

# ધાનેરાની શ્રી સૂર્યોદય સ્કૂલ ઓફ સાયન્સનું ગૌરવ

એન.કે.મોદી

પ્રતિ. ધાનેરા

જામનગર, ધ્રોલ ખાતે મહિલા વિજ્ઞાન-મેળો ગુજરાત રાજ્ય કક્ષાનો તારીખ ૨૪/૨૫- ફેબ્રુઆરીએ યોજાયો હતો. જેમાં જુદાં-જુદાં જિલ્લા કક્ષાનાં મોડેલ (કૃતિ) ઓ રજૂ થયા હતા. જેમાં લગભગ ૩૦૦ મોડેલ્સનું પ્રદર્શન હતું. આ મેળામાં મોડેલ્સનું નિરીક્ષણ કરવાવાળા રાષ્ટ્રિય કક્ષાનાં નિર્ણાયકો હતા. જેમાં બનાસકાંઠા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરનાર શાળા શ્રી સૂર્યોદય સ્કૂતિ ઓફ સાયન્સની ધોરણ-૧૧ સાયન્સની વિદ્યાર્થીઓનું મોડેલ તથાં રજૂઆત બહુ જ પસંદ આવી હતી. જેમાં બનાસકાંઠા જિલ્લાનો રાજ્યમાં બીજો નંબર મળ્યો. આથી ગોલ્ડ મેડલથી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવી. આ માટે શ્રી સર્વોદય સ્કૂલનાં આચાર્ય રૂપાભાઈ પટેલ તથાં સાયન્સના આચાર્ય સુરેશભાઈ ચૌધરીને નગરજનોએ બિરદાવ્યા હતાં.

# ડીસા ડી.એન.પી.ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે જળ એજ જીવન વિશે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ડીસા

ડીસામાં ડી.એન.પી.ગર્લ્સ હાઈસ્કૂલ પ્રા.વિભાગ ખાતે કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા તથા લાયન્સ કલબ ડીસાના સંયુક્ત ઉપક્રમે જળ એજ જીવન ચિત્ર સ્પર્ધાનું ચિત્ર શિક્ષક જગદીશભાઈ વાઘેલા તથા ચંદુભાઈ (એટીડી) દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું જે પ્રસંગે ચી.હં.દોશી તથા ડી.એન. પી.ગર્લ્સ પ્રા.વિભાગના લગભગ પચાસ જેટલા બાળકોએ આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો. દરેક બાળકોને ડ્રોઈંગ પેપર આપવામાં આવ્યા તેમજ બાળકોએ પોતાની આગવી શૈલીમાં સ્કેચપેન - મીણીયા રંગો તથા વોટર કલરથી જળ એજ જીવન - પાણી બચાવો - સેવ ધ વોટર જેવા આબેહૂબ ચિત્રો તૈયાર કરી રંગો ભર્યો જેમાં પ્રથમ ક્રમે પરમાર વનિતા (ડી.એન.પી. ગર્લ્સ પ્રા.વિભાગ) દ્રિતીય ક્રમે લુહાર કવિતા તેમજ તૃતીય ક્રમે સાધુ પ્રિયંકા (ચી.હં.દોશી. પ્રા.વિભાગ ડીસા) જે બાળાઓને લાયન્સ પ્રમુખ હિતેશભાઈ સોની, અશોકભાઈ પઢિયાર (ચેરમેન - શિક્ષણ સમિતિ નગરપાલિકા - ડીસા) દીપકભાઈ પઢિયાર (કોપોરેટર - ડીસા) તથા શાળાના આચાર્ય દિનેશભાઈ સાંખલા જેઓ દ્વારા વિજેતા બાળકોને સીલ્વર મેડલ- ગોલ્ડન મેડલ તથા બ્રોન્ઝ મેડલ તેમજ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ ચંદુભાઈ એ.ટી.ડી દ્વારા દીકરી દેવો ભવઃ ચિત્ર મોમેન્ટો આપી અશોકભાઈ પઢિયાર, દીનેશભાઈ સાંખલા તથા ચિત્ર શિક્ષક જગદીશભાઈ વાઘેલાનું વિશિષ્ટ સન્માન કરાયું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય દિનેશભાઈ સાંખલાએ આ કાર્યક્રમ શાળામાં યોજવા તેમજ સન્માન કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. ભાગ લેનાર દરેક સ્પર્ધકને બોલપેન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિશેષ આભારવિધિ શાળાના ઉત્સાહી શિક્ષક રમેશભાઈ દેસાઈ તથા શાળા પરિવારે કાર્યક્રમને શોભાવ્યો હતો.

# રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૮થી પણ ઉપર પહોંચી ગયો

અમદાવાદ

આજે પણ રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૮થી ઉપર પહોંચ્યો હતો. પંખા અને એસીના ઉપયોગ સતત વધી રહ્યા છે. આગામી દિવસોમાં પંખા અને એસીના બજારમાં તેજી આવવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૮ ઉપર પહોંચી ગયો હતો તેમાં પોરબંદર, અમરેલી, સુરત, દિવ, મહુવા, ભુજનો સમાવેશ થાય છે. અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મિશ્ર સિઝન વચ્ચે હવે ગરમીનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. તમામ જગ્યાઓ ઉપર હવે પંખા અને એસીનો ઉપયોગ થવા લાગી ગયો છે. હાલમાં નિચલી સપાટી ઉપર ઉત્તર-પશ્ચિમી પવાનો ફુકાઈ રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, લઘુત્તમ તાપમાનમાં આગામી બે દિવસ દરમ્યાન કોઈ ફેરફાર થાય તેવી શક્યતા ઓછી છે. બીજી બાજુ ગાંધીનગરમાં આજે પારો લઘુત્તમ તાપમાનમાં ૧૮ અને મહત્તમ તાપમાનમાં ૩૫.૫ ડિગ્રી સુધી રહ્યો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૫.૬ અને મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી નોંધાયુ ગયુ હતું.

# કોતરવાડા ગોગ મહારાજના મંદિરે સંતવાણી યોજાઈ

નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના કોતરવાડા ગામે ગોગ મહારાજના ધામે ભુવાજી ભોમાજી ઠાકોરે હોળી- ધુળેટી નિમિત્તે સંતવાણી કાર્યક્રમનું આયોજન કરેલ આ કાર્યક્રમમાં શાન્તીબા ભગત, અભેસિંહ ભગત, જોગાજી તબલાવાદક, લેરાજી ભગત, રજાજી ભગત, રમેશજી ઠાકોર તબલાવાદક ધુમસીજી ઠાકોર, કાળાજી ઠાકોર વગેરે બહોળી સંખ્યામાં ભગતજનો ભેગા મળીને હોળી- ધુળેટીના તહેવારને લઈને ભજન સંતવાણી કાર્યક્રમ રાખીને ખજુર ધાણીનો પ્રસાદ લઈને ઉજવણી કરવામાં આવી હતી.

# સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ડીસા

ગત તારીખ ૨૪/૨/૨૦૧૮ ના શનિવારે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ડીસાના ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાન્ત સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ફા.જોન પીટર દ્વારા મુખ્ય મહેમાન નાથાલાલ બ્રહ્મક્ષત્રિયનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ હેરુવાલ કિંજલ, ચૌહાણ નાઝીફા અને ભીલ સંજયે શાળામાં થયેલ અનુભવો અને શિક્ષકોના ઋણ સ્વિકાર કરતા ભાવુક વકતવ્ય આપ્યા હતા. શાળાના શિક્ષકો ભરતભાઈ ખાડેલીયા અને મુકેશભાઈ કચ્છવાએ વિદ્યાર્થીઓને જીવનોપયોગી બને તેવા પ્રેરણાદાયી પ્રસંગો થકી તણાવમુકત પરીક્ષા માટે માર્ગદર્શન આપ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા વિદાય ગીત રજૂ કરવામાં આવ્યું હતું. સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત આજીવન શિક્ષક એવા નાથાલાલ બ્રહ્મક્ષત્રિયે વિદ્યાર્થીઓને હૃદયસ્પર્શી માર્ગદર્શન આપ્યું અને આજીવન આદર્શ વિદ્યાર્થી- નાગરિક બની રહેવા હાકલ કરી હતી. શાળાના આચાર્ય ફા.એ.જોન પિટરે વિદ્યાર્થીઓને સફળતા માટે શુભકામનાઓ પાઠવી અને આભારવિધિ કરી હતી.કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના સંનિષ્ઠ શિક્ષક સંજયભાઈએ કર્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને પુષ્પ,બોલપેન અને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

# "યુનિવર્સિટી કક્ષાનો શ્રેષ્ઠ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ ડીસા કોલેજના ફાળે"

ડીસા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન ઉત્તર ગુજરાત વિસ્તારની કોલેજોમાં એન.એસ.એસ.યુનિટોના પ્રોગ્રામ ઓફિસરમાંથી યુનિવર્સિટી કક્ષાએ વર્ષ ૨૦૧૬-૨૦૧૭ ના શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર તરીકે ડીસાની ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર ડૉ.ભાનુભાઈ એમ. પટેલની પસંદગી કરવામાં આવી છે.

ડૉ.ભાનુભાઈ એમ. પટેલને તા. ૨૨/૨/૨૦૧૮ ના રોજ પાટણ યુનિવર્સિટી ઓડિટોરિયમ સભાગૃહમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કોલેજોના આચાર્યો અને એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર્સોની ઉપસ્થિતિમાં ગુજરાત રાજય એન.એસ.એસ. ક્ષત્રિય ડાયરેક્ટર ડૉ.કમલકુમારકર, યુનિવર્સિટી પ્રોગ્રામ કો ઓર્ડિનેટર ડૉ.જે.ડી ડામાર, કુલ સચિવ ડૉ.ડી.એમ. પટેલ દ્વારા શ્રેષ્ઠ એન.એસ.એસ, પ્રોગ્રામ ઓફિસર તરીકે પ્રમાણપત્ર, શાલ અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત રાજયના એન.એસ.એસ. ક્ષેત્રિય ડાયરેક્ટર ડૉ.કમલકુમારકરે ડીસા કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવતી શૈક્ષણિક, સામાજિક, સેવાકીય, આરોગ્યલક્ષી , લોકજાગૃતિની પ્રવૃત્તિઓની પ્રશંસા કરી ડૉ.ભાનુભાઈ પટેલને બિરદાવ્યા હતા.

# દીઓદરનું ગૌરવ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર પ્રા.શાળા નં.૧ના આચાર્ય રસીકલાલ કે.ત્રિવેદીની સુપુત્રી ઝલકે તાજેતરમાં લેવાયેલી ડીસેમ્બર-૨૦૧૭માં લેવાયેલી સી.પી.ટી.ની પરીક્ષામાં ૭૭ ટકા સાથે ઉતિર્ણ થયેલ છે.જે સમાજ તથા પરિવારનું ગૌરવ વધારેલ છે.

# દાંતા અને અમીરગઢ તાલુકાઓનો ''દૂધ દિન ઉજવણી અને મહિલા જાગૃતિ કાર્યક્રમ'' યોજાયો

## ગુણવત્તાયુક્ત દૂધ ડેરીમાં ભરાવીને પવિત્ર કામ કરીએ : શંકરભાઈ ચૌધરી

પાલનપુર

ગુજરાત કો. ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને બનાસ ડેરીના સયુંક્ત ઉપક્રમે દાંતા-અમીરગઢ દૂધ દિન ઉજવણી અને મહિલા જાગૃતિ કાર્યક્રમ દૂધ શીત કેન્દ્ર દાંતા ખાતે બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે દૂધ ઉત્પાદક બહેનોને સંબોધતા ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે છેલ્લા ૫૦ વર્ષમાં દૂધના ભાવ ચૂકવી શક્યા નથી એટલા આ વર્ષે દૂધના સારા ભાવ ચૂકવવામાં આવેલ છે. આવનારા સમયમાં દૂધ ઉત્પાદકોને દૂધના સારા ભાવ મળી રહે તે માટે બનાસ ડેરી દ્વારા આગોતરું આયોજન કરીને વધુમાં વધુ દૂધના ભાવ ચુકવવાની વ્યવસ્થા કરી છે. બનાસ ડેરી દ્વારા પ્રતિ કિલો ફેટે દૂધના સૌથી વધુ ભાવ ચૂકવવામાં આવતા હોવાથી બનાસકાંઠા જિલ્લા સિવાયના લોકો દૂધ ભરાવી જાય છે તેઓને અટકાવવા જરૂરી છે. બનાસ ડેરી દ્વારા અન્ય સંઘો કરતા ઓછા ભાવે ગુણવત્તાયુક્ત બનાસ દાણ પૂરું પાડવામાં આવે છે તેના લીધે પશુપાલકોને આર્થિક રીતે ખૂબ જ ફાયદો જોવા મળી રહ્યો છે.

તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે છેલ્લા બે વર્ષમાં ડેરી દ્વારા ૪૦ લાખ લિટર દૂધ સંપાદન કરવામાં આવતું હતું. પરંતુ આ વર્ષે વિક્રમજનક ૬૦ લાખ લિટર દૂધ સંપાદન કર્યું છે, એક દિવસ પણ ડેરી બંધ રાખ્યા વગર દૂધનું સફળતાપૂર્વક સંચાલન કરી શકયા છીએ તે મોટી સફળતા છે. તેનો તમામ શ્રેય બનાસ ડેરીની ટીમને જાય છે. દાંતા તાલુકો દૂધ ઉત્પાદન ક્ષેત્રે ખૂબ આગળ વધી રહ્યો છે જેમાં આ વર્ષ દરમિયાન ૨૪ ટકા દૂધ ઉત્પાદનમાં વધારો થયો છે એટલે કે પ્રતિદિન ૧૮,૨૫૦ લિટર દૂધ સંપાદનમાં વધારો જોવા મળેલ છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસાના ડાવસ ગામે હત્યા કેસમાં એકની અટકાયત

ડીસા

ડીસા તાલુકાના ડાવસ ગામે અઠવાડીયા અગાઉ યુવકની હત્યા કરાયેલ લાશ મળી આવી હતી. જેમાં પોલીસે એક યુવકની અટકાયત કરી કોર્ટમાં રજુ કરવાની તજવીજ હાથ ધરી હતી. પ્રેમ પકરણના મુદ્દે યુવકે હત્યા કરાયાની પોલીસે આશંકા વ્યક્ત કરી છે. જેમાં ભાજપના એક અગ્રણીની સંડોવણી હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું છે.

# ગુજરાતના પેન્શનરોને સાતમા પગાર ધોરણ મુજબ તફાવતનો વધારો આપવા માંગ

પ્રતિ. રાજપુર

ગુજરાતના પેન્શનરોને સાતમા ધોરણ મુજબનો તફાવત અને કેન્દ્રના ધોરણે મળતા મેડીકલ એલાઉન્સમાં વધારો ન અપાતા પેન્શનરોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાત સરકારના તબા તળે ફરજ બજાવી નિવૃત થયેલા પેન્શનરોને સાતમા ધોરણ મુજબ તા.૧/૧/૧૬ થી તા.૩૦/૯/૧૬ સુધીની તફાવતની રકમ મળવા બાબતે નિર્ણય ન લેવાના કારણોસર નિવૃત પેન્શનરોમાં નિરાશા જોવા મળી રહેલ છે કેન્દ્રના મેડીકલ એલાઉન્સના એક હજાર રૂપિયા વધારો માટે જુનાડીસાના નિવૃત કર્મચારી દાઉદભાઈ ઘાસુરાએ મુખ્યમંત્રી તથા નાણામંત્રીને લેખિત જાણ કરેલ છે તો સત્વરે તાત્કાલિક નિર્ણય લઈ પેન્શનરોને વધારો આપે તેવી માંગ છે.

# થરાદના વિજયબિઝનેશમાં ભોંયરામાં આગ લાગતાં અફરાતફરી

## પાલિકાનું ફાયરફાયટર દોડ્યું,જહેમતબાદ આગને કાબુમાં લેવાઈ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના બિઝનેશ સેન્ટરના ભોંયરામાં રહેલા કચરાના ઢગલામાં આકસ્મિક કારણે આગ લાગી હતી. આથી ઉપર દુકાનો ધરાવતા વેપારીઓમાં ભય સાથે ફફડાટની લાગણી ફેલાતાં અફરાતફરીનો માહોલ ફેલાવા પામ્યો હતો. બનાવ અંગે જાણ કરાતાં થરાદ પાલિકાનું ફાઈટર ઘટના સ્થળે દોડી આવતાં આગ બુઝાવવા માટેના પ્રયત્નો હાથ ધર્યા હતા. સદનસીબે કોઈ નુકશાન થવા પામ્યું ન હતું.

થરાદના વિજય બિઝનેશ સેન્ટરમાં વાહનોના પાર્કિંગ માટે ભોંયરૂં બનાવવામાં આવેલું છે. જો કે તેમાં વાહનોના પાર્કિંગના બદલે કચરાપેટી તરીકે ઉપયોગ કરવામાં આવે છે. શોંપીગના દુકાનદારોના જણાવ્યા પ્રમાણે ત્યાં દબાણ પણ થઈ ગયું છે.અને અવાવરૂ જગ્યાનો ગેરલાભ લઈને અનૈતિક પ્રવૃતીઓ પણ બેરોકટોકપણે ફુલીફાલી છે.વળી પાર્કિંગના અભાવે વાહન ચાલકોને તેમનાં વાહનો બહાર મુકવાના કારણે છાસવારે એક બાઈકની ચોરી પણ થતી હોય છે. આથી શોંપિંગના માલિકો દ્વારા આરોગ્યને નુકશાનકારક કચરો હટાવી સાફસફાઈ કરાવી સીસીટીવી સાથે ચોકીદારની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# થરાદ તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ પદને લઈને રાજકીય ગરમાવો

## પ્રથમ અઢી વર્ષની બેઠક સામાન્ય મહિલા અનામત, કોણ બનશે મહિલા પ્રમુખ ?

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ ૩૦ બેઠકો પર ૭૨ ઉમેદવારો વચ્ચે યોજાઈ હતી જેમાં છ બેઠકો પર ત્રિપાંખીઓ અને ૨૪ બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામ્યો હતો. રસાકસી ભર્યા માહોલમાં યોજાયેલી થરાદ તાલુકા પંચાયતની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો કોંગ્રેસને ભારે પડતા ભાજપે સૌથી વધારે ૨૦ બેઠકો મેળવી હતી. જ્યારે કોંગ્રેસને ૮ તેમજ અપક્ષને ૨ બેઠકો મળી હતી.ચૂંટણીના પરિણામ બાદ જ સ્પષ્ટ બહુમતી મળવાના કારણે તાલુકા પંચાયતની ભાજપની બોડી ફરી એક વખત બનવા જઈ રહી છે તે નક્કી થઈ જવા પામ્યું હતું.જોકે પ્રથમ અઢી વર્ષની પ્રમુખપદની મુદત સામાન્ય મહિલા માટે અનામત છે.આથી કઈ મહિલા તાલુકા પંચાયતના પ્રમુખ બની સત્તાનું સુકાન સંભાળશે તથા ઉપપ્રમુખ કોણ બનશે તેને લઈને શહેર તથા પંથકમાં રાજકીય ગરમાવાએ ફરી એક વખત વેગ પકડ્યો છે.જોકે થરાદ તાલુકા ભારતીય જનતા પાર્ટીના તાલુકા પ્રમુખ રૂપસિભાઈ પટેલે પક્ષ જેના પર પસંદગીની મહોર મારશે તેઓ તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ ઉપપ્રમુખ બનશે તેમ જણાવ્યું હતું. અત્રે નોંધનીયછેકે તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીઓની હજુ સત્તાવાર જાહેરાત થવા પામી નથી પરંત આ આગામી અઠવાડિયામાં નવા શાસકોની વરણીની સંભવિત તારીખો હોઈ શકે છે તેમ સુમાહિતગાર સુત્રોએ જણાવ્યું હતું.

### બંન્ને પુર્વ તાલુકા ભાજપના હોદ્દે દારો પ્રબળ દાવેદાર

થરાદ તાલુકા ભારતીય જનતા પાર્ટીના પુર્વપ્રમુખ ઉમેદસીહ ચૌહાણનાં પત્ની વચનબાઈ ચૌહાણ (ઈઢાટા) બેઠક પર તેમજ થરાદ તાલુકા ભાજપના પુર્વ ઉપપ્રમુખ દાંનાભાઈ ધનાજી માળી (મોરથલ) બેઠક પર જીત્યા હોઈ તેમની દાવેદારી પ્રબળ છે.

### ભાજપમા ૮ મહિલાઓ ચુંટાઇ છે

થરાદ તાલુકાપંચાયતની ૩૦ બેઠકો પૈકી ૭ કોંગ્રેસમાં અને ૮ ભાજપમાં મળીને કુલ ૧૫ મહિલાઓ વિજેતા થવા પામી હતી.જેમાં ભાજપમાં રાજીબેન ચેલાભાઈ આયડી (આસોદર), ગીતાબેન વિહાભાઈ બ્રાહ્મણ (ચારડા), બબીબેન શાંતિભાઈ વરણ (દુધવા), તળસીબેન મહેશભાઈ પુરોહિત (ઈઢાટા),વચનબાઈ ઉમેદસિંહ ચૌહાણ (ખોડા), વજીબેન શંકરભાઈ આપશુક (મલુપુર), ખેતુબેન ધરમશીભાઈ નાઈ (માંગરોળ), શારદાબેન અમીરાંમભાઈ વાલેરીયા (વાઘાસણ)નો સમાવેશ થાય છે.

# અંબાજી ખાતે ગુજરાત રાજ્ય કો.ઓપ. મીશન સહકારનું અધીવેશન યોજાયું

પ્રતિનિધિ અંબાજી

ગુજરાત રાજયમાં વિવિધ નાણાકીય સહકારી મંડળી તેમજ કો.ઓપરેટીવ સોસાયટીઓ જેમાં વર્ષે કરોડો રૂપીયાની લેણી-દેણી થતી હોય છે. જેમાં સભાસદ હોય કે પછી સભાસદની ભલામણ થી અપાતી લોનો હોય ને કોઈ ને પગભર કરવાની હોય કે પછી કોઈ ઉદ્યોગ સ્થાપવાની હોય તેવી કામગીરી માં પણ સહકારી મંડળીઓને કેટલાંક પ્રશ્નો નડતા હોય છે. ત્યારે ગુજરાત રાજય કો.ઓપરેટીવ મીશન સહકાર ૨૦૧૮ નું એક અધીવેશન રાજય નાં પાણી પુરવઠા પ્રધાન પરબતભાઈ પટેલ નાં અધ્યક્ષ સ્થાને અંબાજી ખાતે યોજવામાં આવ્યો હતો. જેને પુરવઠા પ્રધાન પરબત્તભાઈએ દિપપ્રગટાવી કાર્યક્રમ ને ખુલ્લો મુક્યો હતો. જોકે આ કાર્યક્રમ દરમીયાન કો.ઓપરેટીવ ને લગતા કાયદા માં સુધારા કરવાં, સુચનો કરવાં ને સ્મોલ માઈક્રો અને મધ્યમ કક્ષા નાં લોકો ને કેવી રીતે મદદરૂપ થવું તેનાં સફળ મંત્ર આપવા માટે નું આ કાર્યક્રમ ગણાવ્યો હતો ને નામાકીંત સંસ્થાઓ નાં વડાઓ નો સતકાર અને સન્માન પણ આ પ્રસંગે કરાયો હતો. આ કાર્યક્રમમાં રાજયભર ની ક્રેડીક કો.ઓપરેટીવ સોસાયટી તથા સહકારી મંડળીઓ નાં સંચાલકો ને મેનેજરો મોટી સંખ્યા માં ઉપસ્થીત રહ્યા હતા. આ કાર્યક્રમ માં ધાનેરા નેફકબ નાં ચેરમેન અને સહકાર ભારતી નાં રાષ્ટ્રીય અધ્યક્ષ જોતીન્દ્રભાઈ મહેતાં, ફેડરેશન ના ચેરમેન અને કન્વીનર રાજય રજીસ્ટ્રાર નલીનભાઈ ઉપાધ્યાય ઉપસ્થીત રહ્યા હતા. જયારે બીજા દિવસે સુરત નાં એસ.આર.કે એક્ષપોર્ટ કંપની નાં શ્રી ગોંવીદભાઈ ઢોલકીયા ની હાજરી સુચક બની હતી.

# બ્રહ્માકુમારીઝના વડા દાદી જાનકીજીને આંતરરાષ્ટ્રિય શાંતિદૂત એવોર્ડ અપાયો

## ૧૨૦ દેશોની ૧૫૦૦૦ મહાન હસ્તીઓ ત્રિદીવસીય આંતરરાષ્ટ્રિય સંમેલનમાં ઉપસ્થિત રહી

ડીસા

આંતરરાષ્ટ્રિય અધ્યાત્મ સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા રાજયોગ-અને ઈશ્વરીય જ્ઞાન દ્વારા વૈશ્વિકશાંતિ સ્વાસ્થય અને આંતરીક ખુશી માટે વિશ્વ મહાસંમેલનનું ૨૩ થી ૨૭ ફેબ્રુના આયોજન થયુ આજે તેના તેના સમાપ્તી સમારંભમાં વિશ્વ માનવના સર્વાગી ઉત્થાન માટે સંગઠીત સંકલ્પ આબુ-શાંતિવન ખાતે કરવામાં આવેલ.

બ્રહ્માકુમારીઝ મિડીયાના શશીકાન્ત ત્રિવેદીના જણાવ્યાનુસાર સંમેલનમાં નાઈઝીરીયાના પૂર્વ રાષ્ટ્રપતિ જનરલ ઓલુસેગન રશીયાના ફેડરેશન કલ્ચર અધ્યક્ષ સરજી આવદેવ યુએસએના સેન્ટર ડાયરેક્ટર ડાૅ.ઝેના જર્મીન સોલર સાયન્ટીસ્ટ ડાૅ.ગોલોજેમ્સ ચીનના એજયુકેશન સ્પીરીચ્યુલ ડાયરેક્ટર ડેઈન્ગચેન કેન્દ્રીયમંત્રી સુદર્શન ભગત-પ્રસિધ્ધ અભિનેત્રી ગ્રેસીસીંગ-વર્ષા ઉસગાંવકર નામાંકીત મિડીયા હસ્તીઓની ઉપસ્થિતિમાં સંસ્થાના વડા દાદી જાનકીજી તેના ૧૦૩ વર્ષ-જીવનભર મનવકલ્યાણ વિશ્વશાંતિ સ્વાસ્થ્ય

અનુસંધાન પાના નં.૬

# વાવની ક્રિષ્ના વિધામંદિરના ભૂલકાઓએ ધુળેટી - પર્વની ઉજવણી કરી

વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ રાજગઢી ખાતે અંદાજે છેલ્લા ૭ વર્ષથી કાર્યરત એવી શ્રી ક્રિષ્ના વિદ્યામંદિર શિક્ષણના ક્ષેત્રે અગ્રેસર રહી છે. આ સ્કુલ ખાતે રાષ્ટ્રીય- ધાર્મિક તહેવારોની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. આગામી ૨ દિવસમાં હોળી- ધુળેટીનું પર્વ આવનારું છે. તેની પૂર્વે શાળાના આચાર્ય નવીનભાઈ સુથારે તેમજ સ્ટાફમિત્રોએ અને ભૂલકાઓ સાથે મળીને અબીલ- ગુલાલના રંગોનો છોળો ઉડાવી ધુળેટી પર્વની શાનદાર ઉજવણી કરી હતી. નાના ભૂલકાઓ સાથે શાળાના સ્ટાફમિત્રોએ આનંદથી હોળી- ધુળેટીના પર્વની મજા માણી હતી.

# ધુળેટી પર્વે રંગોની રોનક

વિનોદ બાંડીવાલા

હોળી- ધુળેટીના તહેવારને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે ડીસાની બજારમાં હોળી- ધુળેટી પર્વ પૂર્વે અબીલ -ગુલાલ જેવા વિવિધ રંગોની લારીઓ તેમજ દુકાનો પર આગમન થઈ ચુક્યુ છે. ધુળેટી એકબીજાના હૈયામાં રંગ પુરવાનો તહેવાર ગણવામાં આવે છે. તા.૧/૩/૨૦૧૮ ના રોજ હોળીના દિવસે લોકો હોળીકા દહન કરશે અને બીજા દિવસે ધુળેટીના પર્વ નિમિત્તે પીચકારીમાં પ્રેમનો રંગો ભરી એકબીજાને ખુશીઓના રંગથી રંગી નાંખશે. નાના મોટા લોકો આનંદથી ધુળેટીનો તહેવાર મનાવતા હોય છે. આને લઈને લોકો રંગોની ખરીદી કરવા લાગ્યા છે.

# થરાદમાંથી દારૂ પીધેલા દિલ્હીના ત્રણ ઝડપાયા

પ્રતિનિધિ થરાદ

થરાદ ટાઉનમાં પોલીસ કર્મચારીઓ મંગળવારની રાત્રે થરાદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન બસસ્ટેશન પર ત્રણ શખ્સો જાહેરમાં લથડીયા ખાતા બકબવાસ કરતા ઝડપાઈ જવા પામ્યા હતા. પોલીસે તેમને શરિરસ્થિતીનું ભાન ન હોવાની હાલતમાં ઝડપીને મથકમાં લાવતાં તેમણે તોતડાતી જીભે તેમનાં નામ રાકેશભાઈ દેવજીભાઈ વડકર, તથા દિનેશભાઈ બાબુભાઈ રાજપુત તથા દેવાભાઈ ગંગારામભાઈ વડકર હોવાનું જાણવા મળ્યું હતું.જોકે તેઓને શરીર સ્થિતિનું ભાન ન હોવાના કારણે થરાદમાં આવવા પાછળનું કારણ પોલીસ જાણી શકી ન હતી.

# વાવની મોરીખા બેઠક ઉપર ભાજપનો ૨૫૬ મતોથી વિજય

વિષ્ણુ પરમાર

## કોંગ્રેસનો ગઢ ગણાતી બેઠક ભાજપે આંચકી લીધી

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાની ૨૨ બેઠકોમાં કોંગ્રેસ પાસે સૌથી મહત્વની ગણાતી મોરીખા બેઠક હતી. આ બેઠક ઉપર ઠાકોર અને દલિત સમાજના મતોનું વિશેષ પ્રભુત્વ હતું. જેથી આ બેઠક કોંગ્રેસના ઉમેદવાર માટે ગઢ ગણાતી હતી. પરંતુ ટીકીટ ફાળવણીના મુદ્દે કોંગ્રેસ મોવડી મંડળે ભારે ભૂલ કરી આ બેઠક ઉપર ઠાકોર ઉમેદવારને બદલે રબારી ઉમેદવારને ટીકીટ ફાળવી હતી. જેમાં મોરીખા બેઠક ઉપર કોંગ્રેસ પાર્ટીએ વાલાભાઈ ચેલાભાઈ રબારીને ટીકીટ ફાળવાઈ હતી. જ્યારે ભાજપાએ દરબાર સમાજના યુવા અગ્રણી એવા સિધ્ધરાજસિંહ અમરસિંહજી ચૌહાણને ટીકીટ ફાળવી હતી. જેમાં ભાજપ ઉમેદવારનો ૨૫૬ મતોથી ભવ્ય વિજય થયો હતો. વિજેતા ઉમેદવારે વાંજીત્રોના નાદ સાથે વિજય સરઘસ નીકાળ્યું હતું. આમ કોંગ્રેસનો ગઢ ગણાતી મોરીખા બેઠક ભાજપે આંચકી લેતાં કોંગ્રેસનું મોવડી મંડળ પણ ચોંકી ઉઠ્યું છે. ભાજપના ઉમેદવારને ઠાકોર, દલિત ઈતર સમાજ તરફથી ભારે સમર્થન મળતાં તેમનો વિજય થયો હતો. આમ મોરીખા બેઠકના ભાજપના ઉમેદવાર અને દરબાર સમાજના યુવા અગ્રણીને તાલુકા પંચાયતની સમિતિમાં યોગ્ય સ્થાન મળે તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

# રાજસ્થાની ઘેવરની બોલબાલા

વિનોદ બાંડીવાલા

ડીસા શહેરમાં રાજસ્થાની મારવાડી લોકોની વસ્તી વધુ હોઈ હોળી-ધૂળેટીના તહેવારો ધામધુમથી ઉજવવામાં આવે છે. રંગોથી ધૂળેટીનો પર્વ જોરદાર રીતે મનાવવામાં આવી રહ્યો છે. હોળી ધુળેટીના તહેવારમાં મહેમાનો ઘેર આવતા હોઈ તેમનું સ્વાગત અને મોં મીઠુ કરાવવા માટે રાજસ્થાની મારવાડી ઘેવરનો વધુ ઉપયોગ થતો હોઈ ડીસામાં મીઠાઈની દુકાનો પર હોળી-ધૂળેટીના તહેવારમાં મારવાડી ઘેવર બનાવતા હોઈ લોકો હોંશભેર મારવાડી ઘેવર ખરીદતા હોય છે. તસ્વીરમાં રાજસ્થાની મારવાડી ઘેવર બનાવી રહેલા કારીગરો દ્રષ્ટિ ગોચર થઈ રહ્યા છે.

# પશુઓમાં થતા ખરવા મોવાસા રોગની રસીનું વિતરણ

## ૧૨૭ સેન્ટરોમાં ૧,૨૦,૦૦૦ ડોઝનું વિતરણ કરાયું

તા.પ્રતિ ધાનેરા

ખરવા મોવાસા રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ધાનેરા તાલુકા શીત કેન્દ્ર વિસ્તારમાં આવેલ દૂધ મંડળીઓના કુત્રિમ બીજદાન કર્મચારીઓને ખરવા મોવાસા રોગની રસીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દર વખતે બનાસડેરી દ્વારા દૂધ શીત કેન્દ્ર ઉપરથી રસીનું વિતરણ કરવામાં આવતું હતું આ વખતે ટ્રાફિકની સમસ્યા હોઈ માર્કેટયાર્ડમાં મીટીંગ રાખી જેમાં પશુપાલન વિશે પ્રેજન્ટેશન રાખેલ હતું. પશુ પોષણ વિશે તજજ્ઞો દ્વારા માહિતગાર કરવામાં આવેલ.

બનાસ દૂધ શીત કેન્દ્રના વિસ્તારમાં ડીસા, થરાદ તથા ધાનેરાના વિસ્તારમાં આવતા તમામ એ.આઈ કર્મચારી - ૧૨૭ જણાને ડો.આર. આર.પટેલ, ડો.એમ.વી. પ્રજાપતિ, ડો.કે. એમ. પ્રજાપતિ, ડો.એન.જે. પટેલ તમામ વેટેનરી ડોકટરોએ વિગતવાર વિસ્તૃત સમજ આપી પશુ દવાખાના ઉપરથી રસીના ૧,૨૦,૦૦૦ ડોઝનું વિતરણ ડો.એન.જે. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

# થરાદની ડેડુડી પ્રા.શાળામાં વિવિધ સ્પર્ધા યોજાઈ

પ્રતિ. થરાદ

થરાદ તાલુકાની ડેડુડી પ્રા.શાળામાં ધો-૫ થી ૮ ના બાળકોની મહેંદી હરીફાઈ, ચિત્રસ્પર્ધા અને કાવ્ય સર્જન સ્પર્ધા યોજાઈ હતી. મહેંદી હરીફાઈમાં ૨૮ બાલિકાઓ, ચિત્ર સ્પર્ધામાં ૨૫ બાળકો અને કાવ્ય સર્જનમાં ૭ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા ૧ થી ૩ નંબરના બાળકોને શાળા પરીવાર વતી ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

# આવતીકાલે ડીસા સહિત જિલ્લાભરમાં પારંપારીક રીતે હોળીના તહેવારની ઉજવણી થશે

## અબાલ વૃધ્ધ સૌ કોઈમાં પર્વને લઈને ઉલ્લાસ જોવા મળી રહ્યો છે

પ્રતિ. વડાવળ

આવતીકાલે ડીસા સહિત જિલ્લાભરમાં હોળીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. હોળી એ હિન્દુ ધર્મનો પવિત્ર તહેવાર માનવામાં આવે છે. જેને લઈ હોળીના તહેવારને લઈ અબાલ વૃધ્ધ સૌ કોઈમાં ઉલ્લાસ જોવા મળી રહ્યો છે.

હિન્દુ પંચાંગની તિથિ પ્રમાણે ફાગણ સુદ પુનમનો દિવસ એ હોળી દિવસ તરીકે મનાવવામાં આવે છે. હોળીનો બીજો દિવસ ધુળેટીનો તહેવાર ઉજવવામાં આવે છે ત્યારે આવતીકાલે હોળીનો પવિત્ર તહેવાર રહેલો છે. જેને સમગ્ર જિલ્લાભરમાં ઠેરઠેર હોલીકા દહન કરી મનાવવામાં આવે છે. હોળી - ધુળેટીનું પર્વની ભારતીય સંસ્કૃતિમાં અનેરૂ મહત્વ રહેલું છે. આ તહેવાર ઉજવવા પાછળ એક લોકવાયકા પણ રહેલી છે જેને સંદર્ભે આજે પણ ગ્રામ્ય સહિત શહેરી વિસ્તારોમાં હોળીની આગ પ્રગટવામાં આવે છે. છાણા અને લાકડાના ઢગ જાહેર સ્થળો કે મંદિરના પ્રાંગણમાં કરી સાંજના સુમારે શુભ મુહુર્તમાં હોલીકા દહનના કાર્યક્રમ થાય છે. જેમાં સમગ્ર પ્રજાજનો દ્વારા મોડી રાત સુધી નારીયેળ - ધાણી - ખજૂર વગેરેનો ધુપ ધરાવવામાં આવે છે એક પરંપરા મુજબ હોળીના દર્શન નાના બાળકોને કરાવવામાં આવે છે ઉપરાંત નવોઢા વરવધુઓ પણ હોળીની પ્રદક્ષિણા ફરે છે.અને ત્યાં ખજુર - ધાણી - પતાશા દ્વારા દાળિયા જેવી વસ્તુઓનું પ્રસાદ તરીકે વિતરણ કરે છે જે આજે પણ આ રીતરિવાજો જોવા મળી રહ્યા છે. ગામના યુવાનીયાઓ હોળીના દિવસે મોડી રાત સુધી વિવિધ રમતો શરતો લગાવતા હોય છે. આમ આવતીકાલે ઉજવનાર હોળીના તહેવારને લઈ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે બજારોમાં પણ હોળી - ધુળેટીના તહેવારને લઈ તેની વિવિધ વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે.

## જાહેર હરાજી

ધાનેરા તાલુકાના કુંવારલા ગામની કુંવારલા પ્રા.શાળાના જુના પતરાંવાળા ૭ (સાત) ઓરડાનાં કાટમાળની જાહેર હરાજી કરવાની હોઈ રસ ધરાવતા લોકોએ નીચેના સ્થળે સમયસર હાજર રહેવું.

તા.૧૨/૦૩/૨૦૧૮, સમય : ૧૧.૦૦ કલાકે<br>
સ્થળ : કુંવારલા પ્રા.શાળા, તા.ધાનેરા, જિ.બ.કાં.<br>
મો.૯૪૨૬૪૮૮૦૪૯, ૯૯૦૯૮૭૩૭૮૮

**નોંધ : શરતો સ્થળ પર જણાવવામાં આવશે.**

લિ.

શાળા એસ.એમ.સી. તથા સભ્ય સચિવ
શ્રી કુંવારલા પ્રાથમિક શાળા, તા.ધાનેરા, જિ.બનાસકાંઠા

## STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS ABOUT NEWSPAPER RAKHEWAL DAILY AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE & OF REGISTRATION OF NEWSPAPER (CENTRAL RULES 1956)

FORM - IV

(See Rule 8)

| | |
|---|---|
| 1.Place of publication | RAKHEWAL DAILY<br>Manav Mandir, DEESA - 385535<br>Dist. Banaskantha. |
| 2.Periodicity of Publication | Daily |
| 3.Printer s Name | TARUNKUMAR AMRUTLAL SHETH |
| Whether citizen of india ? | Yes |
| Address | RAKHEWAL PRESS<br>Manav Mandir, DEESA-385535 |
| 4. Publisher s Name | TARUNKUMAR AMRUTLAL SHETH |
| Whether citizen of india ? | Yes |
| Address | Manav Mandir, DEESA-385535 |
| 5. Ediror s Name | TARUNKUMAR AMRUTLAL SHETH |
| Whether citizen of india ? | Yes |
| Address | Manav Mandir, DEESA-385535 |

ITARUNKUMAR AMRUTLAL SHETH here by declare that the particular s given above are true to the best of my knowledge and belief.

Date : 28/03/2018

TARUNKUMAR AMRUTLAL SHETH
Signature of publisher

# તંત્રી સ્થાનેથી ...

### માનવી... તું સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક છે.

## ગુજરાતના શૈક્ષણિક બાબતોના પ્રશ્નો કેન્દ્ર સરકારે નિવારવા જરૂરી

શિક્ષણ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા વધારવા રાજ્ય સરકારે શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમના કરેલા આયોજનના પરિણામે શૈક્ષણિક ગુણવત્તાની વૃધ્ધિ થઈ હોવાની કેટલીક વિગતો એન.સી.ઈ.આર.ટી. રાષ્ટ્રિય સર્વેમાં બહાર આવી છે. સર્વેના તારણો પ્રમાણે રાજ્યની શાળાઓમાં ભણાવાતા ભાષા, ગણિત, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયોમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તામાં વર્ષ ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫ ની તુલનામાં વર્ષ ૨૦૧૭ માં ૯.૭૫ ટકાની નોંધપાત્ર વૃધ્ધિ થઈ હોવાનું શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તાજેતરમાં જણાવ્યું હતું.

જ્યારે રાજ્યમાં શહેરો અને ગામડાઓમાં નાના ભૂલકાઓના અભ્યાસ માટે આંગણવાડી ચાલે છે જેના કારણે બાળકોને પ્રાથમિક શિક્ષણ પાયાથી જ ઉપલબ્ધ થઈ શકે. હાલમાં કેટલી આંગણવાડીઓનું શિક્ષણ સુધર્યું હશે?

વર્તમાન સંજોગોમાં કેટલી આંગણવાડી સુવિધાપૂર્ણ છે. ભૂલકાઓની શૈક્ષણિક ગુણવત્તા કેટલી હશે? તે બાબતની શિક્ષણ વિભાગ દ્વારા સમીક્ષા થઈ છે ખરી? જો સમીક્ષા થઈ હોય તો રાજ્ય સરકારે તેનો અહેવાલ પ્રસિધ્ધ કરવો જોઈએ.

તાજેતરમાં નવી દિલ્હી ખાતે કેન્દ્રિય નાણાંમંત્રી અરૂણ જેટલીના અધ્યક્ષતામાં મળેલી પ્રિ- બજેટ મીટીંગ દરમ્યાન ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આંગણવાડી તથા આશા વર્કર બહેનોના માનદ વેતનમાં વધારો કરવા કેન્દ્ર સરકાર સમક્ષ વિગતવાર માંગણી કરી હતી. નીતિન પટેલે અન્ય સંખ્યાબંધ સૂચનો કર્યા હતા. જેમાં તેમણે કહ્યું હતું કે ભારત સરકારે કેન્દ્રીય વેરામાંથી દરેક રાજ્ય સરકારોને મળતા તેના હિસ્સાની રકમની ફાળવણી દર માસની પહેલી તારીખે કરવી જોઈએ.

ખેડુતો સોલાર પંચનો ઉપયોગ કરતાં થાય તે માટે ૧૦ હોર્સ પાવર સુધીની મોટર માટે ૩૦ ટકા જેટલી સબસીડી કેન્દ્ર સરકારે આપવી જોઈએ. વર્ષ ૨૦૧૭ -૧૮ માં ગુજરાત સરકારને કેન્દ્રીય વેરામાંથી કુલ રૂા. ૨૦,૮૯૭ કરોડ મળવા પાત્ર છે. જેમાંથી માસિક હપ્તા પેટે અગાઉ દર માસની પહેલી તારીખે જ રાજ્ય સરકારને રકમ મળતી હતી. તે રકમ હાલમાં સરકાર દ્વારા ૧ લી ના બદલે ૧૫ મી એ આવે છે. જેના કારણે રાજ્ય સરકારને આવક જાવકના આંકડાના છેડા છૂટી જાય છે. જેથી નાયબ મુખ્યમંત્રી અને નાણાંમંત્રી નીતિનભાઈ પટેલે આ બેઠકમાં એવી રજુઆત કરી હતી કે, દરેક રાજ્યોને યા રકમ ૧૫ મીના બદલે ૧ લીએ આપો અને કેન્દ્ર સરકારે આ જે ફેરફાર કર્યો છે તે રદ કરવા માટે વિચારવું જોઈએ.

દરમ્યાન ગુજરાત સરકારે સોલાર નીતિ જાહેર કરેલી છે. જેના અંતર્ગત પ્રત્યેક ખેડુતો સોલાર (સૂર્ય ઉર્જા આધારિત) પંપનો ઉપયોગ કરતાં થાય તે દિશામાં પ્રોત્સાહનો આપવામાં આવે છે. ભારત સરકાર જો ખેડુતો ખેતી માટે સોલાર વોટર પંપનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરશે અને તે માટે આવા પંપ પર આશરે ૩૦ ટકા જેટલી સબસીડી આવશે. તો તેનાથી વીજળીની મોટી બચત થઈ શકશે અને તેનાથી કેન્દ્ર સરકારને નાણાંકીય લાભ થશે તે પણ ચોક્કસ છે.

આમ નીતિન પટેલે ગુજરાતના જે પ્રશ્નો કેન્દ્ર સમક્ષ રજુ કર્યા છે. તેમાં ખાસ કરીને આંગણવાડી અને આશાવર્કર બહેનોના માનદ વેતનમાં વધારો થાય તે જરૂરી છે. તેમજ શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો થાય તે મહત્વની બાબત છે.

## વરૂણની સાથે ફિલ્મને લઈ બનિતા સંધુ આશાવાદી છે

મુંબઈ

વરૂણ ધવનની આવનાર ફિલ્મ અક્ટુબરનુ શુટિંગ પૂર્ણ કરી લેવામાં આવ્યુ છે. આશાસ્પદ સ્ટાર બનિતા બોલિવુડમાં કેરિયર બનાવવા માટે આશાવાદી છે. તે કેટલીક વધુ ફિલ્મો મેળવી લેવા માટે પણ આશાવાદી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ ફિલ્મનુ શુટિંગ માત્ર ૩૮ દિવસમાં જ પૂર્ણ કરી લેવામાં આવ્યુ છે. ફિલ્મમાં વરૂણ ધવનની સાથે નવી અભિનેત્રી નજરે પડનાર છે. જેમાં બનિતા સંધુનો સમાવેશ થાય છે. આ ફિલ્મની ખાસ બાબત એ છે કે શુટિંગને વહેલી તકે પૂર્ણ કરીને નવા રેકોર્ડ સર્જવામાં આવ્યા છે. ફિલ્મનુ શુટિંગ દિલ્હી અને હિમાચલપ્રદેશમાં પૂર્ણ કરવામાં આવ્યુ છે.લવ સ્ટોરી આધારિત ફિલ્મનુ નિર્દેશન સુજિત સરકાર કરી રહ્યા છે. આ ફિલ્મની પટકથા જુહી ચતુર્વેદી દ્વારા લખવામાં આવી છે. ૧૩મી એપ્રિલ ૨૦૧૮ના દિવસે આ ફિલ્મને રજૂ કરવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે.

### આત્મચિંતન

## વિચાર અને કાર્યમાં સમન્વય કેવી રીતે થાય ?

સંસારમાં એવું કોઈ કાર્ય નથી, જે તમે સંપાદિત ના કરી શકો. જે કાર્યો, જે સફળતાઓ, જે આશ્ચર્યચક્તિ ફળ અને વ્યક્તિ પ્રાપ્ત કરી શકે છે, તે બધાની સામર્થ્ય તમારી અંદર છે. જે પ્રતિભા, જે બુદ્ધિ સામર્થ્ય એક મનુષ્યની પાસે છે તે તમારામાં પણ બીજ રૂપે રહેલી છે. તમે જે ચાહશો એ કરી શકશો. તમે જેની યાચના કરશો તે જ પ્રાપ્ત થશે. જો તમે સુખ સમૃદ્ધિની યાચના કરશો તો તમને સુખ સમૃદ્ધિ મળશે.જો મુક્તિની આકાંક્ષા કરશો તો મુક્તિ મળશે.

સંસાર તો કલ્પવૃક્ષ છે, તે તમે જે ઈચ્છતો તે આપશે. તમે વિભૂતિઓ માટે હાથ ફેલાવશો તો તમારા માટે તેનો ખજાનો ખોલી દેશે. તમે આનંદ પ્રાપ્તિ માટે અનુરોધ કરશો તો તે તમારા માટે સ્વર્ગ બની જશે. માત્ર એકાગ્રચિત્ત થઈને ઉત્તમ અને વિચારોને કાર્યરૂપમાં પ્રગટ કરવાનું શીખી લો. તમારી આ સર્વોત્કૃષ્ટ શક્તિ છે. આને ઈષ્ટ કાર્યમાં લગાવવાથી અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થાય છે.

તમે આજથી જ અત્યારથી જ સંકલ્પ કરો કે, ખોટી વિચારધારામાં મગ્ન નહિ રહું. મારી માર્ય શક્તિ અનંત છે. મને પૂર્ણ અનુભવ થઈ ગયો છે કે મનુષ્ય જે ક્રિયા કરે છે, તેનું જ તેને ફળ પ્રાપ્ત થાય છે. મારી ઉન્નતિ અને અવનતિ, માન કે હાનિ મારા કાર્યો પર નિર્ભર છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ગુજરાતની મધર ટેરેસા...

**ગતાંકથી ચાલુ**

ગોવિંદભાઈ ય ખળભળી ઊઠ્યા... ‘ઘેલી છે છોકરી.’ પણ અનુબહેન મક્કમ... સમાધાન નહીં, લગ્ન ના થાય તો ના કરવાં, પણ જેવો તેવો યુવક ના ખપે... તે પછી લગ્નનો વિચાર જ માંડી વાળ્યો. વિવેકાનંદનો મોહ આસક્તિમાંથી ભક્તિ અને છેવટે એમના પ્રત્યેનો આત્મ વિલોપનમાં ફેરવાઈ ગયો. પછી તો ચાંદલો કરવાનું અને બંગડી પહેરવાનું પણ છુટી ગયું. જો કે બા સમજાવતાં, ‘ભલે લગ્ન ના કર, પણ અમારે ખાતર ચાંદલો તો કર. કોરું કપાળ જુવાન દીકરીને સારું નથી લાગતું; ને બંગડી તો પહેર. તારા ગોરા કોમળ હાથ અડવા સારા નથી લાગતા.’ એ પછી અનુબહેને એટલું શરૂ કરેલું, પણ બંગડી કાંડા ઉપર ચડેલી, મન સુધી નહીં.

અનુબહેનનું જીવન ત્યાગમય થતું જતું હતું. ત્યાં સાણંદમાં ‘‘મૌની મહારાજ’’ આવ્યા. હરિદ્વારમાં ચાલીસ વર્ષ સુધી રહેલા. સાણંદમાં આવ્યા ત્યારે અઠ્ઠાણું વર્ષની ઉંમર. મૌની મહારાજે બાર વર્ષ સુધી મૌન રાખેલું. એટલે મૌની મહારાજ કહેવાયા હશે. સાણંદમાં એમણે તપોવન કુટિર બનાવી. અનુબહેને વિવેકાનંદની મોટા કદની પ્રતિમા ત્યાં જોઈ. એ દિવ્ય મૂર્તિને જોતાં જ ઊંડે ઊંડે રહેલો પત્નીભાવ સળવળ્યો. વિવેકાનંદની સ્થૂળ રીતે પ્રાપ્તિ ના થાય તો કાંઈ નહીં; એમના સર્વોત્તમ કાર્ય દ્વારા એમની સુક્ષ્મ પ્રાપ્તિ કરવી એવો દ્રઢ સંકલ્પ એ વખતે લેવાયો. વિવેકાનંદના સમગ્ર દર્શનમાં સૌથી ઉપરની વાત એ હતી કે એમણે નારાયણની સમકક્ષ નવા નારાયણની જગતને પ્રતીતિ કરાવી. એ નવા નારાયણ એટલે ‘દરિદ્ર નારાયણ.’ જગતભરના દર્શનોને આકંઠ પી જનારો આવો મનીષી એમ કહે કે- નારાણ કરતાં પણ મારે મન દરિદ્ર નારાયણ મોટા; અધ્યાત્મ કરતાં પણ મારે મન દરિદ્ર નારાયણની સેવા સર્વોપરી..! બસઃ વિવેકાનંદને જે સર્વોપરી લાગે છે તે કાર્ય કરવું. એમણે દરિદ્ર નારાયણની સેવા કરવાના આશીર્વાદ મુનિ મહારાજ પાસે માગ્યા.

મુનિ મહારાજે અનુબહેનને ચાર જગ્યાઓ ચીંધી બતાવી. એક પોર, બીજું ઈંટોલા, ત્રીજું પોર ગામડી અને ચોથું ગોરજ. આ ચારમાંથી ગમે તે એક ગામ પસંદ કરી, ત્યાં આશ્રમ બનાવીને બેસી જવાની આજ્ઞા મુનિ મહારાજે આપી. અનુબહેને ચારે જગ્યાઓ જોઈ. ક્યાંક કેવળ આધ્યાત્મિક કાર્ય થઈ શકે તેવું હતું, ક્યાંક માત્ર સામાજિક પણ અનુબહેનને તો પેલાં દરિદ્ર નારાયણને સેવવાં હતાં. ભલે, વિવેકાનંદનો સાથ તો ના મળ્યો, પણ એમને ગમતાં ‘દરિદ્ર નારાયણ’ નાં માતા બનીને માતૃત્વને તો લીલુંછમ રાખવું હતું...!...! ગુજરાતી ભાષામાં રેખાચિત્રોની એક અલગ તાસીર ઊભી કરનાર રજનીકુમાર પંડ્યા લખે છે-

તા. ૧૦/૫/૧૯૭૮ ના દિવસે હાથમાં શ્રીફળ અને થોડોક સામાન લઈને એ વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના દોલાપુરા ગામના સરપંચ પૂંજાભાઈને આંગણે આવીને ઊભાં રહ્યાં. પૂંજાભાઈને ચોત્રીસ- પાંત્રીસ વર્ષની આ દેખાવડી બહેન વગડો વીંધીને આવી, એ જોઈને આશ્ચર્ય થયું. પણ એના કરતાં ય જ્યારે એની વાત સાંભળી ત્યારે લાગ્યું કે હમણાં હૈયું છાતી ફાડીને બારું નીકળી જાશે..! મારે અહીં ગોરજની સીમમાં વગડામાં વસવાટ કરવો છે. તમે મને થોડો સહકાર આપો, બાકીનું હું સંભાળી લઈશ.’

‘અહીં? આ સાવ વેરાન, બિકાળવા અને લૂંટફાટિયા પંથકમાં? અહીંથી સાત આઠ ગાઉ ડેસર નામનું ગામ છે. નાયકા લોકોનું. લૂંટફાટ, ચોરી, ઘરફોડ, ચોરી, ચીલઝડપ અરે એમને એમ માણસને માખીની જેમ મસળી નાખનારાઓનો આ આખો પટ્ટો છે. ‘બહેન, તને ખબર છે? તું જે જગ્યાએ ઝુંપડી બાંધીને રહેવાનું વિચારે છે, એ જગ્યા તો નાયક કોમ માટેની ચોરીના માલનો ભાગ પાડવાની જગ્યા છે. કારણ કે ત્યાં નદી છે, કોતરો છે, આ આખી વસ્તી આદિ માનવોની છે. સંસ્કાર, નીતિધરમ, સારું-બુરું જેવી કોઈ ગણતરી જ ત્યાં નથી.દિવસ-રાત, કાળું, ઘનઘોર અંધારું વ્યાપેલું છે. ત્યાં તું બાઈ માણસ એકલી રઈ શકીશ? વિંખાઈ જઈશ... પીંખાઈ જઈશ... જા... જા... જતી રહે... બહેન...’ પૂંજાભાઈ જેવો ભારાડી માણસ પણ બોલતાં બોલતાં કંપી ઊઠ્યો ને બે હાથ જોડીને અનુબહેનને વીનવવા લાગ્યો. અનુબહેનના હાથમાં મુનિ મહારાજે આપેલું શ્રીફળ હતું.. સામે વિવેકાનંદજી જાણે ઊભા હતા. ‘અહીં જ રઈશ... જીવું કે મરું...’ અનુબહેને એ જગ્યાએ જ પગ ખોડી દીધા. પૂંજાભાઈ આંખ મીંચી ગયા ભયથી...! આ બાઈને કેમ કરીને સમજાવી?

પૂંજાભાઈ અનુબહેનને ગોરજ વિસ્તારની ભયાનકતા સમજાવતા હતા, પણ અનુબહેનનું એક જ રટણ... ‘હું જવા માટે આવી નથી. અંધકારમાં ભૂસકો માર્યો છે. જાણીને માર્યો છે. ડર અંધકારનો નથી; અજ્ઞાનનો છે. ને જેને દૂર કરવાનું હોય એનાથી ડરીએ તો એ દૂર થઈ રહ્યું...’

પૂંજાભાઈ આ કાંઈ અષ્ટમ પષ્ટમ સમજ્યા નહીં. અનુબહેને કહ્યું- ‘થોડાક ઘાસના પૂળા આપો. મારી સાથે રાતવાસો રહેવા તૈયાર હોય એવી કોઈ વિશ્વાસુ હિંમતવાન બાઈ આપો. બાકી, એક વાત સમજી લ્યો; હું જ્યાં કુટિર બાંધીને રહેવા માગું છું, ત્યાં સામે જ મારા વયોવૃદ્ધ ગુરુ મુનિ મહારાજનું ખેતર છે. ભલે એ ત્યાં સદેહે નથી, પણ સતત મારી સાથે છે એમ લાગે છે. સાણંદથી નીકળતા પહેલા એમણે મને આ શ્રીફળ હાથમાં સોંપીને આશીર્વાદ આપ્યા છે, એના બળ ઉપર જીવી લઈશ.’

પૂંજાભાઈએ એમને પરાળના પૂળા આપ્યા. દોલીબહેન બારીયા નામના એક પડછંદ પંજાદાર બાઈને સાથે રાખી. થોડા વાંસ સાથે આપ્યા. અનુબહેન એ બધાને લઈને ગોરજ ગામના વગડામાં ગયાં. એક જગ્યાએ જાળાં-ઝાંખરાં સાફ કર્યા. છાણથી ભોંય લીંપી. વાંસડા ખોડ્યા. નીચે પરાળ, ઉપર છાપરે પરાળ, ત્રણ તરફથી ભીંત વાંસની, ખપાટની, મિજાગરાની જગ્યાએ સીંદરી બાંધેલા... વાંસના બારણે પણ પરાળ...! મુનિ મહારાજના ભક્તો એક નાનકડી મેટાડોરમાં થોડો સામાન મુકી ગયા હતા. તેમાં થોડાં વાસણો, સ્ટવ અનાજ, કપડાં- લત્તાં, ટોર્ચ જેવી ચીજો હતી. એ બધું ઝુંપડીમાં ગોઠવ્યું. રાત પડી ગઈ. બિચારી દોલીબહેન તો કોણીને ટેકે સૂઈ ગઈ. પણ બાજુમાં અનુબહેન ઓશીકાની જગ્યાએ કોણી રાખીને વિચાર કરતાં સૂતાં.

અહીં આ વગડામાં જ્યાં પુરૂષ જાતની પણ સલામતી નહોતી, ત્યાં પછી બાઈ માણસની તો વાત જ શું? પોતે આમ અહીં આવીને ભૂલ તો નથી કરીને? જિંદગીમાં પહેલીવાર કુટુંબ, સ્વજનોથી દૂર એકલી- અટૂલી વગડામાં આવીને ફેંકાઈ ગઈ છું, તે બરોબર તો કર્યું છે ને?

ત્યાં જ બહાર શિયાળવાની લાળી સંભળાઈ... ડર લાગ્યો, કંપી જવાયું. એ સમયે સૂતેલાં દોલીબહેન જાગી ગયાં ને કહ્યું- ‘બહેન, આ સાચાં શિયાળવાંની લાળી નથી. આ બાજુનાં લોકો અત્યારે ચોરી કરવા નીકળે... ગામલોકોને ભય પમાડવા એ આવો અવાજ ગળામાંથી કાઢે. હમણાં થોડીવારમાં આ તરફ એ લોકોનાં પગલાં સંભળાશે. તમે સૂઈ જાઓ. આપણે બીવું નહીં હોં...! ઉપરવાળો બેલી છે.’ દોલીબહેને આવું બધું સમજાવ્યું પણ એ રાત અનુબહેને સતત રડી રડીને કાઢી. સવાર સુધીમાં તો આખી કોણી આંસુથી પલળી ગઈ’ તી. એ પ્રથમ રાત...! સવારે ઊઠ્યાં ત્યારે સ્ટવ પેટાવીને દૂધ વગરનો ઉકાળો બનાવ્યો, ત્યાં બે આદિવાસી બાઈઓ આવીને જુવારનો રોટલો ને દૂધ આપી ગઈ. અને ભજિયાં સાથે ચટણી પીરસે એમ ભાણા સાથે ભય પીરસતી ગઈ. ‘ઠીક છે બેન, આજની રાત ભલે રિયાં બાકી અહીં તો ભલભલા બડકમદાર બંદૂકવાળાના છક્કા પણ છુટી જાય છે. ને તમે તો અસ્રીની જાત! વિચાર કરવા ય રેતાં નંઈ જતાં રેજો ઝટ...!

પગમાં રબ્બરનાં સ્લીપર પહેરીને અનુબહેન પગદંડીઓ પકડી પકડીને દોલીબહેનને સથવારે નજીકમાં જઈ શકાય તે ગામોમાં જઈ પહોંચ્યાં. સાંજ સુધીમાં પાછા ફર્યા ત્યાં સુધીમાં ચારેક ગામ પગ તળેથી નીકળી ગયાં હશે. જઈને જોયું તો જોવા એટલું મળે કે મા- બાપ, ચોરી ચાકરી, મજૂરી, દાડી, બળદગીરી (બળદની જેમ હળે જૂતવાનું) કરવા નીકળી પડ્યાં છે ને પાછળ ટાબરિયાં (છોકરાં) ઘરડાંઓની ઝાંખી નજર તળે ધૂળમાં આળોટે છે.

**ક્રમશઃ**

**કનુઆચાર્ય**

## નિક્લોડિયોન આ એક્ઝામ સિઝનમાં બાળાકોને તણાવ મુક્ત કરવા તૈયાર

પરીક્ષાના મોસમ માં નિકલડિયોન બાળાકો આસપાસ છે, ભારતના અગ્રણી બાળકોની મનોરંજન ચેનલ નવી ઉત્તેજક ઝુંબેશ સાથે આ તણાવપૂર્ણ સમયમાં બાળકોને મદદ કરવા તૈયાર છે. આ પરીક્ષામાં વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા મોસમ યાદગાર બનશે તેની ખાતરી કરવા માટે ફ્રેન્ચાઈઝી એક ઉચ્ચ ઓક્ટેન અભિયાન, નિકલડિયોન ’મસ્તી કા ટાઈમ ટેબલ’ અને સોનિક ’ શિવા બનાયે એક્ઝમ કુલ’ ને પ્રસારિત કરવા માટે તૈયાર છે.

યુનાઈટેડ કલર્સ ઓફ બેનેટોન દ્વારા સંચાલિત, આ અભિયાન આગામી થોડા સપ્તાહોમાં આઠ શહેરોમાં વિસ્તરેલ ૨૫૦ સ્કૂલોમાં ઉચ્ચ ડેસિબલ શાળા સંપર્ક કાર્યક્રમ દ્વારા જીવંત કરવામાં આવશે. ફ્રેન્ચાઈઝી પ્રવૃત્તિઓના આકર્ષક અને ઉત્તેજક રેખા દ્વારા પરીક્ષા સમય મુક્ત કરવા માટે તૈયાર છે જે બાળકોને મનની હાજરી વિકસાવવાનું અને સ્માર્ટને અભ્યાસ કરવામાં મદદ કરશે. આ ઝુંબેશો ખાતરી કરે છે કે બાળકો તેમના અભ્યાસમાં સંતુલન હાંસલ કરે છે જ્યારે એક સાથે થોડા સમય માટે પરીક્ષાની નિરાશા

## એરોસ્પેસ અને ડિફેન્સક્ષેત્રે ભારતનું સૌથી મોટું સિમ્યુલેશન અને કલાઉડ આધારિત ટ્રેનિંગ મેનેજમેન્ટ સોલ્યુશન પ્રોવાઈડર સંખ્યા ઈન્ફોટેક ભારતીય બજાર માટે આશાવાદી છે

એવિએશન (ઉડયન) અને ડિફેન્સક્ષેત્રે (સંરક્ષણ) વિશેષ કેન્દ્રીત સિમ્યુલેશન અને કલાઉડ આધારિત ટ્રેનિંગ મેનેજમેન્ટ સોલ્યુશન પ્રોવાઈડર બજારમાં અગ્રણી સંખ્યા ઈન્ફોટેક ભારતીય બજારમાં વૃદ્ધિ જોઈ રહયું છે. આવનાર દસકમાં વ્યાપારી એરક્રાફટની માંગ અને ઉડ્ડયનની વૃદ્ધિ બમણી થશે, જે વર્તમાન ૨૦,૦૦૦ એરક્રાફટ વધીને ૪૬,૦૦૦ કરતા વધારે થશે. મોટાભાગનો આ વિકાસ એશિયા અને યુએસમાં થશે જયાં ફલીટ રિન્યુઅલ (પ્લેનનો કાફલાનું નવીનીકરણ) ને પરિણામે આધુનિક ટ્રેનિંગ ટેકનોલોજીની માંગમાં વૃદ્ધિ થશે અને સંખ્યાએ તેનો વિકાસ એશિયન બજાર માટે અગાઉથી કરેલ છે. આ સ્થાનિક હાજરી સાથે માંગની પૂર્તિ માટે, સંખ્યાએ સિંગાપોરમાં તેની આંતર-રાષ્ટ્રીય પેટાકંપનીની સ્થાપના કરી છે. કંપની ઉત્તર અને દક્ષિણ અમેરિકાની બજારની માંગ સતોષવા માટે નોંધપાત્ર વિસ્તરણ યોજના ધરાવે છે. કંપની એવિએશન પાયલોટ માટે વિશ્વમાં સૌપ્રથમ ઈન્ટરનેટ આધારિત ટ્રેનિંગ રજુ કરવામાં અગ્રેસર છે અને હવે તે પ્રથમ અને એકમાત્ર એવી કંપની છે જે ઈમર્સિવ એક્સપેરિમેન્ટલ (પ્રાયોગિક) ટ્રેનિંગ ટુલ્સ સાથે એવીડન્સ બેઝડ (પુરાવા આધારિત) ટ્રેનિંગ પ્રદાન કરે છે. લગભગ બે દસકથી, સંખ્યા એરોસ્પેસ અને ડિફેશન્સક્ષેત્રે મજબૂત હાજરી ધરાવે છે અને એતિહાદ, એમીરેટસ, એરબસ, એમ્બ્રેયર, એર ફ્રાંસ, એલ્ટિાલીયા અને બોઈંગ જેવા અગ્રણી સાથે કાર્ય કરે છે. સંખ્યાની સફળ ટ્રેનિંગ અને લર્નિંગ (શીખવા) મેનેજમેન્ટનું ઉદાહરણ એતિહાદ એરવેઝ છે. તેના અનોખા સોલ્યુશનના પરિણામે એરલાઈન્સની સલામતીમાં અને નિયમનકારી પાલનમાં નોંધપાત્ર સુધાર થયો છે. એતિહાદ ટ્રેનિંગમાં વાર્ષિક ૧૨૦૦૦ દિવસોનો ઘટાડો કરી શકી છે

## નારાયણ કાર્તિકેયનની ૯૧૧ જીટીઉ પોર્શે સેન્ટર મુંબઈમાં આવે છે

નારાયણ કાર્તિકેયને પોરેશ સેન્ટર મુંબઈમાં નવા ૯૧૧ જીટી ૩નું વિતરણ કર્યું. મોડેલની ૫૦૦ એચપી, ચાર લીટર, છ સિલેન્ડર કે જે ટોર્કનું ૪૬૦ એનએમનું ઉત્પાદન કરે છે, શાનદાર ૯૧૧ જીટીઉ કપ રેસિંગ કારમાં પ્રયુક્ત વ્યક્તિથી લગભગ અપરિવર્તિત રહે છે.ઓક્ટોબર, ૨૦૧૭માં શરૂ કરવામાં આવેલ ૯૧૧ જીટીઉ હવે દેશભરમાં દરેક પોર્શ કેન્દ્રો પર બેઝિક રિટેઈલ પ્રાઈઝ ૨૩,૧૨,૦૦૦ રૂપિયા (એક્સ-શોરૂમ)ના મૂલ્ય સાથે ઉપલબ્ધ છે.

## વર્લ્ડ ગવર્મેન્ટ સમિટ ખાતે ડી પી વર્લ્ડે જમ્મુ કશ્મીર સરકાર સાથે કરાર કર્યો

દુબઈની સરકાર, વૈશ્વિક વેપાર ઘડનાર ડીપી વર્લ્ડ અને જમ્મુ અને કાશ્મીરની સરકારે ભારતીય રાજયમાં વેપારના આંતરમાળખાના વિકાસની તકોનું અન્વેષણ કરવા માટે મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડિંગ(એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે.મલ્ટી-મોડલ લોજિસ્ટિક પાર્ક અને હબમાં ચર્ચાઓ યોજાશે.

જમ્મુ, વેરહાઉસીઝ અને વિશિષ્ટ સ્ટોરેજ સોલ્યુશન્સ ધરાવે છે, જે કન્ટેનર, બલ્ક અને બ્રેક- બલ્ક કાર્ગોના ઈન્ટર મોડેલ ટ્રાન્સફરને પણ પ્રોત્સાહિત કરશે. વર્લ્ડ ગવર્મેન્ટ સમિટમાં બોલતાં, ડીપી વર્લ્ડ ગ્રુપના ચેરમેન અને સીઈઓ સુલતાન અહેમદ બિન સુલાયેમે જણાવ્યું કે, નવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સવલત દ્વારા ભારતીય અર્થતંત્ર વૃદ્ધિ પામશે અને અમે જમ્મુ અને કાશ્મીર સરકારના પ્રતિનિધિઓ સાથે આ ચર્ચાઓમાં પ્રવેશવા માટે ખુશી અનુભવીએ છીએ.

ભારતમાં ડીપી વર્લ્ડની કામગીરી દ્વારા વિકાસ અને આયાત કરેલ ચીજ-વસ્તુઓનું મૂલ્ય ૨૦૧૬માં લગભગ ૫૦ અબજ ડોલરનું થયું હતું, જે ભારતની કુલ નોન-ઓઈલ આયાત અને નિકાસમાં ૧૫ ટકા હિસ્સો ધરાવે છે. યુએઈ અને ભારત વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં ૩૦ વર્ષમાં ઈં૧૨૮ મિલિયનથી વધીને ઈં ૫૩ બિલિયનથી વધુનો વધારો થયો છે.

## વૈશ્વિક આઈટી સર્વિસ પ્રોવાઈડર કંપની હાઈ-ટેક ઈન્ફોસોફ્ટ દ્વારા સમગ્ર ભારતમાં એક્લેટ સ્ટોર લોન્ચ કર્યો

અમદાવાદ

આજે નવી પેઢીના લોકો માટે ઓનલાઈન માર્કેટીંગ અને શોપિંગ આધુનિક કન્સેપ્ટ છે. ગ્રાહકોને તેઓ જે ચીજ ખરીદવા માગે છે તેના વિશે કોઈ ચોક્કસ પ્રોડક્ટના શહેર કે વિશ્વમાં ગમે ત્યાં આવેલા શોરૂમમાં ગયા વિના જાણવાની આતુરતા હોય છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને હાઈટેક દ્વારા અનોખું પ્લેટફોર્મ (પોર્ટલ) એક્લેટ સ્ટોર્સ નામથી ભારતમાં રજૂ કરાયું છે જેમાં વિશ્વના વિવિધ ભાગોમાંથી વેપારીઓ કે જેઓ વિવિધ કોમોડિટીઝમાં કાર્યરત છે, તેઓ કોઈ ચાર્જ ચૂકવ્યા વિના રજિસ્ટર થઈ શકે છે અને તેઓ તેમની સમગ્ર ઈન્વેન્ટરીને વેબસાઈટ પર મૂકી શકે છે જ્યાં સંભવિત ગ્રાહકો એ જ પોર્ટલ પરથી ઓર્ડર મૂકી શકે છે. એક્લેટ સ્ટોર સાથે શરૂઆત કરવા માટે www.eclat-stroes.com ની મુલાકાત લો.

## અંબુજા સીમેન્ટ ફાઉન્ડેશન ગુજરાત સીએસઆર ઓથોરિટી એવોડ્ર્સ ૨૦૧૮ દ્વારા સન્માનિત

GUJARAT CSR AUTHORITY
An Initiative by Government of Gujarat
pwc
NATIONAL CSR CONCLAVE AWARD 2018
CSR for

વોટર રિસોર્સ મેનેજમેન્ટ અને એગ્રો આધારિત આજીવિકા માટે વ્યૂહાત્મક અને સંકલિત સહભાગિતા માટે એવોર્ડ પ્રાપ્ત કર્યો અંબુજા સીમેન્ટ ફાઉન્ડેશન (એસીએફ) કે જે ભારતની અગ્રણી સીમેન્ટ કંપની અંબુજા સીમેન્ટ્સ લિ.નો સીએસઆર વિભાગ છે તેણે ગુજરાત સીએસઆર ઓથોરિટી એવોર્ડ ૨૦૧૮ તરફથી સ્ટ્રેટેજિક એન્ડ કોહેસિવ સીએસઆર પાર્ટનરશીપ પ્રોજેક્ટ - કેટેગરીમાં પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. આ એવોર્ડ તેને અંબુજાનગર (કોડિનાર) વિસ્તાર માટે જ નહીં પણ સમગ્ર ગુજરાત માટે શરૂ કરવા માટે મળ્યો છે.

એમડી અને સીઈઓ અજય કપૂરે કહ્યું હતું, ‘પોતાના સિલ્વર જયુબિલી વર્ષની ઉજવણી સાથે એસીએફ દ્વારા અમારા પ્લાન્ટની આસપાસના સમુદાયો સાથે સામેલ રહીને કાર્યો કરવામાં આવે છે અને તેનાથી જ અમને કાર્યરત રહેવાની અનુમતિ મળે છે. અમારા તમામ સોશિયલ ડેવલપમેન્ટના કાર્યો સ્થાનિક સ્તરની આવશ્યકતાઓ અને તકોને ખાસ નજરમાં રાખીને તૈયાર કરાયેલા હોય છે. આ એવોર્ડ આ દિશામાં કરાયેલા અદભૂત કાર્યોના પુરાવા સમાન છે.’ આ સાથે તેમણે ટીમને તેના પ્રભાવશાળી પર્ફોર્મન્સ માટે અભિનંદન પણ પાઠવ્યા હતા.

## ઝી ક્લાસિક પ્રસારિત કરે છે, સુપર હિટ ‘રામ લખન’ રવિવાર ૪ માર્ચ, સાંજે ૭ વાગ્યે



રામ લખન એ બે ભાઈઓ રામ (જેકી શ્રોફ)- જે એક નૈતિક પોલિસ ઓફિસર છે અને પડકારનાર લખન (અનિલ કપૂર)ની વાર્તા છે, જેઓ તેમની વચ્ચેના મતભેદો ભૂલીને તેમના પિતાની મૃત્યુના જવાબદાર તેના પિતરાઈ ભાઈઓની સામે બદલો લેવા માટે હાથ મિલાવે છે, સાથોસાથ તેમની માતા શારદાનું સન્માન પણ પાછું મેળવે છે. ઝી ક્લાસિક તેના પ્રસ્તાવ ‘વો ઝમાના કરે દિવાના’ હેઠળ આ લલચાવનારું નાટ્ય રવિવાર ૪થી માર્ચ, ૨૦૧૮ના રોજ રજૂ કરશે. સુભાઈ ઘાઈ દ્વારા પ્રોડ્યુસ અને ડિરેક્ટર કરવામાં આવેલા રામ લખનમાં જેકી શ્રોફ, અનિલ કપૂર, રાખી, માધુરી દિક્ષીત, ડિમ્પલ કપાડિયા, અમરિશ પૂરી અને અનુપમ ખેર. ઠાકુર પ્રતાપ સિંઘ (દિલીપ તાહિલ)ની સાથે લગ્ન કરીને શારદા (રાખી)નો તેના બે દિકરા સાથેનો ખુશનુમા પરિવાર છે, જેમાં મોટો દિકરો દત્તક લિધેલો હોય છે. તેમની આ જિંદગી પર તેમના પિતરાઈ ભાઈઓ ભિશંમ્બર (અંબરીષ પુરી) અને ભાનુ (પરેશ રાવલ)ની નજર હોય છે.

## ફરાળી રેસીપી - સાબુદાણાના વડા....

સામગ્રી - ૨૦૦ગ્રામ સાબુદાણા, ૨૫૦ ગ્રામ બટાકા, ૧૦૦ગ્રામ સીંગદાણા, લીલા મરચાં ૫ થી ૬ નંગ, જીરું એક ચમચી, ખાંડ બે થી ત્રણ ચમચી, બે નંગ લીંબુનો રસ, ઝીણા સમારેલા લીલા ધાણા એક કપ, મીઠુ સ્વાદ મુજબ અને તળવા માટે તેલ.

બનાવવાની રીત - સાબુદાણાને રાત્રે પલાળી મૂકવા, તેમાં પાણી અડધો કપ જેટલુ જ રહેવા દેવુ. સવારે સાબુદાણા ફૂલી જશે. સીંગદાણા સેકીને છોલી લો અને તેને મિક્સરમાં વાટી લો. બટાકાને બાફીને છોલી લો. હવે સાબુદાણાની અંદર બટાકાને મસળી લો. તેમા સીંગદાણાનો ભૂકો, લીલા મરચા ઝીણા સમારીને નાખો, જીરુ, ખાંડમ મીઠુ, લીંબુનો રસ અને ધાણા નાખીને તેને સારી રીતે મસળી લો.

હવે આ મિશ્રણના ગોળ વડા બનાવી તેને થોડા ડબાવી વચ્ચે ટચલી આંગળી વડે કાણું પાડી દો. બધા વડા આ રીતે બનાવી લો. એક કઢાઈમાં તેલ લઈને તેને ખૂબ તપાવી લો. પછી ધીમા ગેસ પર બધા વડા તળી લો.

દહી સાથે કે લીલી ફરિયાળી ચટણી સાથે આ વડાને ગરમા-ગરમ પીરસો.

# પ્યાર હુઆ ચૂપકે સે... પણ પછી શું ?...

### નારી ચેતના

પ્રેમની શરૂઆતનો તબક્કો કલ્પના જગતનો છે. આ લક્ષણો થોડાક મહિના અથવા એકાદ વર્ષ ટકે છે. પછી પ્રેમનો બીજો તબક્કો શરૂ થાય છે. આ તબક્કો વધુ વાસ્તવિક હોય છે. રોમાંચ, કલ્પના, સપનાં આટલા વખતના સાથ દરમ્યાન સાકાર થવા લાગ્યા હોય. પરંતુ થોડા વર્ષો બાદ બન્ને વચ્ચે ચકમક ઝરે છે, વાદ-વિવાદ થાય છે અને ઝઘડા પણ થવા લાગે છે

જ્યારે કોઈ બેસ્ટ ફ્રેન્ડ ઉપર આપણો ભરોસો આપણી જાત કરતાંય વધી જાય તો પ્રેમના બીજ અંકુર પામે છે. એ પ્રેમની લાગણીમાં કશુંય મેળવવાની ઝંખના હોતી નથી. કોઈક આપણને વધારે ગમવા લાગે, કારણ કે આપણને ખાતરી થઈ જાય છે કે જીવનના કોઈપણ પ્રસંગે, ગમે તેવા કપરા સંજોગોમાં પણ આ વ્યક્તિ મારી પડખે જ રહેશે, મને મદદ કરે. મારા દુઃખ, દર્દ મારો ભાર ઓછો કરવા સતત પ્રયત્ન કરશે.'મારે તારી સાથે વાત નથી કરવી' અથવા 'હવે કદી તારું મોં ન બતાવીશ.' એવું આવેશથી કહી દેવામાં જરાય ખચકાટ નથી થતો કારણ કે એક વાતની ખાતરી હોય છે કે એ મને છોડી જશે નહીં. મને તરછોડશે નહી.પ્રેમનું મહત્ત્વનું લક્ષણ એ છે કે આપણને એ વ્યક્તિ માટે સતત કશુંક કર્યા કરવાની ઈચ્છા થયા કરે છે તેને ખુશ કરવાની ઈચ્છા થયા કરે છે.

એની સાથે જીવન જીવવા મળે તો અહોભાગ્ય લાગે. પણ એની સાથે લગ્ન ન થઈ શકે તો જીવનભર એને ખુશ કરવાની એને સુખી કરવાની ઈચ્છા થયા કરે. એની સાથે વાતો કરતી વખતે, મળતી વખતે ૪૮ ડિગ્રી તાપ હોય તો પણ ગરમી લાગતી નથી. ધોધમાર વરસાદ હોય તો પણ બીક લાગતી નથી. કયાં જઈ રહ્યા છીએ એની ખબર રહેતી નથી. બસ એ બોલે અને આપણે સાંભળ્યા કરીએ. આપણે બોલીએ અને એ સાંભળ્યા કરે.સમય વીતે જ નહી એવી ઈચ્છા થાય.એને જોતાં જ ચહેરા પર વિશાળ સ્મિત આવે અને પછી એની હાજરી હોય ત્યાં સુધી એ સ્મિત જાય જ નહી ! એની નાની-નાની વાતે ખડખડાટ હસી પડીએ. આંખ વારંવાર એની ઉપર મંડાઈ જાય. એની નજીક ઊભા રહેવાની બેસવાની ઈચ્છા થાય. એના હાથ, ખભા, પીઠ, પગ કોઈપણ ભાગને સ્પર્શ થતાં જ શરીરમાં રોમાંચ દોડી જાય રાત્રે સ્વપ્ન એના આવે. કોઈપણ વાતે 'એ' હોત તો કેવું થાત. એવો વિચાર આવી જ જાય. આ બધા લક્ષણ પ્રેમના છે. એ તબક્કો કલ્પનાજગતનો છે.આ લક્ષણો પ્રેમની શરૃઆતના છે. આ લક્ષણ થોડાક મહિના અથવા એકાદ વર્ષ ટકે છે. પછી પ્રેમનો બીજો તબક્કો શરૃ થાય છે. આ તબક્કો વધુ વાસ્તવિક હોય છે. રોમાંચ, કલ્પના, સપનાં આટલા વખતના સાથ દરમ્યાન સાકાર થવા લાગ્યા હોય. બંને એકબીજાનો સાથ નહીં જ છોડે એની ખાતરી થવા લાગી હોય ત્યારે હવે પછી શું કરીશું, શી રીતે કરીશું, કયારે કરીશું એના વિચાર શરૃ થાય છે. અહીં યુવતીઓ વાસ્તવવાદી બને છે અને બધું ચોકસાઈથી પ્લાન કરી નક્કી કરી લેવા માંગે છે ત્યારે છોકરાઓનો અભિગમ 'પડશે એવા દેવાશે'નો હોય છે. એ લોકો ગોલ સેટ કરી લે છે. એ ક્યારે થશે એની ટાઈમ ફ્રેમ ખૂબ ચોક્કસાઈથી નક્કી કરી લેતા નથી એક અંદાજ રાખે છે કે આવું બે વર્ષનાં કે પાંચ વર્ષમાં થઈ જશે. ન થાય તો સાત વર્ષમાં થશે. ત્યારે યુવતી આગ્રહ રાખે છે કે બે વર્ષ, ત્રણ વર્ષ, ચાર વર્ષ, પાંચ વર્ષ, છ વર્ષ કે સાત વર્ષ? કોઈ એક આંકડો કહો.આ સમયગાળામાં બંને વચ્ચે ખૂબ ચકમક ઝરે છે વાદવિવાદ થાય છે. ઝઘડા પણ થઈ જાય છે. અબોલા પણ થઈ જવાય છે. આ પ્રેમની કસોટીનો કાળ હોય છે. એમાં નક્કી થાય છે કે કોને વધારે પ્રેમ, વધારે લાગણી છે.પ્રથમ તબક્કામાં એકબીજાને બરાબર જાણી-માણી લીધા પછી બંને પોતાના ભવિષ્યનું આયોજન શરૃ કરે છે. ભવિષ્ય વિશે પોતપોતાના સપનાં એકબીજાની સામે રજૂ કરે છે. થોડાક દિવસની મથામણ પછી બંને નક્કી કરી લે

અનુસંધાન પાના નં.૬ ઉપર

# બાળકો માટે હેલ્થી ટિફિન આઈડિયાઝ

### બાળ ઉછેર

બાળકો ખૂબ મૂડી હોય છે. તેથી આ વાતનો ખ્યાલ રાખો કે બાળકોને લંચ એ પ્રકારનો હોવો જોઈએ કે તેને વધુથી વધુ પૌષ્ટિક તત્વ મળી શકે અને લંચ તેમની પસંદનો પણ હોય. મોટાભાગે ફળ અને સલાદ ખાવામાં નખરા કરે છે. પણ તેમને વિવિધ શેપ.. સાઈઝ અને ડિઝાઈનમાં કાપીને અને કલરફુલ લુક આપીને ખાવા માટે પ્રેરિત કરો..

જાણો કેટલીક જરૂરી વાતો

- કેટલાક બાળકો ખાવામાં વધુ સમય લગાવે છે. તેથી તેમનો લંચ ટેસ્ટી.. સિંપલ અને ઈઝી ટુ ઈટ હોવો જોઈએ

-અનેકવાર ટિફિન એ રીતે પેક કરવામાં આવે છે કે બાળકો હાથ ગંદા કરી લે છે. કે પછી પેકિંગ ખોલી નથી શકતા. તેથી ટિફિનમાં લંચ એ રીતે પેક કરો કે બાળકો સહેલાઈથી તેને ખોલીને ખાઈ શકો.

- સેંડવિચેજ. રોલ્સ અને પરાઠાને કાપીને આપો જેથી બાળકો તેને સહેલાઈથી ખાઈ શકે..

- જો લંચ બ્રેક માટે સફરજન, તરબૂચ, કેળા વગેરે આપી રહ્યા છો તો તેને છોલીને બીજ કાઢીને અને સ્લાઈસમાં કાપીને આપો.

- ટિફિન ખરીદતી વખતે આ વાતનુ ધ્યાન રાખો કે ટિફિન એવુ હોય જેને બાળકો સહેલાઈથી ખોલીને બંધ કરી શકે.

- જો તમારુ બાળક ૬-૭ વર્ષથી વધુ વયનુ છે તો તેને માટે ઈંસુલેટેડ ટેડ લંચબોક્સ ખરીદો.. તેમા લંચબોકસ અને વોટર બોટલ એક સાથે આવી જાય છે અને આ હાઈજીનિક પણ હોય છે.

- બાળકોને ટિફિનમાં ફ્રાઈડ ફૂડ ન આપશો. જો કટલેટ કબાબ અને પેટિસ વગેરે આપી રહ્યા છો તો તે પણ ડીપ ફ્રાય કરેલા ન હોય.

ટિફિનમાં શુ આપશો ?

- લંચમાં ખાવાની જુદી જુદી વેરાયટી બનાવીને આપો. દાખલા તરીકે ક્યારેક ફ્રૂટ્સ આપો તો ક્યારેક સેંડવિચ. કયારેક વેઝ રોલ તો ક્યારેક સ્ટફ્ડ પરાઠા

-બાળકોને ટિફિનમાં ફ્રૂટ્સ અને વેઝીટેબલ (કાકડી ગાજર વગેરે) પણ આપી શકો છો. પણ સલાદમાં ફક્ત એક જ ફળ કાકડી કે ગાજર કાપીને ન આપશો.. પણ કલરફુલ સલાદ બનાવીને આપો.. બાળકોને કલરફુલ વસ્તુઓ આકર્ષિત કરે છે.

- કાકડી ગાજર અને ફળ વગેરેને શેપ કટરથી કાપીને આપો. આ શેપસ દેખાવમાં સારા લાગે છે અને વિવિધ શેપ્સમાં કાપેલી વસ્તુઓને જોઈને બાળકો ખુશ થઈને ખાઈ પણ લે છે.

- સલાદને કલરફુલ અને ન્યૂટ્રિશિયસ બનાવવા માટે તેમા ઈચ્છા મુજબ દેશી ચણા, કોર્ન બદામ કિશમિશ વગેરે પણ નાખી શકો છો.

- ઓમેગા ૩ ને બ્રેન ફૂડ કહે છે જે મસ્તિષ્કના વિકાસ માટે ખૂબ લાભકારી હોય છે તેથી તેને લંચમાં વૉલનટ, સ્ટ્રોબેરી, કીવી ફ્રૂટ સોયાબીસ, ફ્લાવર, પાલક, બ્રોકલી, ફ્લેક્સસીડથી બનેલી ડિશ આપો.

- વ્હાઈટ બ્રેડ બાળકોના સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડે છે તેથી વ્હાઈટ બ્રેડને બદલે મલ્ટીગ્રેન બ્રેડથી બનેલી સેંડવિચ અને રોલ્સ વગેરે આપો. આ રોલ્સમાં શાકભાજી સલાદ અને ચીજ વગેરે ભરીને તેને અધિક હેલ્થી અને ટેસ્ટી બનાવી શકો છો.

- લંચમાં જો ડેરી પ્રોડક્ટ આપવા માંગો છો તો ચીઝ સ્ટ્રિક્સ અને દહી આપી શકો છો. દહી આપો તો તાજુ આપજો

- લંચ સમયે બાળકોને વધુ પ્રોટીનની જરૂર હોય છે તેથી તેમને લંચમાં પીનટ બટર દાળ પરાઠા કાબુલી ચણા સોયા પનીર બીંસ વગેરે બનાવીને આપો

- હેલ્થી લંચ સાથે બાળકોને પાણીની બોટલ કે ફ્રૂટ જ્યુસ પીવા માટે આપો

- ક્યારેક ક્યારેક પરાઠા સલાદ સેંડવિચને બદલે હેલ્દી સ્નેક્સ પણ આપી શકો છો જેવા કે ફ્રૂટ બ્રેડ રાઈસ કેક મફિંસ ફ્રૂટ કેક ક્રૈકર્સ વગેરે

## રસથાળ

### ખીચું

સામગ્રી - ૨૫૦ ગ્રામ ચોખાનો લોટ, ૧ ચમચી જીરા પાવડર, બે ચમચી વાટેલા મરચાનું પેસ્ટ, મીઠુ સ્વાદમુજબ, ચપટી સોડા.

બનાવવાની રીત - એક પ્લાસ્ટિકના બાઉલમાં બધી સામગ્રી મિક્સ કરીને બરાબર હલાવી લેવુ. આ મિશ્રણને ઓવનમાં ૩-૪ મિનિટ માટે મુકી દેવુ. બહાર કાઢીને ફરી સારી રીતે હલાવી લેવુ અને પછી ૨-૩ મિનિટ ઢાંકીને ફરી ઓવનમાં મુકવુ. બહાર કાઢીને ગરમા ગરમ તેલ નાખીને પીરસવું.

### વાસી ભાતના પકોડા

શુ તમે વાસી ભાત ફેંકી દો છો ? ઘણા લોકો આવુ કરે છે. કારણ કે તેમને ખબર નથી હોતી કે વધેલા ભાત પણ ખૂબ કમના હોય છે. અહી અમે તમને એક આવી જ ડિશ બતાવી રહ્યા છે જેને તમે રાતના વધેલા ભાત દ્વારા બનાવી શકો છો. સાંજની ચા સાથે વાસી ભાતથી બનેલ સ્નેક્સનો સ્વાદ તમને જરૂર ગમશે.

સામગ્રી - એક મોટી વાડકી વાસી ભાત, ૪ મોટી ચમચી બેસન, ૧ ડુંગળી ઝીણી સમારેલી, ૨-૩ લીલા મરચા ઝીણા સમારેલા, ૧ મોટી ચમચી સમારેલા ધાણા, ૧ નાની ચમચી ધાણાજીરુ, અડધી ચમચી ગરમ મસાલો, અડધી ચમચી લાલ મરચુ, મીઠુ સ્વાદમુજબ. તળવા માટે તેલ.

બનાવવાની રીત - રાતના બચેલા ભાતને એક મોટા વાડકામાં કાઢી લો. તેમા બેસન નાખીને સારી રીતે મસળી લો. બેસનને એ રીતે મસળો કે તેમા ગાંઠ ન રહી જાય. હવે બધા મસાલાને આ બાઉલમાં નાખીને મિક્સ કરી લો. તેમા ડુંગળી, ધાણા અને લીલા મરચા પણ નાખીને હાથથી દબાવીને મિક્સ કરી લો. હવે આ મિશ્રણ દ્વારા વેલણના શેપના ગોળ તૈયાર કરી લો. એક વાસનામાં પાણી ઉકાળો. જ્યારે પાણી ઉકળી જાય ત્યારે તેમા ૨-૩ ચમચી તેલ નાખી દો. હવે આ તૈયાર પકોડાને આ પાણીમાં નાખીને થોડી વાર સીઝવા દો. થોડીવાર પછી ઢાંકણ હટાવીને જોશો તો પકોડા ઉપર આવી જશે.

હવે એક બીજી કડાહીમાં તેલ ગરમ કરવા માટે મુકો. તેલ તપી જાય ત્યારે પકોડા પાણીમાંથી કાઢીને સુકાવી લો. જ્યારે પાણી સુકાય જાય ત્યારે તેને ડીપ ફ્રાય કરી લો. ગરમાગરમ પકોડા ચા સાથે સર્વ કરો.

### મગ મઠના ચિલા

સામગ્રી- - આખા મગ ૧ કપ, મઠ ૧ / ૨ કપ,છીણેલું ચીઝ - ૧કપ,સમારેલી ડુંગળી ૨, ૨ ટામેટા, લીલા મરચાં -૨,મોથમીર, મરી અને મીઠું સ્વાદપ્રમાણે

બનાવવાની રીત - મગ અને મઠને અંકુરિત કરી મિક્સરમાં ગ્રાઈંડ કરી ઢોંસા જેવો ખીરું બનાવી લો. એમાં મીઠું અને મરી મિક્સ કરો.હવે તવા ઉપર તેલ લગાવી ખીરું પાથરો. જ્યારે થોડું શેકાઈ જાય તો સમારેલી શાકભાજી અને પનીર છંટકાવ કરી .ચમચીથી હળવા દબાવો, અને શેકી સૉસ કે ચટણી સાથે ગરમ -ગરમ સર્વ કરો. આરોગ્ય માટે લાભકારી મગ-મઠનો ચિલા તૈયાર છે.

# જિંદગી રે જિંદગી

### આગ ભીતર ભીતરની

**રેણુ વિષ્ણુકુમાર બારોટ**

નાના હતા.રખડવાની મજા આવતી.રોજ કોઈને કોઈ જગ્યા ઝપટે ચડી જતા. ત્યાં પહોંચી જતા અને રમવા માંડતા.વચ્ચે વચ્ચે કોઈ નાની બાબતે વળી રીસાઈ જતા અમારી રીસ આકાશી વાદળ જેવી રહેતી હતી. ઘડીકમાં છવાઈ જાય અને ઘડીકમાં વિખેરાઈ જાય. પાછા બુચ્ચા થઈ જતા. જેમ કિટ્ટા કરવામાં આનંદ હતો એનાથી બેવડો આનંદ બુચ્ચામાં હતો પછી બિલાડી બાગે પહોંચી જતા. અમારા ગામનો એ બાગ બિલાડી બાગના નામે ઓળખાતો હતો જોકે ત્યાં માંડ એકાદ કોઈ બિલાડી હશે.એ મામલે અમોએ બાગના રખેવાળ એવા માળીને પુછેલુ 'રાધે શ્યામજી..' બિલાડી બાગના રખેવાળ માળીનું નામ રાધે શ્યામજી...'આ બાગનું નામ બિલાડી બાગ કેમ છે.?' અહીં તો એકેય બિલાડી દેખાતી નથી.કાયમ ગરમ ટોપી પહેરી રાખતો રાધેશ્યામજી હસતો. અમને જવાબ આપતો નહી. પણ એની પત્નિ જાનકી અમોને વઘારેલા મમરા અને ચણા આપતી. પછી કહેતી 'અબ જાવ..ઝુલે પે જાકર ઝુલો..' જાનકીએ આપેલા મમરા લઈ ઝુલે હિંચકે જતા અને ઝુલવા માંડતા. જુની થઈ ગયેલી સાંકળો..કડાં..એવા અવાજ કરતા કે આખાય બિલાડી બાગમાં ઘુમરાઈ વળતાં. એ અવાજને સાંભળી રાધેશ્યાનજી એના ખાટલામાં પડ્યો પડ્યો ત્યાંથી જ બુમ પાડતો...સાલે..ગીરોગે...મર ોગે...

પણ અમે જીવતા હતા. બિલાડી બાગમાં બે-ત્રણ કલાકની ધમાધમી રહેતી. પછી ઘાસમાં આવતા પંખીઓ જોતા. ક્યાંક લક્કડખોદ ઝાડના સુકા થડને એની ચાંચથી કાણુ પાડવા પ્રયાસ કરતો તો ન જોણે ક્યા ઝાડ પરથી તુક..તુક..તુક...તુક..પંખીનો અવાજ આવતો. અમે ઘટાદાર વૃક્ષોમાં નજરના અશ્વને છુટા મુકતા પણ એ અવાજ કરનારું પંખી પકડાતું નથી. બગીચામાં અમે ઘણાય દિવસો સુધી એ પંખીને પકડવાનો પ્રયાસ કર્યો પણ..

પણ કુવારા પાસેના પાણીમાં પાંખો ફફડાવી સ્નાનમાં લિપ્ત થયેલા કબુતર જોવા મળી જતા. અક્કડ-ફક્કડ એવી કાબર.. અમને કોઈ ધનવાન શેઠાણી જેવી લાગતી. ઘણીવાર કહેતા 'જો જો શેઠાણી આવ્યા છે. અમોને ઠસ્સો જો જો...' અમને કબુતર કરતા કાબર શેઠાણીમાં વધુ રસ પડતો પણ એતો અમારી ભાવનાની પરવા કર્યા વિના જ અમારી કશી નોંધ કર્યા વિના ઉઠી જતી. એની વીજાતી પાંખોમાંથી ફટ ફટ ફટ અવાજ આવતો અમે ચારે જણ એ ભણી આંગળી કરતા અમે જોયેલી શેઠાણી તરીકે માનેલી એ કાબર ક્યાંક ખોવાઈ જતી પણ અમને થતુ. આપણે જો પંખી હોત તો..આમ ઉડી જાત ના નોકરી ની ચીંતા..ના ભણવાની..

અમને ચારે જણને ભણવાનું જરાય ગમતું ન હતું.અમને થતુ અમારા ચાલે તો ભણવાની બધી ચોપડીઓ ગામમાં આવેલા ધૂણપું તળાવમાં પધરાવી આવત એ પછી કિનારે બેસીને શોક કરત..બિલકુલ સ્મશાનમાં કોઈ ખેલ કરે છે એવો પણ એતો અમારી રોજની કલ્પના હતી.ભણવાની બાબત પર ગુસ્સો..ચોપડીઓની જળસમાધી પછી નિશાળનો એ સમય યાદ આવી જતો ના માઈક ના ઢોલ કે ના કોઈ હોર્મોનિયમ..પ્રાર્થના ગવાતી વંદે માતરમ ગવાતુ.શાળાના રઈબહેન પટેલ સમાચારની ચાર લાઈનો કહેતા. બાદમાં શિસ્તબધ્ધ રીતે દાદરેથી ઉપર જતા. આ દરમિયાન કોઈ કાંઈ શરારત કરતું નહીં.જો શરારત કરી હોય તો દેવાની બહેન શાહની ચશ્માની બીજા પારે આવેલી ચકોર આંખ પકડી પાડતી અને ગુનેગારને બે ફુટપટ્ટીનો માર હાથ પર ઝીલવો પડતો. ચુપચાપ વર્ગમાં જઈને જગ્યા નિર્ધારિત હોય ત્યાં બેસી જતા.

શાળામાં રઘલો પ્રાર્થનાઓ સરસ ગાતો તેથી અમને તેની પર અદેખાઈ આવતી.ક્યાંક એને સાઈકલની ટ્યુબે મારવાની ઈચ્છાઓ જાગી આવતી પણ એકતો એ સાહેબોનો પ્યારો હતો. સાહેબોને જી જી કરતો રહેતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં રઘલો છવાઈ જતો. આચાર્ય સાહેબની ખુરશી પાસે એને ઉભા રહેવા મળતું. ગાવા મળતું. અમે ચારે એને જોઈને દાઝે બળતા પણ પણ કશું વળતું નહી. અમને મારનો ડર હતો.એમાંય દેવયાની બહેનનો તો ખાસ, અમે તો એમને જોતા કે જાણે આઘાપાછા થઈ જતા.

શાળા જીવનમાં અમારી છાપ રેઢીયાળની હતી.વર્ગમાં કશુંક આડું અવળું થાય તો

અનુસંધાન પાના નં.૬ ઉપર

## વિજ્ઞાનીઓનાં જીવન અને જીવન પ્રસંગ વૈજ્ઞાનિક વિચારના પ્રસાર માટે દાખલારૂપ હોય છે

### શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

માનવજાત પર ઘણો મોટો ઉપકાર કરનાર એક વર્ગ વિજ્ઞાનીઓનો છે. માનવીમાં દુઃખ દર્દ દૂર થાય, એનાં કામ આસાન થાય, ઉત્તર ચીજ વસ્તુઓ ઝડપથી પેદા થાય, કામ કરવા માટે એને પોતાની શક્તી ઉપરાંત અનેક પ્રકારની ઉર્જા મળે, એને ભણવા અને જ્ઞાની બનવા માટેના સરળ સાધનો મળે, એની યાતયાત સહેલી અને સલામત અને ઝડપી બને, માનવી એકબીજા સાથે અસાનીથી વાતચીત કરી શકે એવા અનેક ઉમદા હેતુઓ માટે રીતો, સાધનો અને યંત્રો શોધવાનું કામ વિજ્ઞાનીઓ કરતા રહ્યા છે. હજારો વર્ષ અગાઉ ઘણાં જ્ઞાનીઓ આ દિશામાં કામ કરતા હતા. આજે પણ આ કામ થઈ રહ્યું છે. ત્યારે આ વિજ્ઞાનીઓ અંગેની કેટલીય દંતકથાઓ, મનઘડંત વાતો કે પ્રસંગો વાર્તાઓ કે ટી.વી. સિરીયલોમાં આપણે જોઈએ છીએ. જેમાં વિજ્ઞાનીઓને ધુની, ભૂલકણા, લઘરવઘર રહેનારા દેખાડવામાં આવે છે. ત્યારે પ્રશ્ન થાય કે શું ખરેખર વિજ્ઞાનીઓ એવા હોતા હશે. સતત નવું વિચારતા રહેતા વિજ્ઞાનિઓ ક્યાકેક ચક્રમ જેવા લાગેય ખરા, હોય પણ ખરા. પરંતુ બધા વિજ્ઞાનીઓ એવા નથી હોતા. ઘણાખરા વિજ્ઞાનીઓ સમજુ, ભાવક, પરગજુ, સ્વાભિમાની, દેશપ્રેમી અને વિચારશીલતાના આગ્રહી હોય છે. તેઓ વહેમ, અંધશ્રદ્ધા, બકવાસ ક્રિયાકાંડ વગેરેના વિરોધી હોય છે એટલે એમનાં જીવન એમનાં જીવન પ્રસંગો વૈજ્ઞાનિક વિચારના પ્રસાર માટે દાખલારૂપ હોય છે.

આજે મારે તમને એવા જ વિજ્ઞાનીઓની કેટલીક પ્રસંગકથાઓ પર લખાયેલ પુસ્તકની વાત કરવી છે. જેમાં ૧૦૧ વિજ્ઞાનીઓની વાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે વિજ્ઞાનીઓના વિચાર અને વર્તનનું ઉદાહરણ તો રજૂ કરે જ છે. સાથે સાથે વાંચનારાના વિચારોનું પણ ઘડતર કરે છે. આવું વાંચન આદર્શ છે.

'૧૦૧ વાતો વિજ્ઞાનીઓની' પુસ્તકમાંથી પસાર થતાં પુસ્તકમાં વર્ણવવામાં આવેલ વિજ્ઞાનીઓની આ પ્રસંગ કથાઓની કોઈ અનુક્રમણીકા આપવામાં આવી નથી. સીધો જ વાચક પ્રસંગ કથાઓમાં

અનુસંધાન પાના નં.૬ઉપર

# બાળકના જન્મ બાદ પણ પાર્ટનર સાથે કેમિસ્ટ્રી જાળવો

### નારી

લગ્ન પહેલા પતિ-પત્ની વચ્ચે જે પ્રેમ હોય છે તે પ્રેમ લગ્ન બાદ ગાઢ બને છે. લગ્ન પહેલા તેઓ હરવા-ફરવા જતા હોય છે, પરંતુ જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારબાદ પહેલાની જેમ પોતાના પ્રેમને દર્શાવવાના સમયનો અભાવ હોય છે. બાળકના જન્મ બાદ પણ પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ પહેલાની માફક જ અકબંધ રહે તે માટે પતિ-પત્નીએ પ્રયાસરત રહેવું જોઈએ

લગ્ન પહેલા પતિ-પત્ની વચ્ચે જે પ્રેમ હોય છે, લગ્ન બાદ તે પ્રેમ વધારે ગાઢ બને છે. લગ્ન પહેલા તેઓ હરવા ફરવા જતા હોય છે, પરંતુ જ્યારે બાળકનો જન્મ થાય છે, ત્યાર બાદ પ્રેમ તો હોય છે, પણ પહેલાંની જેમ પોતાના પ્રેમને દર્શાવવાના સમયનો અભાવ હોય છે. જેના કારણે પતિ-પત્ની વચ્ચે પોતાના વિશે વાત કરવી પણ તેઓ પસંદ કરતા નથી, અને ઘણી વખત એમ પણ બને છે કે બંને એકબીજા માટે સમય કાઢવા ઈચ્છતા હોય પણ ગેરસમજ થતી હોય છે, કે હવે પોતાનો પાર્ટનર તેને સમય નથી આપી શક્તો કે શક્તી. આ જવાબદારી ફક્ત મહિલા કે પુરૂષની નહીં, પણ બંનેની જ છે, બાળકનાં જન્મ બાદ પોતાના સબંધમાં બેલેન્સ જાળવો: પોતાના થાકને ભૂલીને પાર્ટનર તરફ ધ્યાન આપો પેરેન્ટ્સ બન્યા પછી બાળક આવતા એકબીજાનો સાથ વધારે ગાઢ બને છે, સામાન્ય રીતે નવા પેરેન્ટ્સ બન્યા હોય તેઓ સાથે નવી જવાબદારીઓના કારણે તાણ, થાક અને ચીડિયાપણું અનુભવવા લાગે છે. એવામાં તમારો ઉત્સાહ તમારા પાર્ટનર પ્રત્યે ઓછો થવા લાગે છે.

આવી પરિસ્થિતિનો સામનો કરવા માટે તમારે સારા પેરેન્ટ્સ બનવા કેમેસ્ટ્રીને શ્રેષ્ઠ બનાવો. એકબીજા સાથે એક્ટિવિટીઝ પ્લાન કરો એક્ટિવિટીઝ પ્લાન કરવાનો મતલબ નાઈટ ડેટ કે નાઈટ આઉટ નથી. બાળકના જન્મ બાદ પણ નાઈટ આઉટ જેવી એક્ટિવિટીઝ માટે પહેલા જેવો સમય મળી શક્તો નથી. તેના બદલે તમે ઘરે જ કોઈક ગેમ રમી એક સાથે એક્સરસાઈઝ કરી અથવા તો કૂકિંગ કરીને સાથે સમય વિતાવી શકો છો. પાર્ટનર પર ધ્યાન આપો પેરેન્ટ્સ બન્યા બાદ સૌપ્રથમ પ્રાથમિક્તા બાળક જ હોય છે. પરંતુ તેની સારસંભાળ વચ્ચે એક નજર પ્રેમથી પોતાના પાર્ટનર તરફ નજર નાંખી લેવી જોઈએ. જ્યારે તમે બંને વાત કરો છો, તો ત્યારે એકબીજા સાથે આઈ કનેક્ટ કરીને વાત કરો. તેનાથી બંનેને જે વાત કરી રહ્યા છો, તે વાત ધ્યાનથી સાંભળશે, સાથે તેનું મહત્ત્વ સમજાશે. ફેમિલીની જવાબદારી લો આ વાત બંને પર લાગુ થાય છે, બંને સંયુક્ત રીતે ફેમિલીની જવાબદારીઓ લે અને પોત પોતાની જવાબદારીઓ નિભાવી જોઈએ.

જો કોઈ વાતે મતભેદ હોય તો બેસીને તેનો ઉકેલ લાવો. એકબીજાને વધુ સમય આપવાથી બંનેનું બોન્ડિંગ વધુ મજબૂત બનશે. એકબીજાની પસંદગીને સમજો પેરેન્ટ્સમાં

અનુસંધાન પાના નં.૬ ઉપર

# તડકામાં સ્કિન પ્રોબ્લેમ્સ

### રૂપના રખોપા

ઉનાળામાં સખત તડકાને લીધે ત્વચાની ચમક નાશ પામે છે. એટલે જરૂરી છે કેટલીક ખાસ સંભાળ રાખવાની..

સખત તડકાની સૌથી વધારે અસર આપણા શરીર પર પડે છે. સખત તડકો અને ગરમીના કારણે શરીરની સ્વેદ ગ્રંથિઓ બંધ થઈ જાય છે. પરિણામે ત્વચામાં બહુ વધારે ખંજવાળ આવે છે. ઘણી વખત આમાં મુશ્કેલી એ થાય કે પરૂવાળી ફોલ્લીઓ થઈ જાય છે અને બેક્ટેરિયલ ઈન્ફેક્શન પણ થઈ જાય છે. એટલે જરૂરી છે ખાસ તેની સંભાળ રાખવાની.

બટફ્લાય એરિયા : ઘણીવાર અલ્ટ્રાવાયોલેટ કિરણોના કારણે ચહેરા પર બટરફ્લાય એરિયા પર લાલાશ અને બળતરા ઉત્પન્ન થાય છે, પરસેવો પણ ખૂંચવા લાગે છે. આનાથી બચવા માટે તડકાથી જ દૂર રહેવું એ સૌથી સારો ઉપાય છે.

એસપીએફ સનસ્ક્રીન : જ્યારે પણ તમે તડકામાં નીકળો ત્યારે આખું શરીર ઢંકાય તેવાં વસ્ત્રો પહેરો અને તડકામાં બહાર નીકળો તો હંમેશાં છત્રીનો ઉપયોગ કરો.ડૉક્ટરની સલાહ લઈને જ એસપીએફ સનસ્ક્રીન લોશન લગાડવું જોઈએ.

જાંઘ પર ઈન્ફેકશન : ઉનાળામાં ગરમી અને પરસેવાના કારણે જાંઘ પર ફંગાલ ઈન્ફેકશના, ખંજવાળ અને લાલાશ આવી જાય છે. ઘણીવાર તો લાલશની જગ્યા કાળાશમાં ફેરવાઈ જાય છે.

સ્કિન પ્રોબ્લેમ : ત્વચાની હઠીલી તકલીફો તડકામાં અને ઉનાળાની મોસમમાં વધી જાય છે. ઉનાળો અને સખત તડકો હોવાના કારણે પણ બીમારી વધી જાય છે. ખૂજલી વધારે થાય છે. પરિણામે ત્યાંની ત્વચા પર સોજો આવી જાય છે અને રંગ પણ બદલાઈ જાય છે

ફોલ્લીઓ : ઉનાળાની મોસમમાં ફોલ્લી અને એકને રોજેશીઝ બંને વધી જાય છે. એમાં જાતે તેની સારવાર કરવી નુકસાનકારક થઈ જાય છે. સિસ્ટેમેટિક ઈરેપ્શનમાં સાંધામાં દુખાવો થાય છે, તાવ આવીને મોં પર લાલ ચકામા થઈ જાય છે. આ રોગ ઓટોઈમ્યૂન

અનુસંધાન પાના નં.૬ ઉપર

**ડીસાના બટાટાના...**

**પાના નં.૧ ચાલુ**

જેથી કંટાળીને તેમણે ગતરોજ રાજસ્થાનના મંડાર પાસે આવેલી એક હોટલના રૂમમાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. જે સમાચાર વાયુવેગે પંથકમાં પ્રસરી જતા અરેરાટી છવાઈ હતી. વધુ એક વેપારીના અકાળે આપઘાતના કારણે માળી સમાજ અને વેપારીઓ શોકમાં ગરકાવ થઈ ગયા હતા. દોડી આવેલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**બટાટાના...**

**પાના નં.૧ ચાલુ**

પ્રતિ કિલોએ એક રૂપિયો, ટ્રાન્સપોર્ટ સબસીડી બટાટા પ્રતિ કિલોએ ૭૫ પૈસા, રેલ્વે દ્વારા અન્ય રાજ્યમાં બટાટા મોકલવા પ્રતિ કિલોએ ૯.૫૦ પૈસા તેમજ વિદેશમાં નિકાસ માટે ખર્ચની ૨૫ ટકા રકમ સરકારે આપવાની જાહેરાત કરી હતી. પરંતુ આ રાહત 'લોલીપોપ' સાબિત થઈ છે. કારણ ખેતીવાડી અધિકારીને ખેડૂતો અને વેપારીઓએ ડિસેમ્બર - ૨૦૧૭ માં બટાટા બહાર વેચ્યા હોવાના પુરાવા આપેલ છે તેમ છતાં ખેડૂત કે વેપારીને સરકાર દ્વારા હજુ સુધી પૂરતી સહાય ચૂકવાઈ નથી. જેના કારણે તેઓ આર્થિક કટોકટીમાં તેઓ બટાટા આપી શક્યા નથી. જેના કારણે ખેડૂત કે વેપારીને આપઘાત કરવાનો વારો આવે છે ત્યારે સરકાર તેમને સત્વરે પૂરતી સહાય ચૂકવે તે જરૂરી છે.

**બ્રહ્માકુમારીઝના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અને સદભાવનાથી પ્રભાવિત થઈ ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ઓફ હ્યુમન રાઈટસના સ્વતંત્રતા અને સામાજીક ન્યાયની ટીમના ગ્લોબન ચેરમેન ર્ડા. એન્થોની રાજુ-દુબઈના વડા મુસ્તફા ખાન દ્વારા ર્ડા. એ.પી.જે. અબ્દુલ કલામ વિશ્વશાંતિ આંતરરાષ્ટ્રિય પુરસ્કારથી નવાજવામાં આવેલ ત્યારે શાંતિવનના ડાયમંડ હોલ ખાતે ઉપસ્થિત ૧૨૦ દેશના ૧૫૦૦૦ મહાન હસ્તીઓએ ઉભા થઈ તાળીઓના ગડગડાટથી દાદીજીને વૈશ્વિક સન્માન પ્રદાન કરેલ.

સમારંભમાં પોતાના સન્માનનો પ્રત્યુતર આપતા દાદી જાનકીજીએ સર્વને માનવ સમાજમાં શાંતિ-ખુશી-સદભાવ-એકતા કાયમ રહે તે દિશામાં સર્વ ભેદભાવ ભૂલી દિલથી કાર્ય કરવા અનુરોધ કરેલ દાદીજીએ પોતાના અનુભવ વર્ણાવતા જણાવેલ કે છેલ્લા ૮૨ વર્ષથી ઈશ્વરીયજ્ઞાન અને રાજયોગના માધ્યમથી જે ગુણ-શક્તિ અને માનવમાત્રના કલ્યાણની ભાવનાનું બળ પ્રાપ્ત થયેલ છે તેને પ્રાપ્ત કરવા વિશ્વ માનવ ભારતીય આધ્યાત્મિકતાને અપનાવે દાદીજીને ભારતના રાષ્ટ્રપતિ સહિત અનેક વૈશ્વિક હસ્તીઓના અભિનંદન પ્રાપ્ત થઈ રહેલ છે.

આ વૈશ્વિક મહા સંમેલનનાં આયોજક બ્રહ્માકુમારીઝના એકઝુક્યુટીવ સેક્રેટરી ભ્રાતા મૃત્યુજયે સંગઠીત પ્રયાસ પર ભાર મુકી એક વિશ્વ-એક પરમાત્માં અને કલ્યાણાર્થે જે કાર્ય કરવાના દ્રઢ સંકલ્પ લેવડાવી વૈશ્વિક મહા સંમેલનની સફળતાને બિરદાવેલ.

સમારંભમા સોલાર એનર્જી, પાણીમાં શ્રેષ્ઠ વિચારના પ્રકંપનોની સકારાત્મક અસર-ગહન રાજયોગ તપસ્યા સાંસ્કૃતિ કાર્યક્રમમાં સતયુગની ઝલક વગેરે ઐતિહાસીક પ્રયોગોને ડાયમંડ હોલમાં રજુ કરી હજારો શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવામાં આવેલ.

આ વૈશ્વિક મહાસંમેલના આજે અંતિમ સત્રમાં હજારો વિશ્વ મહાનુભાવોને સંગઠીત વિશ્વ કલ્યાણ હેતુ સર્વની અધ્યાત્મ-મનોબળ વૃદ્ધિ માટે ગહન રાજયોગની અનુભૂતિ પ્રસિધ્ધ અધ્યાત્મ વકતા બ્રહ્માકુમારી શિવાનીબેને કરાવી ત્યારે ઉપસ્થિત માનવ મેદની પરમાત્મશક્તિના સાગરમાં મહાકુંભમાં સ્નાન કરવાની અનુભૂતિ સાથે બ્રહ્માકુમારીઝને વૈશ્વિક ઈશ્વરીય કાર્યને મનોમન આભારી બનેલ. અધ્યાત્મ નગરી શાંતિવનમાં ૧૨૦ દેશોના મહાનુભાવોએ મિની યુનોની અનુભૂતિ સાથે ત્રિદિવસીય મહાસંમેલનથી વિદાઈ લીધેલ.

**દાંતા અને અમીરગઢ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જયારે અમીરગઢ તાલુકામાં ગયા વર્ષ કરતા આ વર્ષે ૩૭ ટકા દૂધ ઉત્પાદનમાં વધારો જોવા મળેલ છે એટલે કે પ્રતિદિન ૩૫ હજાર લિટર દૂધ સંપાદનમાં વધારો થયો છે. તેઓ એ કહ્યું કે દાંતા અને અમીરગઢ તાલુકાના મહેનતકશ દૂધ ઉત્પાદકો ગુણવત્તાયુક્ત દૂધ ડેરીમાં ભરાવી રહ્યા છે તેના બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

આ પ્રંસગે બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ, બનાસ ડેરીના બોર્ડ ડિરેક્ટર દિલીપસિંહ બારડ, શ્રી ભાવાભાઈ રબારી, શ્રી દિનેશભાઈ ભટોળ, શ્રી ફલજીભાઈ પટેલ, બનાસ બેંકના ડિરેક્ટર શ્રી પ્રભુદાસ પટેલ, શ્રી જીતેન્દ્રસિંહ ડાભી, બનાસ ડેરી પૂર્વ ડિરેક્ટર શ્રી બલવંતસિંહ બારડ, શ્રી નુરભાઈ ઉમેતીયા, દાંતા સ્ટેટના રાજવી શ્રી મધુસુદનસિંહ પરમાર, જમીન વિકાસ બેંકના ચેરમેન શ્રી વિરૂસિંહ દેયોલ, અગ્રણી શ્રી માલજીભાઈ કોદરવી, શ્રી કિરણસિંહ દરબાર, શ્રી ગલબાજી ઠાકોર, ફૂલજી અંબળા, માર્કેટ યાર્ડ ચેરમેનશ્રી અરવિદભાઈ પટેલ, તાલુકા સંઘના ચેરમેનશ્રી રામસિંહ પરમાર સહિત અગ્રણી- આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**ધાનેરા તાલુકાના...**

**પાના નં.૮ ચાલુ**

લોખંડની પાઈપ વડે પગ ઉપર ઈજાઓ કરેલ અને તેમનાં ગળામાંની ચેઈન લૂંટી લઈ અજમલભાઈને પણ માર મારી ભાગી છૂટયા હતા. જે બાબતે આરોપીઓ દેવજીભાઈ દલાભાઈ પટેલ, ભરતભાઈ દેવાભાઈ પટેલ, નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઈશ્વરભાઈ તેજાભાઈ પટેલ, મુકેશભાઈ અજાભાઈ પટેલ, રમેશભાઈ ઉદાભાઈ પટેલ, અજાભાઈ દજાભાઈ પટેલ (તમામ રહે. સોતવાડા તા.ધાનેરા) ઉપર ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી આરોપીઓને અટક કરવા તજવીજ હાથ ધરી છે.

**વરણાવાડા-શેરપુરા...**

**પાના નં.૮ ચાલુ**

ઘોડીયાલ ગામની વચ્ચે જાહેર રોડ ઉપર નાકાબંધી કરતાં શેરપુરા તરફથી સેન્ટ્રો ગાડી વરણાવાડા ગામ તરફથી આવતાં તેને ટોર્ચ લાઈટના ઈશારાથી રોકવવા ઈશારો કરતાં ગાડીના ચાલકે ગાડી ઉભી રાખેલ નહીં અને ચરેડામાં ઘૂસતાં તેનો પીછો કરતાં ચાલક ચરેડામાં ચાલુ હાલતમાં ગાડી મુકી ફરાર થઈ ગયો હતો. સેન્ટ્રો ગાડીમાં દેશી દારૂ લીટર ૧૫૦ કિ.રૂ.૩૦૦૦ તથા બે મોબાઈલ કીં.રૂ.૧૫૦૦ તેમજ સેન્ટ્રો ગાડી કી.રૂ.૧,૦૦,૦૦૦ ની મળી કુલ કી.રૂ.૧,૦૪૫૦૦ નો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**ધાનેરા પોલીસે ...**

**પાના નં.૮ ચાલુ**

મહેસાણા અને સાથેના માલિક ગગનભાઈ જયંતિભાઈ પટેલ (રહે. બુડાસણ તા. કડી, જિ.મહેસાણા) તેમજ ઈસમ ત્રીજો-હર્ષદભાઈ મગનભાઈ વાઘેલા (રહે. બુડાસણ તા. કડી જિ.મહેસાણા) ને ધાનેરા પી.આઈ.આર.કે. પાઠકે તેમના સ્ટાફ દિલાવરખાન, ભેમજીભાઈ, હરેશભાઈ, માયારામભાઈએ ઝડપી વધુ તપાસ હાથ ધરી હતી.

**ડીસાના વ્હોળા...**

**પાના નં.૮ ચાલુ**

આ વિસ્તારમાં આવેલા ઝુંપડાઓ પર આજે પાલિકાનું બુલ ડોઝર નિર્દયતાથી ફરી વળ્યું હતું. પાલિકા દ્વારા આજે અચાનક હાથ ધરવામાં આવેલી આ કામગીરીથી અહી ઝુંપડા બાંધીને વસતા ગરીબ પરિવારોમાં પણ રોષ વ્યાપી ગયો હતો.

**ડીસા તાલુકાના...**

**પાના નં.૮ ચાલુ**

નથી અસત્ય પર સત્યનો વીજયના પ્રતિક સમાન હોળીનાં આ પર્વમાં હોળીકા દહનુ વિશેષ મહત્વ છે રાજા હિરણ્યકશિપુ પોતાની બહેન હોળીકાને અમર ચુંદડી ઓઢાડી પ્રહલાદ સાથે આગમાં બેસાડી પ્રહલાદનીહત્યા કરવાનો કારસો ઘડ્યો હતો આગમાં બેસતાનિ સાથેજ હોળીકાની અમર ચુંદડી પ્રહલાદ પર આવી ગઈ આમ પ્રહલાદ આગથી બચી ગયો અને તેની જગ્યાએ હોળીકાનુ દહન થઈ ગયું અસત્ય પર સત્ય નિ જીત થતાં આ દીવસને હોળીકા દહન ના પર્વ તરીકે ભારત ભરમાં ઉજવવામાં આવે છે જોકે રામસણ ગામમાં સુરક્ષાના કારણે લોકો હોળી પ્રગટાવતા જ નથી ગ્રામજનો વડીલો આ નિર્ણય ને બીરદાવે પણ છે. રામસણ ગામની દંત કથાની વાત કરીયે તો રાજા રજવાડા ઓના સમયમાં આ ગામમાં હોળીનાં દીવસે ઋષિમુનિનુ રાજા દ્વારા અપમાન કરવામાં આવતા ઋષિમુનિએ શ્રાપ આપેલ કે જયારે જયારે આ ગામમાં હોળીનો તહેવાર મનાવવામાં આવશે ત્યારે ત્યારે હોળીકાની આગ ગામને જપેટમા લઈ લેશે

આ શ્રાપ બાદ ત્રણેક વખત ગામમાં હોળી પ્રગટાવાતી વખતે ભયંકર આગ લાગતા ગામના તમામ લોકો ત્યારથી આજ દીન સુધી હોળી માનવંતા નથી. હોળીનાં દીવસે ગામમાં લોકો ખજૂર અને પતાસા વેહીચીને અનોખી ઉજવણી કરે છે આજના યુગમાં જયા હોળીનાં ઉલ્લાસ મા લોકો પોતાની સુરક્ષાનુ પણ ભાન નથી રાખતા ત્યા ડીસા તાલુકાના રામસણ ગામમાં લોકો સુરક્ષાના કારણો થી ગામમાં હોળી પ્રગટાવતા નથી.

**સદરપુર પે.કેન્દ્ર...**

**પાના નં.૮ ચાલુ**

શાળાઓમાં છાત્રોને મેદાનમાં બેસીને અભ્યાસ કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિ વચ્ચે પાલનપુર તાલુકાની સદરપુર પે. કેન્દ્ર શાળાના ઓરડા પણ જર્જરિત બની ગયા હોઈ અહી અભ્યાસ કરતાં છાત્રો કોઈપણ સમયે દુર્ઘટનાનો ભોગ બની શકે છે. સદરપુર પે કેન્દ્ર શાળાનું મકાન ૧૯૫૪માં બાંધવામાં આવ્યું હતુ. જેમાં કુલ અગિયાર ઓરડાઓ બાંધવામાં આવ્યા છે. જોકે, બાંધકામને વર્ષો વિતી ગયા હોઈ સાત ઓરડા જર્જરિત બની ગયા છે.

ઓરડાઓની છત ઉપરથી પોપડા ઉખડી રહ્યા છે. ખીલાસરીઓ દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં પણ આ ઓરડાઓમાં છાત્રોને અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. ત્યારે રખેને આ છત તૂટી પડે અને મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા જિલ્લાનું શિક્ષણતંત્ર સાબદુ બની જર્જરિત ઓરડા તોડી પાડી ત્યાં નવા ઓરડા બનાવવામાં આવે તેવી ગ્રામજનો અને વિદ્યાર્થીઓની માંગ ઉઠવા પામી છે.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર(કીલોના)**
**ચાંદી ચોરસા ૩૮૭૦૦-૩૯૦૦૦**
રૂપુ કાચું ૩૮૭૦૦-૩૯૦૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૭૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૬૦
સીંગતેલ૧૫ કી. ૧૫૨૦
સીંગતેલ ૧૫ લી.૧૪૦૦
સીગતેલ ૫ લી. ૪૮૦
તિરૂપતી કપા. ૧૨૭૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૬૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૨૦
૫લી. અંકુર સીંગતેલ ૪૦૮
**૧૫ લીટર સનફલાય ૧૨૪૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૯૫
૨ લી. ૧૬૩
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૩૦૦-૩૫૦૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૬૦૦**
ખાંડએલ. ૩૬૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૪૦૦-૪૪૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૨૦૦-૪૦૦
મરચાં ૬૦૦-૭૦૦
લીબુ ૫૦૦-૭૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૨૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૩૬૦-૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૧૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૮૦૦

## આગ ભીતર ભીતરની...

### અનુસંધાન ૫ નું ચાલુ

સીધી જ આંગળી અમારી સામે આવતી. અમારી સચ્ચાઈની પરખ વગર જ વહેયારે માર રૂપી નફો મળતો અમારા ચાર પૈકીનો જૈતિયો વાસ્તવમાં એનું નામ જયંતી હતું અમે જેંતિયો કહેતા એ અમને કહેતો "આ શાળાના એક એક માસ્તરના ટાંટીયા તોડી નાખીશ..." અમે એની સામે જોતા. એના ચહેરા ઉપર ઉભી થયેલી આક્રોશની આંધી અમે બરોબર રીતે પામી જતા પણ..આભમાં ઉભી થયેલી આંધી- કુદરતી રીતે જ વિખેરાઈ જાય છે એમ જૈંતિયામાં ઉભી થયેલી આંધી વિખેરાઈ જતી.

અમારી શાળાના એક એક સાહેબ અમને બરાબરના ધોતા.ધૂણયું તળાવના પથ્થર પર કોઈ ધોબી મેલાં કપડાનો મેલ કાઢવા પછાડતો હોય એમજ..અમને ધોબી ..જેને અમે ધોબો કહેતા હતા અને અમારા સાહેબોમાં કશો ફેર લાગતો નહી.ધોબી જેમ એની દાઝ કપડા પર કાઢતો. સાહેબો અમારી પર..પણ અમે રીઢા ગુનેગાર બની ગયા હતા. માર મારવો સાહેબને મન આનંદ હતો. અમારી મજબુરી અમારાથી ના શરારત છુટતી ના અમે માર ખાવામાંથી બચતા..અઠવાડિયામાં ગમે ત્યારે અમારામાંથી ગમે તેનો નંબર આવી જતો.

અમે ચારે જણા રેઢીયાળ કહેવાતા. માર ખાવાના માસ્ટર પીશ હતા. શરારતમાં અમારું નામ અવ્વલ હતું. શાળા છુટે એટલે ઝાંપો પહેલા પાર કરી દેવામાં શિવાજી હતા. રઘલો જ્યારે પ્રાર્થના ગાતો હોય ત્યારે એક આંખ ખોલીને પડખેના છોકરાની દશા જોવી જાણે અનિવાર્ય હતી.ગુનો કરીને પકડાતા...ક્યાંક આચાર્ય સાહેબ પાસે જતા તો... હા સાહેબ...હા..સાહેબ કહીને માથુ નમાવાના તો અમે બેતાજ બાદશાહ હતા. અમારા આચાર્ય સાહેબ કહેતા આમને કંઈ કહેવાનો, શિખામણ આપવાનો કશો અર્થ નથી. પથ્થર પર પાણી ત્યાર બાદ આચાર્ય સાહેબના ઓરડામાંથી જેવા બહાર આવતા કે પટાવાળો શંકરીયો અમારી સામે કતરાતા કતરાતા કહેતો 'મારું ચાલે તો મારી મારીને ગધેડો બનાવીને ઓરડામાં પુરી દઉ...'

શંકરિયો અમારો વેરી હતો.પહેલા વેરી અમારા સાહેબો, બીજો વેરી શંકરિયો..એ ઘણીવાર અમારી ચડ્ડીના ખિસ્સા પર રેડ પાડતો એમાંથી કોઠા પકડાતા, કાતરા પકડાતા, લખોટીઓ તો ઓલ ટાઈમ ખીસ્સામાં રહેતી.વળી લખોટીઓ અમને પ્રાણપ્રિય હતી.શંકરિયો ક્યાંક અમારી લખોટીઓ પણ ચંપત કરી જતો. કોઈ વાઘ પોતાના ઢોરને ઉપાડીને લઈ જતો હોય...ભરવાડ જોઈ રહેતો હોય એવી અમારી દશા થતી ઉપરથી શંકરિયો એના ડોળા કાઢતો અમે ચાલ્યા જતા.

અમને યાદ છે ઢોરોનું દવાખાનું ધૂણયું તળાવ પાસે આવેલું.ઢોરોના દવાખાનામાં દિવસે નામ માત્રના ઢોર આવતા એમાં એક ડોક્ટર..એક કંપાઉન્ડર અને ચોકીદાર રહેતા હતા.કંપાઉન્ડમાં ત્યાં આંબલીના ખુબ ઝાડ હતા.એના પર કાતરા લટકતા જોતા. ખાવાનું મન તો રોજ થતું અને પ્રયાસ કરતા આંબલીના ઝાડ અને રસ્તા વચ્ચે સહેજ ઉંચી પાળ હતી.ક્યાંક પાળે ચડીને તો ક્યાંક રસ્તા પરથી આંબલી ઝાડ પર પથ્થર ફેંકતા કાતરા નીચે પડી પડતા પણ એ કાતરા કંપાઉન્ડમાં પડ્યા હોય અને અમે આ તરફ.. જો કે કશોય ડર રાખ્યા વગર પાળી ચડીને અંદર પડી કાતરા લઈ આવતા પણ ...

પણ એક દિવસ ભારે થઈ પથ્થરો ફેંક્યા, કાતરા પડ્યા એ લેવા જવા અંદર પડ્યા કે ન જાણે વીજળીનો મોટો ગોળો ભમ કરતો ફુટ્યો કે અમે ભટક્યા ભાગવા ગયા એ પહેલા જ ચોકીદાર આવી ગયો.અમને પકડી લીધા.પછી ચોકીદાર કહે 'સાલે..તુમરી રોજાણી આદત હો ગઈ હૈ, અબ તો મૈ પુલીસ બુલાઉંગા ઔર દંડે મરવાકર જેલ ભેજુંગા...'

પોલીસ અને સાથે જેલ શબ્દને સાંભળી અમે ફફડી ગયા હતા.શિકારીએ કોઈ પંખીને પકડ્યુ હોય અને એ ધ્રુજતું હોય એવી દશા હતી.પણ નશીબ પાંસરુ કે પટાવાળો શંકરિયો બહારના રોડ પરથી સાઈકલ પર જતો હતો. એ અમને જોઈ ગયેલો..સાઈકલ ઉભી રાખીને પુછી બેઠેલો 'ઐલા જૈંતિયા હું થયું ?'

અને એને જાણ થયેલી પહેલા તો ત્યાંજ ગુસ્સો કરતા કહેલું 'હાહરા ઓ, આંય આગળ પણ હખણા રહેતા નથી...'

પણ શંકરિયોએ અમને છોડાવ્યા હતા..એ દિવસે અમને એ શંકરિયો નહી પણ શંકરભાઈ લાગ્યો હતો.

એમ ચાર જણામાં એક જૈંતિયો હતો, બીજો જય કિચન, ત્રીજો હું અને ચોથો દિનેશ હતો. જય કિશન જે જેકલો..દિનેશને દિનીયો એ પછી હું બારોટ એટલે મને બારી કહેતા પણ એનો કોઈ રંજ ન હતો.

અમારી ટોળકી જે કહો તે... રખડવામાં શરારત કરવામાં અવ્વલ હતી. જાણે અમને કોઈ સારું કામ સૂઝતું નહી.

સમયને પાંખે જિંદગીમાં આગળ વધતા હતા. પણ શરારતમાં સહેજે ફેર પડ્યો ન હતો. ઘરવાળાનું આસપડોશીનું, શાળાના સાહેબોનું કહેવું માનવું નહી એ જાણે અમારો જન્મસિધ્ધ હક બની ગયો હતો.

એક દિવસ હા, રામદેવપીરજીનો મેળો હતો. ચારે જણા મેળે જવા નીકળ્યા. જૈંતિયો કહે મારા કપડામાંથી યાર ખુબ વાસ મારે છે. હું હમણા તળાવમાં ડૂબકી મારીને આવું છું...અમે એને કોઈ કહીએ એ પહેલા જ જૈંતિયો એક ભેખડ પર ચઢ્યો અને તળાવના તળાવના પાણીમાં મગર છુપાઈને બેઠો હતો. જેવો જૈંતિયો પડ્યો કે એણે પગ પકડીને ખેંચ્યો, જૈંતિયાથી રાડ નીકળી ગઈ. ઓ બાપા રે..અમે એનો વવલાટ જોઈ રહ્યા. ગામમાં ગયા અને ખબર આપી પણ બધું પુરું થઈ ગયું હતું. એક મિત્ર ગયો.

બીજા મહિને જયકિશન સાઈકલ ચલાવતો હતો.. એય પાછો છુટા હાથે..એનું બેલેન્સ ગયુ રસ્તા પર પટકાયો, પથ્થર બરાબર માથામાં વાગ્યો, પેસી પણ ગયો એને દવાખાને લઈ ગયા પણ ડોક્ટરોએ હાથ અધ્ધર કરી દીધા. ચાર મિત્રોમાંથી એની બાદબાકી થઈ ગઈ.

બે રહ્યા.

એક દિવસ દિનેશે આવીને કહ્યુ, 'મારા મામા મને શાળાએથી ઉઠાડી મુકીને બીજે ગામ મોકલવા વાત કરી. દિનેશ કશુંય કરી ન શક્યો. હું એને રેલ્વે સ્ટેશને મુકવા ગયો. ગાડી ઉપડે ત્યાં સુધી અમે બે ખામોશ રહ્યા. છેક આગળ જ્યાં એંન્જિન ઉભું હતું. ત્યાની લાલ લાઈટ લીલી થઈ. ખખડી ગયેલા એન્જિનની વિચિત્ર વ્હીસલ સંભળાઈ. દિનેશ ડબ્બામાં ગયો ધીમો એક ધક્કો આવ્યો.

ગાડી ઉપડી.

'લે..નયન..હવે..'

આમતો એ મને કાયમ બારી કહેતો, પણ એ દિવસે મારા નામથી બોલાવ્યો. એ રડી પડ્યો.

હું રડી પડ્યો.

ગાડી ગતિમાં આવી ગઈ હતી.

જોત જોતામાં છેલ્લો ડબ્બો આવી ગયો.

ગાડી છુટી ગઈ.પ્લેટફોર્મ પરની ચહલપહલ ઓછી થઈ ગઈ હું એકલો રહ્યો.જિંદગી હતી, અમે ચાર હતા. પણ..પણ.. વરસાદ છે, વાદળ છે, પવન છે, વિજળીનાં તોફાન છે, ધુણયું તળાવ છે, આંબલીના લીલા કાતરા છે, આંખોમાં એ યાદો છે.

પરંતુ એ બાળપણ નથી. મારા પુત્રો ઘણીવાર કહે છે 'પપ્પા તમારી વાત કહોને..'

મારી પત્ની રેણું કહે છે 'કહોને...'

પણ...

રેણુ વિષ્ણુકુમાર બારોટ અમદાવાદ

## રૂપના રખોપા..

### અનુસંધાન ૫ નું ચાલુ

ડીસઓર્ડર છે, એ તડકાના લીધે વધી જાય છે.

આવી રીતે ધ્યાન રાખો : ચઢતા તડકામાં નીકળવાથી દૂર રહો. અળાઈઓ પર પાઉડર લગાડવાથી ઠંડક થાય છે, પરંતુ તેને કાયમી ઉપચાર ન સમજો. અળાઈઓ ઓછી ન થતી હોય તો તરત જ ર્ડાક્ટરને દેખાડો. આછા રંગના સુતરાઉ વસ્ત્રો પહેરો. પ્રયત્નો એવા કરવા કે તડકામાં બહાર નીકળો તે વખતે શરીર ઢંકાય તેવાં જ વસ્ત્રો પહેરો જેમ કે ખમીસ અથવા કુરતી વગેરે. વધારે પરસેવો ન થાય, એટલે અંડરગાર્મેન્ટ્સ તથા જિન્સ વગેરે ટાઈટ ન પહેરવાં જોઈએ. ત્વચાને કરડે તેવા સિન્થેટિક અને ટાઈટ થતાં વસ્ત્રો પહેરવાથી દૂર રહો, કારણ કે ટાઈટ હોવાના કારણે તેમાંથી બગલ અને જાંઘ ઘસવાથી ત્વચામાં લાલાશ અને સોજો પણ આવી શકે છે. એની બળતરા અને પીડા નુકશાનકારક છે.

## નારી..

### અનુસંધાન ૫ નું ચાલુ

ઘણી વખત પોતાના બિઝી શિડયુઅલના કારણે એકબીજાની પસંદગીને હસવામાં ન લેવી, કારણ કે ઘણીવાર અજાણતા એકબીજાની અવગણના કરીએ છીએ. પોતાના પાર્ટનરની અવગણના કરવામાં આવે ત્યારે રીલેશનશિપ નબળી બને છે, તેથી પાર્ટનરને તેમની પસંદગી માટે છૂટ આપો અને તેમની પસંદગીને સમજો. લાંબી વાતચીત કરો પોતાના પાર્ટનર સાથે વાત કરવા માટે રાહ ન જોવો કે કોઈક ઘટના કે વિષય હોય તો બંને વાત કરીએ. જરૂરી છે કે પોતાના પાર્ટનર સાથે અન્ય વિષયો (જેમ કે ઘરનું બજેટ, ફ્રેન્ડ્ઝ, રિલેટિવ્ઝ, પેરેન્ટિંગ સ્કિલ્સ, વેકેશન, ફેમિલી, અને સેલ્ફકેર ) પર પણ વાત કરો, અને પ્લાનિંગ કરો.

## નારી ચેતના...

### અનુસંધાન ૫ નું ચાલુ

છે કે એમાંથી કેટલાં સપનાં સાકાર થઈ શકે એવા છે. આ રસાકસી એકાદ- બે અઠવાડિયાથી માંડીને એકાદ-બે મહિના સુધી ચાલી શકે છે. કદાચ એથી વધારે પણ ચાલે.સહમતી થઈ ગયા પછી બંને તેનું ટાઈમ-ટેબલ બનાવવા બેસે છે. કયું સપનું ક્યારે સાકાર થશે? અહી બંને વચ્ચે જબરજસ્ત વિવાદ થતા રહે છે, કારણ કે પ્રેમિકાને આખું ટાઈમ-ટેબલ ચોકસાઈભરી તારીખો સાથે બનાવવું હોય છે અને પ્રેમી ચોક્સાઈભરી તારીખો અત્યારથી નક્કી ન થાય, એ તો ધીમેધીમે બધું સાકાર થઈ જશે એવી દલીલ પર અટકી રહે છે. અહીં સ્ત્રી-પુરુષના મનની રચનાનો તફાવત કામ કરે છે. સ્ત્રીને હંમેશાં દરેક વાતે ચોકસાઈભર્યું આયોજન કરવા જોઈએ છે અને પુરુષો આયોજન કરી લે,

પરંતુ એમાં ચોકસાઈનો સમય ભરવામાં માનતા નથી. આની પાછળનું કારણ કદાચ એ છે કે સ્ત્રીઓ સદીઓથી ઘર સાચવતી રહી હોવાથી એમને બહારની દુનિયાના વાસ્તવિક ધરાતળનો અંદાજ નથી હોતો. એ પોતાની કલ્પના મુજબ સમય નક્કી કરે છે. પુરુષો સતત બહારની દુનિયામાં કામ કરતા હોવાથી જગતમાં કશું આપણું ધાર્યું નથી થવાનું એ વાત સ્વીકારી ચૂક્યા હોય છે. એટલે એ પ્રયાસ કરીને વહેલું મોડું ફળ મળશે, સપનું સાકાર થશે જ એવી ગણતરી મૂકવા ટેવાયા હોય છે.આ ગજગ્રાહમાં કોઈ એક પક્ષ નમતું જોખવું પડે. ક્યાં તો પ્રેમી સ્વીકારી લે છે કે હા, ચાલો આપણે દરેક ઘટના ચોક્કસ કયા વર્ષે અને કયા મહિનામાં બનશે એ નક્કી કરી લઈએ. ભલેને એ વખતે એના મનમાં પાછળ એ વિચાર ચાલતો જ હોય કે અત્યારે તો તારીખો નાંખી દઈએ, પછીથી જોયું જશે. ક્યાં તો પ્રેમિકા સ્વીકારે છે કે ભલે તમે કહો છો એમ તારીખો અને વર્ષની ચોકસાઈ ન રાખીએ, પરંતુ આ બધું એક પછી એક થશે તો ખરું ને? ત્યારે પ્રેમી કહે છે, હા ચોક્કસ થવાનું. અહીં પ્રેમી પોતાનો આગ્રહ કે ચોકસાઈ જતી કરીને પ્રેમિકાની વાત સ્વીકારી લે તો એનો અર્થ એવો થાય કે એનો પ્રેમ પ્રેમિકા કરતાં વધારે છે. બાકીનું જીવન પણ એ પ્રેમ પ્રેમીને દરેક વાતે પ્રેમિકાની વાત આખરે માનવા મજબૂર કરતો રહેશે. જો પ્રેમિકા પોતાનો આગ્રહ જતો કરે તો એ વાતની સાબિતી છે કે પ્રેમિકાનો પ્રેમ પ્રેમી કરતાં વધારે છે. એનો બીજો અર્થ એ પણ થયો કે એમના સહજીવનમાં પ્રેમિકા દરેક મુદ્દે પોતાનો આગ્રહ જતો કરીને પ્રેમીની વાત સ્વીકારતી રહેશે.આમ થવાનું કારણ સ્પષ્ટ છે, આપણે આ વાતની ચર્ચાની શરૂઆતમાં જ જોયું હતું કે પ્રેમનો અર્થ જ એવો છે કે કોઈના માટે સતત કશુંક કરતા રહેવાની દાબી ન શકાય એવી તીવ્ર ઈચ્છા થયા કરવી. એટલે જેનો પ્રેમ વધારે મજબૂત હોય એ પોતાના પ્રિય પાત્રને ખુશ કરવા માટે પોતાનાથી બનતું બધું જ કરતા રહેવાની ઈચ્છા અને પ્રયાસ પણ કર્યા કરશે. આ વાતનો ખુલાસો એટલે કર્યો છે કે પ્રેમમાં પડનાર દરેક પ્રેમી-પ્રેમિકાને આવાતનો ખ્યાલ રહે. કોણ નમતું જોખે છે એ વાતે મમત કરવાનો પ્રશ્ન જ નથી, પરંતુ જે નમતું જોખે છે એનો પ્રેમ વધારે છે અને એની લાગણી શુદ્ધ છે, માટે એ નમતું જોખે છે એ વાત સામા પાત્રએ યાદ રાખવી જરૂરી છે. અને તેનું સન્માન તથા આદર કરવો જરૂરી છે. નહીતર બે-ત્રણ દાયકા પછી પ્રેમ વરાળ બનીને ઊડી શકે છે. કોઈપણ માણસ સતત કોઈના માટે જતું કરે અને સામેનો માણસ મારો સાથી જતું કરે છે એ સ્વીકારવાને બદલે એવા મદમાં આવી જાય કે મારી જ વાત સાચી હોય છે! તો સામેની વ્યક્તિનું મન દુભાયએ સ્વાભાવિક છે. જ્યારે આવું થાય ત્યારથી પ્રેમની વરાળ બનવા માંડે છે.

## શબ્દ સમીપે...

### અનુસંધાન ૫ નું ચાલુ

શિર્ષકો જોતાં વિજ્ઞાનીઓના વિચારો, વર્તન અને લાક્ષણિકતાઓ ઉજાગર થતી હોઈ વાચકને ઝડપભેર તેના વાચન પ્રત્યે દોરી જાય છે અને વાચક તેમાં ઓતપ્રોત થઈ જાય છે. વળી મોટા ભાગના પ્રસંગ કથાઓ એક પાનાથી વધુ લાંબી ન હોવાથી વાચવામાં પણ મજા પડે તેમ છે. જેમ કે વૈજ્ઞાનિક સિદ્ધિ અને ઉંમરને કશો સીધો સંબંધ નથી. ત્યારે નાની ઉંમરે વિજ્ઞાની તરીકે જાણીતા થયેલા લૂઈ આગાસીઝનો પ્રસંગ કથાનું લેખકે સુંદર શિર્ષક આપ્યું છે.'અરે, આવડા નાના દેહમાં આટલું મોટું મન' તો વળી 'તેમને કોઈ સમજતું નથી', 'નથી જોઈતી રાજસત્તા,' આઈન્સ્ટાઈન કે જોડીયા જમડો ડુક્કર ?' આવા તો અનેક ચોટદુક કહી શકાય તેવાં શિર્ષકો વાચકને જકડી રાખે તેવા છે. વળી વચ્ચે વચ્ચે વિજ્ઞાનીઓના ફોટાઓ પણ મુકવામાં આવ્યા છે. અહીં આપણને આઈઝેક અસીમોલ, ઈબ્ન-સીના, હર્બર્ટ ઈવાન્સ, જ્યોર્જ ઈસ્ટમન, થોમસ આલ્વા એડિસન, જ્યોર્જ વોશિંગ્ટન કાર્વર,લૂઈ કેરોલ, લોર્ડ કેલ્વીન, હેનરી કેથેન્ડિશ, નિકોલસ કોપરનિક્સ, કોપ લેન્ડ, ગેલીલીયો, ઓલીવર, ગોલ્ડ સ્મીથ, એડવર્ડ જેનર, નિકોલા ટેસબા, ચાર્લ્સ, ડાર્વિન, જહોન, ડાલ્ટન, સર હમ્રફ્રી ડેવી, થેબ્લ, હેનરી ડેવિડ થોરો, આલ્ફ્રેડ નોબેલ, સર આઈઝેક ન્યુટન, સાલ્વાડોર લૂરીઆ, લૂઈ પાશ્ચર, એનરીકો ફર્મી, રોબર્ટ ફલ્ટન, રિચાર્ડ ફેઈન માન, માઈકલ ફેરાડે, બેન્જામીન ફ્રેન્કલીન, વિલિમય બકલેન્ડ માર્સેલિન, બર્થીબોલ, સર ફેડરીક ગ્રાન્ટ, બેન્ટિંગ, રોબર્ટ એન્ડ્રયુ મિલિકન, જેમ્સ કલાર્ક, મેક્સ વેલ, લુડ વિ મોંદ,મિલ્ટન રાટિ, અર્નેસ્ટ રૂધરફર્ડ, એચ.જી. વેલ્સ, કાર્લ વિલ્હેમ શીલ, જ્યોર્જ સ્ટીવન્સન, જુલિયન હકલસેલ, જે.બી. એલ.હાલ્ડેન, જહોન હંટર, જેમ્સ વોટ જેવા વિશ્વવિખ્યાત વિજ્ઞાનીઓની લાક્ષણિકતાઓ, સ્વભાવની વિવિધતા અને વૈચારિક ઉદાત્તતા, માનવીય અભિગમ, ક્યાંક રમુજી વૃત્તિ તો ક્યાંક વેદનાની વાતો આ પ્રસંગ કથાઓમાં મળે છે.

તેમાં મહાન ભારતીય વિજ્ઞાનીઓને પ્રસંગ કથાઓ પણ આપણને મળે છે. આયુર્વેદની દુનિયામાં અગ્રેસર એવા ચરક મુનિનો પ્રસંગ 'વગર રજાએ લો તે લૂ,' જગદીશ ચંદ્ર બોઝનો 'વિજ્ઞાનનું આત્મગૌરવ' દર્શાવતો પ્રસંગ તેમની જાગરૂકતા, સ્વાતંત્ય પ્રેમના પ્રસંગ જાણવા જ્યા છે. આપણા વિખ્યાત અણુ વિજ્ઞાની હોમી ભાભા એ વૃક્ષોને કઈ રીતે બચાવેલા તેનો પ્રસંગ કથા' એ ઝાડ હું ખરીદી લઉં છું.' ખુબ જ પ્રેરક છે. તો વળી શિક્ષકોના ય શિક્ષક વિજ્ઞાની વિદ્યાર્થી સી.વી. રામનની પ્રસંગ કથા 'ભગવાનની ખુરશી' હળવા પ્રસંગમાંથી બહુ મોટી વાત કરે છે. એ જ રીતે આપણા એક સ્વદેશ પ્રેમી બંગાળી વૈજ્ઞાનિક પ્રફુલ્લ ચંદ્ર રાય જે ટૂકમાં પી.સી.રાય રસાયણ શાસ્ત્રી હતા. તેમની ચીવટનો પ્રસંગ પણ વાંચવા જ્યો છે. ઈજનેરી વિદ્યાના જાણકાર વિજ્ઞાની મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાના જીવનના પ્રસંગો જાણકાર 'વિજ્ઞાનીની ધગધ' જેવા પ્રસંગો જોતાં ૧૦૧ વર્ષ જીવેલા આ વિજ્ઞાનીના જીવનના અનેક પ્રસંગો સોનામૂલી પ્રેરણા આપી જાય છે. તો વળી ગુજરાતના સપુત અને વિખ્યાત અણુ વિજ્ઞાની વિક્રમ સારાભાઈની વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સાથેનો પ્રસંગ તેમની કામ પ્રત્યેની નિષ્ઠા અને સમયની કિંમત સમજાવનારો છે. એ જ રીતે ર્ડા. મથાઈ જોસેફ જે આપણા દેશના ખગોળશાસ્ત્રી હતા. તેમની સાથેનો એક રમુજી પ્રસંગ 'જરા કુંડળી બનાવી આપો,' છે. અને છેલ્લે 'વિજ્ઞાનીઓની સરસ્વતી પુજા' નામની પ્રસંગ કથા જાણીતા વિજ્ઞાની મેઘનાદ સહા અંગેની છે. અહીં વિજ્ઞાનીઓની ઘણી જાણીતી અને અજાણી વાતો જાણવાનો વાચકને મોકો મળે છે.

પરંતુ '૧૦૧ વિજ્ઞાનીઓની વાતો' ના આ પુસ્તકમાં હાલમાં કાર્યરત વિજ્ઞાનીઓના પ્રસંગોને પણ આવરી લીધા હોય તો કદાચ વધુ સારૂ સંપાદન થાય તો સંતોષ મેળવી શકાત.

હવે પછી આપણને એ.પી.જે અબ્દુલ કલામથી લઈને કલ્પના ચાવલા કે સુનિતા વિલિયમ્સના પ્રસંગોની મજાની કથાઓ યશવંતભાઈ ઉપલબ્ધ કરાવી આપશે તેવી અભ્યર્થના સહ પુસ્તકને આવકારૂ છું.

નટવર હેડાઉ

# રાધનપુર તાલુકાના બંધવડ શાળાના ભુલકાંઓએ સીમાદર્શન કર્યા

રાધનપુર

રાધનપુર તાલુકાના બંધવડ શાળાના ૧૫૦ ભુલકાંઓએ નડાબેટ ખાતે સીમાદર્શનનો લાભ લઈને દેશની સીમા ઉપર આપણા સૈનિકો કેવી પરિસ્થિતિમાં આપણી રક્ષા કરી રહ્યા છે તે અંગે વિસ્તૃત જાણકારી મેળવીને ધન્યતા અનુભવી હતી.આ પ્રસંગે બંધવડ હનુમાનજી મંદિરના મહંત પૂ.સંજીવદાસજી મહારાજ, શાળાના આચાર્ય ચેતનસિંહ જાડેજા,ડી.ડી.પ્રજાપતિ., આર.ડી.રબારી, સી.આર.સી.દશરથભાઈ ચૌહાણ અને શાળાનો સ્ટાફ પ્રવાસમાં સાથે જોડાયો હતો.બે સરકારી બસના ભાડા સહીત સમગ્ર પ્રવાસનો ખર્ચ મંદિરના મહંતે ઉપાડીને એક ઉમદા ઉદાહરણ પૂરું પડ્યું હતું.સમગ્ર શાળાપરિવાર અને ગ્રામજનોએ મહંતશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધારપુરમાં ધારીયા હુમલો કરીને રોકડ સોનાનો દોરો પડાવી લીધો

પાટણ

પાટણના ધારપુર ગામે રહેતા કચરાભાઇ હેમાભાઇ વણકર તેમના ગામના શખ્સ અરવિંદભાઇ કાળાભાઇ વાલ્મીકી અને અરવિંદભાઇની પત્નીએ શુકવારે સાંજે બન્ને જણાએ અપશબ્દો બોલી ધારીયુ ઉંધુ મારી તેમની ખીસ્સામાંથી રોકડા રૂ.૨૦ હજાર કાઢી લઇ તેમજ ગળામાં પહેરેલ સોનાનો દોરો પડાવી લઇ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાથી કચરાભાઇએ બાલીસણા પોલીસ મથકે બે શખસો સામે ફરિયાદ નોંધાવી હતી.

# રાયડાના પોષણક્ષમ ભાવ ન મળતાં ખેડૂતોને નુકસાન

પાટણ

પાટણ માર્કેટયાર્ડમાં હાલમાં રાયડાનો પુષ્કળ જથ્થો આવી રહ્યો છે. રોજની ૧૨૫૦૦ બોરીની આવક છે. પરંતુ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા ન હોવાથી રાયડાની ખેતીમાં નુકશાન પડી રહ્યું છે. ત્યારે સરકાર ટેકાના ભાવે રાયડાની ખરીદી કરે તેવી ખેડૂતોની માંગ ઉઠી રહી છે. જિલ્લામાં ૩૦૬૭૭ હેક્ટર વિસ્તારમાં રાયડાનું વાવેતર થયેલું છે. પરંતુ આ વખતે સરેરાશ ઉત્પાદન ઘટ્યુ છે. ખેડૂતોએ રાયડાનું વેચાણ શરૂ કરી દીધું હોવાથી પાટણ માર્કેટયાર્ડમાં પુષ્કળ જથ્થો આવી રહ્યો છે. પરંતુ પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોમાં નિરાશા છવાઈ છે. હાલમાં પ્રતિ મણે રૂ. ૬૭૦થી ૬૯૦ સુધીના ભાવ ખેડૂતોને મળી રહ્યા છે. આ ભાવમાં રાયડાની ખેતીમાં નુકશાન પડતુ હોવાનો ખેડૂતોનો મત છે. પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે પાટણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા રાયડાના ટેકાના ભાવ જાહેર કરી ખરીદ કેન્દ્રો શરૂ કરવા માટે સરકારમાં રજૂઆત કરી છે. પરંતુ હજુ સુધી ટેકાના ભાવે સરકારે ખરીદી શરૂ કરી ન હોવાથી વેપારીઓ જે ભાવ આપે તે લઈને ખેડૂતોને સંતોષ માણવો પડે છે.

# મોઢેરા રાજયનું પ્રથમ સોલાર સીટી બનશે

મહેસાણા

જિલ્લા મથક મહેસાણાથી ૨૫ કિમીના અંતરે આવેલું મોઢેરા ગામ સૂર્યમંદિરના કારણે વિશ્વરભરમાં જાણીતું છે. કર્કવૃત્ત રેખા ઉપર પાટણના સોલંકી રાજવી ભીમદેવ પહેલાએ આજથી ૭૦૦ વર્ષ પૂર્વે નિર્માણ કરાવ્યું હતું. આ સ્થાન સાથે સૂર્યઊર્જાની પૌરાણિક મહત્તા જોડાયેલી છે. જેને સોલાર એનર્જીના પરિપ્રેક્ષ્યમાં પુનઃ ઉજાગર કરવા રાજ્ય સરકારે બજેટમાં રૂ. ૨૨ કરોડ ફાળવ્યા છે. જેના થકી મોઢેરા રાજ્યનું પ્રથમ ઐતિહાસિક સોલાર સિટી બનશે. સરકારની વિકાસની આ દુહાઈ વચ્ચે પર્યટન સ્થળની આજદિન સુધી ઘોર ઉપેક્ષા જ થઈ છે. જે આ સ્થળની રૂબરૂ મુલાકાત લેતાં જણાય છે. સગવડના નામે શૂન્ય છે. સૂર્યમંદિર જોવા વર્ષે અઢી લાખથી વધુ પ્રવાસીઓ આવે છે. જેમાં ત્રણેક હજાર વિદેશી પ્રવાસીઓ હોય છે.

# મહેસાણાની રામપુરા ચોકડીનું સર્કલ બન્યું અકસ્માત ઝોન, ૧૫ દિ‘માં ત્રણ અકસ્માત

મહેસાણા

મહેસાણાથી પાંચ કિમી દૂર આવેલું રામપુરા ગામ ગાંધીનગર, હિંમતનગર અને મહેસાણા શહેર તરફ આવતાં જતાં વાહનોથી સતત ધમધમતું રહે છે. અહીં રામપુરા ચોકડી પર નવા માર્ગ સાથે નવું સર્કલ તૈયાર થઇ રહ્યું છે. નવું સર્કલ જ્યારથી બનવાનું શરૂ થયું છે ત્યારથી છાશવારે અકસ્માતોની ઘટના બની રહી છે. છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ મોટા અકસ્માત સર્જાયા છે. ૧૫ ફેબ્રુઆરીએ બે ટ્રક અથડાતાં એક પલટી ખાઇ ગઇ અને બીજી ટ્રકનું કેબિન સળગી ગયું હતું. ૧૭મીએ આ જ સ્થળે ડમ્પર અને ટ્રક અથડાતાં ડમ્પર રોડ સાઈડે ભંગારની દુકાનમાં ઘૂસી ગયું હતું. બે દિવસ બાદ વધુ એક અકસ્માતમાં ટેન્કર પલટી મારી ગયું હતું. સદનસીબે આ ત્રણેય અકસ્માતમાં કોઇ જાનહાનિ થઇ ન હતી. સ્થાનિક વેપારીઓના મતે સર્કલની બનાવટ એવી છે કે, લાખવડ રોડથી ગાંધીનગર તરફ જતાં વાહન ચાલક વિજાપુર તરફથી આવી રહેલું વાહન જોઇ શકતો નથી.

# વારાહીની આચાર્ય પ્રા.શાળામાં ટેલેન્ટ ખેલાડીની પસંદગી

વારાહી

સાંતલપુર તાલુકાના વારાહી ગામમાં સૌ પ્રથમવાર જ સ્પોર્ટસ ઓથોરીટી સ્ટાફ ગુજરાત ગાંધીનગર દ્વારા પુવન ટેલેન્ટ ખેલાડી તથા યંગ ટેલેન્ટ ખેલાડી તરીકે પસંદગી થઈ હતી.

પાટણ જિલ્લાના પછાત વિસ્તાર એવા સાંતલપુર તાલુકાના વારાહી ગામની શ્રી એસ.ડી. આચાર્ય પ્રા.શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી સોલંકી ધ્રુવ જયેશકુમારની જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલમાં પુવન ટેલેન્ટ (પી.ટી.) ખેલાડી તરીકે પસંદગી થઈ છે. જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલમાં પ્રવેશ માટે પુવન ટેલેન્ટ ખેલાડી તરીકે આ વિદ્યાર્થીની પી.એમ.જી. ઠાકર કડી મહેસાણામાં પસંદગી થઈ છે. સોલંકી પાર્થકુમાર દિલીપભાઈ કે જે ધો.૬ માં અભ્યાસ કરે છે. તેનું પણ આદર્શ વિદ્યાલય પાટણમાં યંગ ટેલેન્ટ વિદ્યાર્થી તરીકે પસંદગી કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓની જવલંત સફળતાનો શ્રેય સ્પોર્ટસ ટ્રેનર, મુકેશભાઈ પટેલને જાય છે. જેમની અથાગ મહેનતના કારણે પછાત વિસ્તારના બાળકોનું પણ ભવિષ્ય ઉજ્જવળ બન્યું છે.

સ્પોર્ટસ ટ્રેનર મુકેશભાઈ પટેલ અને વિદ્યાર્થીઓની અથાગ મહેનતના લીધે ગામડાઓનું ભવિષ્ય પણ ઉજ્જવળ બની શકે છે. તેનો આ બોલતો પુરાવો છે.

જે શાળાના પ્રમુખ ફરસુભાઈ ગોકલાણી, એસ.ડી. આચાર્ય પ્રા.શાળાના આચાર્ય દેવસિંહ આર.પરમારે શુભેચ્છાઓ પાઠવેલ છે. આમ વારાહી ગામમાં સૌ પ્રથમવાર જ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા ટેલેન્ટ ખેલાડીઓની પસંદગી થઈ છે.

# પાટણ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી વિવિધ મીટીંગોનં આયોજન હાથ ધરાયું

પાટણ

પાટણ જિલ્લા પંચાયતના કોમ્યુનિટી હોલ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ર્ડા.ભરતભાઇ ગોસ્વામીના અધ્યક્ષસ્થાને પાટણ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી વિવિધ મીટીંગોનું આયોજન હાથ ધરાયું જેમાં ર્ડા.અલ્પેશ સાલ્વી, આર.સી.એચ.ઓ., ર્ડા.ડાભી સીવીલ સર્જન, પાટણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ર્ડા.ભરતભાઇ ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રીય પલ્સ પોલીયો અભિયાનમાં પાટણ જિલ્લાની કુલ ૧૦૨ ટકા કામગીરી થયેલ છે. કુલ ૧,૮૯,૩૭૯ બાળકોને રસી પીવડાવવામાં આવી હતી જે પ્રસંસનિય કામગીરી થયેલ છે.

ગર્વનિંગ બોર્ડી કમીટી મીટીંગમાં વર્ષ ૨૦૧૭-૧૮ અંતર્ગત ઓગષ્ટ-૨૦૧૭ અંતિત ભૌતિક અને નાણાકીય કામગીરી વંચાણે લઇ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે. આઇ.સી.ડી.એસ. તથા આરોગ્ય શાખા સ્ટાફ જિલ્લા લેવલે સંકલન કરી સમાન સેજાની કામગીરી કરવા માટે જણાવવામાં આવ્યુ હતું અને શિક્ષણ વિભાગ સાથે સંકલન કરી આરોગ્યલક્ષી પ્રોગ્રામની જરૂરીયાત મુજબનો સ્ટોકનું સઘન ફોલો-અપ કરવા માટે જણાવ્યુ હતું. આર.સી.એચ., એન.આર.એચ.એમ., એન.વી.બી.ડી.સી.પી.ના પ્રોગ્રામ આર.એન.ટી.સી.પી. ના પ્રોગ્રામ, એચ.આઇ. પ્રોગ્રામ રાષ્ટ્રીય અંધત્વ નિવારણ, આર્યુવેદીક પ્રોગ્રામ જેવી વગેરે માં આરોગ્ય દ્વારા થયેલ કામગીરીમાં સમીક્ષા કરી નાણાકીય થયેલ ખર્ચની રજુઆત કરવામાં આવી હતી. મેટરનલ એન્ટ ચાઇલ્ડ ડેથ રીવ્યુ કમીટીની મીટીંગમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં માહે જાન્યુઆરી-૧૮ અંતિત કુલ ૨૨,૭૫૯ જીવીત જન્મની સામે કુલ ૧૬ માતામરણ નોંધાયેલ છે. જેમાં ગત વર્ષ કરતાં માતામરણનો ઘટાડો નોંધાયેલ છે.

# મહેસાણા નજીક જીપ ચાલકે એક્ટિવાને ટક્કર મારતાં ૧ નું મોતઃ ૩ ને ઈજા

ઊંઝા

મહેસાણા નજીક બાયપાસ રોડ પર એક્ટીવા પર જઈ રહેલ દંતાણી પરિવારને અજાણ્યા જીપ ચાલકે ટક્કર મારતા દંતાણી પરિવારના એક વ્યક્તિનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. જયારે પરિવારના અન્ય ત્રણ જણાઓને નાની મોટી ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે પાટણ જિલ્લાના હારીજ તાલુકાના બુડા ગામનું એક દંતાણી પરિવાર છેલ્લા કેટલાક સમયથી મજુરી કામ અર્થે ઊંઝા તાલુકાના ઉનાવા ગામે રહે છે. આ પરિવારના કમલેશ વેરશીભાઈ દંતાણી તેમના ધર્મપત્નિ ગૌરીબેન અને બે સંતાનો સાથે એક્ટીવા પર બેચરાજી તાલુકાના ગોકુલપુરા ગામે દશામાના મંદિરે દર્શન કરવા માટે જવા નીકળ્યા હતા. ત્યારે માર્ગમાં મહેસાણા બાયપાસ હાઈવે પર પોલોદર બ્રિજ પર સામેથી પુરઝડપે આવી રહેલ અજાણી જીપકારે એક્ટીવાને અડફેટે લેતા એક્ટીવા ચાલક કમલેશ દંતાણીનું ઘટના સ્થળ પર જ કરૂણ મોત નિપજયુ હતું. જયારે તેમના ધર્મપત્નિ અને બે સંતાનોને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આમ એક શ્રમિક પરિવારના મોભીના આકસ્મિક મોતથી પરિવાર નિરાધાર બન્યો છે. આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે અજાણ્યા જીપ ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કેનાલમાં લપસેલા મિત્રને બચાવવા જતાં બીજા બે ડૂબ્યાં, બેનાં મોત

મહેસાણા

બહુચરાજી તાલુકાના રાંતેજ-રામપુરા ગામ વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલમાં પગ ધોવા ઉતરેલા યુવાન લપસી પડતાં તેને બચાવવા જતાં તેના બે મિત્રો પણ ડૂબ્યા હતા. જે પૈકી એક યુવાનને આસપાસથી દોડી આવેલા લોકોએ બચાવી લીધો હતો. પરંતુ બે યુવાનો પાણીમાં ગરક થતાં મોતને ભેટ્યા હતા. બે આશાસ્પદ યુવાનોનાં માનમાં સોમવારે બહુચરાજી બજાર બંધ રહેશે તેમ વેપારી મંડળના પ્રમુખ ચંપકલાલ શાહે જણાવ્યું હતું.

બહુચરાજીના ૧૬થી ૨૦ વર્ષના ચાર યુવાન મિત્રો ગુમ બાઇક શોધવા રવિવારે બપોરે રાંતેજ-રામપુરા પાસે નર્મદા બ્રાન્ચ કેનાલ પરથી નીકઇયા હતા. ત્યારે બપોરે ૨-૩૦ વાગે એક યુવાન કેનાલમાં પગ ધોવા જતાં લપસી પડ્યો હતો, આ સમયે તેને બચાવવા જતાં બીજા બે યુવાનો પણ કેનાલમાં ખાબક્યા હતા. આ દરમિયાન કેનાલ કાંઠે ઊભેલા કિશન કમલેશભાઇ ઠાકોરે બૂમાબૂમ કરતાં આસપાસથી લોકો દોડી આવ્યા અને કૃણાલ બકાભાઇ જોષીને બહાર કાઢી ૧૦૮માં બહુચરાજી સિવિલમાં સારવાર માટે મોકલી આપ્યો હતો.

જયારે સ્થાનિક તરવૈયાઓએ કેનાલમાં શોધખોળ આદરી હતી. આ દરમિયાન સાંથલ અને બહુચરાજી પોલીસ, નાયબ ચીટનીશ કરશનભાઇ, તેમજ યુવાનોના પરિજનો સહિત ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બે કલાકની જહેમત બાદ સાંજના ૫ વાગે દર્શન વિષ્ણુભાઇ પંચાલ અને જૈમિન અનુભાઇ પ્રજાપતિની લાશ મળી આવી હતી. બંનેના મૃતદેહ બહુચરાજી સિવિલમાં પોસ્ટમોર્ટમ બાદ પરિવારને સોંપાતાં તેમના આક્રંદથી માહોલ ગમગીન બની ગયો હતો. બંને મૃતક વેપારીના પુત્રો હોઈ સોમવારે બજાર બંધ રાખી શ્રદ્ધાંજલી આપવા વેપારી મંડળ દ્વારા નિર્ણય લેવાયો હતો

## મહેસાણામાં મહિલા પર છરિથી હુમલો કરતાં બે પક્ષો વચ્ચે મારામારી

મહેસાણા

મહેસાણામાં રિક્ષાની લેવડ દેવડ અંગે થયેલા ઝઘડામાં મહિલા પર છરિથી હુમલો કરવામાં આવતા બે પક્ષો વચ્ચે મારામારી થવા પામી હતી. જેથી બંને પક્ષોએ સામસામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલે મહેસાણા મગપુરામાં રહેતા હેતલબેન પ્રદિપસિંહ ઝાલાએ મેગપુરામાં રહેતા કિરણજી મનુજી ઝાલા, કનુજી મથુરજી ઝાલા સહિત ચાર અજાણ્યા શખ્સો વિરૂધ્ધ મહેસાણા શહેર બી ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. હેતલબેન ઝાલાના દિયર સાથે કિરણજી ઝાલાની રિક્ષાની લેવડ દેવડ બાબતે ગત શુક્રવારે ગાળો બોલતા હોઈ તે અંગે ઠપકો આપવા જતા આરોપીએ ઉશ્કેરાઈ જઈને છરિથી હુમલો કરી હેતલબેન ઝાલાને ઈજા કરી હતી.

# કે.સી.પટેલ વિદ્યા સંકુલ-ગોલાપુર ખાતે અસ્ત્ર-૨૦૧૮ વાર્ષિકોત્સવ ઉજવાયો

પાટણ

પાટણ જિલ્લાના ગોલાપુર ખાતે કે.સી.પટેલ વિદ્યા સંકુલ ખાતે વિદ્યાની દેવીશ્રી સરસ્વતીના પાવન નીરથી પોષિત અને જયાં જ્ઞાન ગજરાજની સવારી કરી મહારાજા સિધ્ધરાજના સિંહાસનને શોભાવે છે તેવી પાયોનીયર સ્કુલમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉપાષિત જ્ઞાન-કલા-સાહિત્ય-વિજ્ઞાન-રમત ગમત અને અત્યાધુનિક ટેકનોલોજીનો જયાં સુભગ સમન્વય છે તેનું વાર્ષિક પ્રાત્યાક્ષિક દર્શન આપ સહુ નિહાળી શકો તે હેતુથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ વાર્ષિકોત્સવ-૨૦૧૮ને રાજયના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ, પદ્મશ્રી મનોજ જોષી, બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી, પુજીત ફાઉન્ડેશન-રાજકોટના ટ્રસ્ટી શ્રીમતી અંજલીબેન રૂપાણી, ઈડરના ધારાસભ્યશ્રી હિતુ કનોડીયા, કાંકરેજના ધારાસભ્યશ્રી કિર્તિસિંહ વાઘેલા, ર્ડા. એમ.એમ. પ્રભાકર, ર્ડા. દશરથભાઈ પટેલતેમજ અન્ય મહાનુભાવોએ દિપ પ્રાગટય કરી ખુલ્લો મુક્યો હતો.

આ પ્રસંગે રાજયના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલએ જણાવ્યું હતુંકે, ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે અને પોતાનું ભાવિ બનાવી શકે તે માટે કે.સી.પટેલ વિદ્યા સંકુલે ટુંકાગાળામાં શિક્ષણ સુગંધ પ્રસરાવી છે. શિક્ષણ અને સંસ્કાર ભારતની ઓળખ છે. શિક્ષણ દ્વારા દુનિયા મુઠ્ઠીમાં કર લો નું વિદ્યાર્થીઓને આહવાન કર્યું હતું. વાલીઓને દીકરા-દીકરીઓને ભણાવવાની સમસ્યા શિક્ષણની હોય છે.

આ પ્રસંગે પદ્મશ્રી મનોજ જોષીએ જણાવ્યું હતું કે, દરેક વાલીને પોતાના બાળકોને સારા સંકુલમાં ભણાવી ઉચ્ચ કારકિર્દી બનાવવાની ઈચ્છા હોય છે. જે આ સંકુલમાંથી ઉપલબ્ધ બની છે. સારી ડીગ્રી મેળવી જીવન સાર્થક બને, કોઈ મહાન વ્યક્તિ પણ આ સંકુલમાંથી નામના મેળવશે. શિક્ષણનો ક્ષ વિદ્યાર્થીઓ માટે મહત્વનો હોય છે. જે તેમનું જીવન સાર્થક કરે છે. આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, જ્ઞાન મેળવવા વિદ્યાર્થીઓને જિજ્ઞાસા હોય છે. જિજ્ઞાસા સંતોષવાનું કામ કે.સી.સંકુલ કરે છે. વિદ્યાર્થીઓ સારું શિક્ષણ મેળવી પદવી મેળવે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# વારાહીનું ૭૦ વર્ષ જૂનું પ્રાથમિક શાળાનું મકાન નવીન બનાવવા રજુઆત

રાધનપુર

સાંતલપુર તાલુકાના મુખ્ય મથક એવા વારાહી ખાતે પ્રાથમિક શાળા નં.૧ કે જે પે સેન્ટર શાળા છે,જે મકાન આશરે ૭૦ વર્ષ જૂનું છે. અને જર્જરિત બની જવા પામ્યું છે.૭૦ વર્ષ જુના આ મકાને ૨૦૦૧ માં ભૂકંપનો માર પણ સહન કર્યો હતો,જેના કારણે વધુ જર્જરિત બન્યું છે.તાલુકાના મોટાભાગના ગામડાઓમાં શાળાના નવીન અને આધુનિક મકાનો તૈયાર થઇ જવા પામ્યા છે,પરંતુ વારાહીની શાળાનું આ મકાન આજે પણ બિસ્માર હાલતમાં ઉભું છે.અગાઉ તા.૨૬-૦૨-૨૦૧૫ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીને લેખિતમાં આ બાબતે રજુઆત કરવામાં આવી હતી,અને જિલ્લા શિક્ષણાધિકારીએ તાલુકા પંચાયતના તાલુકા શિક્ષણાધિકારીને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરીને રિપોર્ટ કરવા સૂચના પણ આપી હતી,પરંતુ આજ દિન સુધી કઈ જ થયું નથી.જેથી સાંતલપુર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ઝાહીદખાન મલેક,વારાહીના સરપંચ આર.અલેફખાન મલેક અને સામાજિક કાર્યકર સુધીર એમ.ઠક્કરે શિક્ષણમંત્રી ભુપેન્દ્ર ચુડાસમાને લેખિતમાં રજુઆત કરીને વારાહીની પ્રાથમિક શાળા નં.૧ નું મકાન નવીન અને અત્યાધુનિક બનાવવા માંગ કરી છે.જો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહિ આવે તો શાળાના બાળકો અને આગેવાનો ગાંધી ચિંધ્યા માર્ગે શાળા અથવા મામલતદાર કચેરી આગળ અથવા પાટણની જિલ્લા કલેક્ટર કચેરી આગળ ઉપવાસ ઉપર ઉતારવાની ચીમકી પણ ઉચ્ચારવામા આવી છે.આ રજૂઆતની નકલ જિલ્લા કલેક્ટર,જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીને પણ મોકલી આપવામાં આવી છે.

# રાધનપુરની નાલંદા વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

રાધનપુર

રાધનપુરમાં શ્રી વિવેકાનંદ વિકાસ મંડળ સંચાલિત નાલંદા વિદ્યાલયમાં શાળાનો વાર્ષિકોત્સવ અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી, શ્યામસુંદરભાઈ પરીખ, સુરજગીરી ગોસ્વામી, પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી, પી.આઈ.ડી.એચ. ઝાલા, હસુભાઈ ચોકસી, સંસ્થાના પ્રમુખ પરબતભાઈ ચૌધરી, મંત્રી દઝાભાઈ ચૌધરી સહિતની ઉપસ્થિતિમાં શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.આ પ્રસંગે વર્ષ દરમ્યાન શિક્ષણ. રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સેવા, પર્યાવરણ જેવી પ્રવૃતિઓમાં ઉમદા કૌશલ દાખવી શ્રેષ્ઠતા મેળવવા બદલ ૩૪ વિદ્યાર્થીઓને મહાનુભાવો ના હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય અને મહાનુભાવોએ વિદ્યાર્થીઓને બિરદાવીને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# રાધનપુર પંથકમાં નાની પીંપળી ગામમાં બાપા સીતારામ આશ્રમમાં શ્રી રામ પારાયણ યજ્ઞમાં જ્ઞાનની ભાવગંગા વહી

## હજારો ભાવિકોએ કથા શ્રવણનો લાભ લીધો

રાધનપુર

નિમાર્ક પીઠ મોટા મંદિર, લીંબડીના પ.પૂ.મહા મંડલેશ્વર શ્રી લીલીત કિશોર શરણદાસજી મહારાજની પાવનકારી કથાનો પ્રભાવ રાધનપુર પંથકના નાની પીંપળીના ચિત્રકુટ ધામમાં વર્તાઈ રહ્યો છે. બાપા સીતારામ આશ્રમમાં શ્રી રતનદાસ બાપીના આશ્રમમાં શ્રી વિષ્ણુંદાસજી મહારાજ અને સેવા વૃંદના ભગીરથ પ્રયાસથી તા.૨૦/૨/૧૮ થી ૨૮/૨/૧૮ શ્રી રામ પરાયણ યજ્ઞનું ખુબ સફળ આયોજન કરાયુ છે જેનો લાભ હજારો શ્રોતાઓ ખુબ ઉલટ અને આસ્થાથી લઈ રહયા છે. કથાની અમૃતવાણી થી લોકો ભાવ વિભોર અને ધન્ય બન્યા છે. નજીકના ગામો સહિત દુર દુર ના લોકો જ્ઞાન યજ્ઞનો લાહવો લેવા પધારે છે.

કથા દરમ્યાન આવતા વિવિધ ઉત્સવોનું ભવ્ય આયોજન કરાઈ રહ્યું છે. ભાવિકો માટે ચા-નાસ્તો, મહાપ્રસાદ, ઉતારા ટ્રાફીક નિયમન અને શેનિટેશન નો સારો પ્રબંધ ગોઠવાયો છે. સંતવાણી, ગરબા, અને લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

પ્રખર કથાકાર અને ધર્માચાર્ય શ્રી લીલીત કિશોર શરણદાસજી મહારાજનું કથામૃત ભાવપ્રેરક અને ભક્તિ પ્રેરક છે. ગંગાસ્વરૂપ ગોદાવરી બા, નીતાબેન સાધુ, શ્રી નટવરદાસજી સાધુ, શ્રી ઘેવરદાસજી સાધુ, રમેશભાઈ ઠક્કર, કિશન દાજી સાધુ, શ્રી ધનુષ્યધારી સાધુસહિત પીંપળીના યુવાનો, ભકતો જ્ઞાનગંગામાં પ્રશસ્ય જહેમત ઉઠાવી રહ્યા છે.